णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

श्री ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણુ - ૧૧

श्रीसिद्धसेनदिवाकरसूरिकृताष्टादशीद्वात्रिंशिकोपरि नूतनवृत्तिः

# शिक्षोपनिषद्

मूलसंशोधनम् - वृत्तिनवसर्जनम् - गुर्जरानुवादः - सम्पादनम्

वैराग्यदेशनादक्ष-आचार्यदेवश्रीमद्विजय**हेमचन्द्र**सूरीश्वरशिष्य-

आचार्यदेवश्रीमद्विजय**कल्याणबोधि**सूरीश्वराः

*અનુશાસકને અનુશાસન*

*શિષ્યને શીખડી*

*આપતાં પૂર્વે*

*વિચારણીય*

*શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીનો અમર સંદેશ.*

प्रकाशक

श्री जिनशासन आराधना ट्रस्ट


- **પુસ્તકનું નામ** : શિક્ષોપનિષદ્.
- **મૂળ ગ્રંથ** : એકવીશ દ્વાત્રિંશિકા પૈકી અઢારમી દ્વાત્રિંશિકા.
- **મૂળ ગ્રંથકાર** : શ્રુતકેવલી મહાતાર્કિક મહાન સ્તુતિકાર પ.પૂ.આચાર્યદેવ **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજા.
- **નવનિર્મિત સંસ્કૃતવૃત્તિ** : શિક્ષોપનિષદ્.
- મૂળ ગ્રંથનું હસ્તાદર્શો દ્વારા **સંશોધન** + સંસ્કૃત વૃત્તિ **નવસર્જન** + ગુર્જર **અનુવાદ** + **સંપાદન** : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ
- સંપૂર્ણ **પ્રબંધ સંશોધન** + **માર્ગદર્શન** + **વિશિષ્ટ અર્થ ચિંતન** : પ.પૂ. તાર્કિકશિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **અભયશેખરસૂરીશ્વરજી** મહારાજા.
- **વિષય** : શિષ્ય અનુશાસન વિધિ.
- **વિશેષતા** : શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજાની અત્યંત ગંભીર કૃતિ. 'ગુરુ' થતા પૂર્વે અવશ્ય વાંચવા યોગ્ય ગ્રંથ. પ્રસ્તુત વિષયનો સ્વતંત્ર ગ્રંથ પ્રાયઃ આ એક જ છે.
- **પ્રકાશક** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ
- **પઠનપાઠનના અધિકારી** : ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા
- **પ્રતિ** : ૫૦૦
- **આવૃત્તિ** : પ્રથમ, **પ્રકાશન વર્ષ**-વિ.સં.૨૦૬૬, વી.સં.૨૫૩૬, ઈ.સ.૨૦૧૦
- **મૂલ્ય** : રૂ.૧૬૦/-


- © **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

  પ્રસ્તુત ગ્રંથના કોઈ પણ અંશનો ઉપયોગ કરતાં પૂર્વે લેખક અને પ્રકાશકની લેખિત મંજૂરી જરૂરી છે.

  આ ગ્રંથ જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશિત થયો હોવાથી ગૃહસ્થોએ તેની માલિકી કરવી હોય, તો તેનું મૂલ્ય જ્ઞાનખાતામાં અર્પણ કરવું.


- **મુદ્રક** : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૪૬૦૨૯૫

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......

❁ સુકૃત સહયોગી ❁

**પ.પૂ.માતૃહૃદયા સાધ્વીજી શ્રીહંસકીર્તિશ્રીજી મ.સા.**

**તથા**

**પ.પૂ.સાધ્વીજી શ્રીજસકીર્તિશ્રીજી મ.સા.ની**

**પ્રેરણાથી**

**સિદ્ધિ દર્શન આરાધના ભવન ની**

**શ્રાવિકાઓ**

*જ્ઞાનનિધિના સદ્વ્યયની*

*ભૂરિ ભૂરિ*

*અનુમોદના*

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......

• **પ્રાપ્તિ સ્થાન** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા**, દુ.નં.૬, બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ ઈ રોડ, **મુંબઈ**-૨. ફોન : ૨૨૮૧૮૩૯૦, ૨૨૬૨૪૪૭૭

**શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**, ૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે,
**પાટણ**-૩૮૪૨૬૫. (ઉ.ગુ.), મો. : ૯૯૦૯૪૬૮૫૭૨

**શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા**, સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
હીરા જૈન સોસાયટી, સાબરમતી, **અમદાવાદ**-૫. મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪.



# વિરહ મ પડજો એહવા ગુરુ તણો...

સંયમીઓની સંખ્યા જ્યારે કૂદકે ને ભૂસકે વધી રહી છે, ત્યારે ગુરુઓની જવાબદારી વધે છે. પ્રવ્રજ્યાપ્રદાન સરળ છે, પણ વિશુદ્ધ-પાલન કરાવવું અત્યંત કઠિન છે, સાથે સાથે અનિવાર્ય પણ છે.

મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે, જે ગણનાયક પ્રમાદી છે તેમને બધુ પ્રાયશ્ચિત્ત ભેગુ કરીને, ચારગણું કરીને આપવું. જે સ્વયં અપ્રમત્ત આરાધક હોવા છતાં ગચ્છને સારણા ન કરે એ પારાંચિત પ્રાયશ્ચિત્તને યોગ્ય છે. જે પોતાના દુષ્ટ શિષ્યનો ત્યાગ ન કરે તેને સંઘની બહાર કાઢવાનો દંડ છે.

પુષ્પમાલામાં કહ્યું છે કે જે ગચ્છની ઉપેક્ષા કરે છે એ દીર્ઘસંસારી છે. જે ગુરુ સારણા ન કરે એ જીભથી ચાટતા હોય, છતાં સારા નથી, પણ જે દાંડાથી ફટકારતા હોય, પણ સારણા કરે એ ગુરુ સારા છે. શિષ્યોને સારણા ન કરવી એ શરણાગતોના માથા કાપવા બરાબર છે. જ્યાં સારણાદિ નથી, એ ગચ્છ છોડી દેવો જોઈએ.

આ શાસ્ત્રવચનો પરથી ગુરુની ગંભીર જવાબદારીનો અંદાજ આવી શકે છે. જેઓ શિષ્યને પંપાળીને - થાબડીને - છાવરીને સ્વાર્થસિદ્ધિમાં માને છે, તેમને મહોપાધ્યાયજીનો સ્પષ્ટ ઉપદેશ છે કે શિષ્ય નહીં પણ શુદ્ધ આચારો સદ્ગતિમાં લઈ જાય છે.

ભગવતી સૂત્ર કહે છે કે જે ગચ્છનું સમ્યક્ અનુશાસન કરે છે એ ત્રણ ભવમાં અવશ્ય મોક્ષે જાય છે.

હા, વિધિપૂર્વક અનુશાસનાદિ કરવા છતાં પણ જો શિષ્ય પ્રમાદી રહે, તો ગુરુ શુદ્ધ છે. કારણ કે તેમણે તો આજ્ઞાપાલન કર્યું જ છે, એવો શ્રીહરિભદ્રાચાર્યનો અભિપ્રાય છે.

પણ આ વિધિના અજ્ઞાનથી ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. 'અમે તો કહીને છૂટી ગયા, હવે તમારે જે કરવું હોય એ કરો.' ઈત્યાદિ વૃત્તિ

વિધિપાલન નથી. જેમ સારણામાં પ્રમાદ એ દોષ છે. એમ અવિધિસારણા પણ દોષ છે. એ સારણાદિ વિષે વિશદ પ્રકાશ પાથરતો અલાયદો પ્રબંધ વર્તમાનમાં ઉપલબ્ધ હોય તો પ્રાયઃ આ એક જ દ્વાત્રિંશિકા છે.

આ અદ્ભુત કૃતિ પ્રકાશમાં આવે, તેનો સદુપયોગ થાય, શિષ્યના સમ્યક્ અનુશાસન દ્વારા સ્વ-પરનું કલ્યાણ થાય,એ ભાવનાથી તેના પર ટીકા અને અનુવાદનું સર્જન કર્યું છે.

શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીની પ્રૌઢ પ્રતિભા આ કૃતિમાં ડગલે ને પગલે ઝળહળે છે. એટલું જ નહીં, પણ ટીકાકારની અગ્નિપરીક્ષા લઈ લે છે. અનેક શ્લોકો અઘરા ઉખાણા જેવા છે. દુર્ગમ પંક્તિ અને મંદબુદ્ધિ આ બંનેના છેડા મેળવવાનું કદાચ આ સાહસ છે.


અહીં કરેલા અર્થોમાં આ દ્વાત્રિંશિકા સમાઈ નથી જતી. એ તો અત્યંત ગંભીર અને વિરાટ સ્વરૂપ ધરાવે છે. હજી પણ આ વિષયમાં ગંભીર ચિંતનને અવકાશ છે. એ અંગે બહુશ્રુતોને મારી વિનંતિ છે.

સંસ્કૃત ટીકાનો શબ્દદેહ પ્રાચીન શૈલીનો છે. થોડો પ્રયત્ન કરીને, છેવટે અનુવાદનો સહારો લઈને પણ તેનો અભ્યાસ કરવામાં આવશે તો એનો આનંદ અલગ જ હશે. એ અભ્યાસ દ્વારા આ શૈલીના અનેક ગ્રંથોના વાંચન સરળતાથી થઈ શકશે.


અનુવાદ દ્વારા ટીકાના પદાર્થો બેસાડી શકાય એ દૃષ્ટિ અને અનુવાદની રસાળ શૈલી આ બંનેનું ધ્યાન રાખવા જતાં ક્યાંક એક બાજુ ઢળી જવાયું હોય એ શક્ય છે. મૂળ કૃતિને આધારે ટીકાનું અને ટીકાના આધારે અનુવાદનું સર્જન થયું છે. પરિણામે ગુરુ-શિષ્ય - સંયમી માટે એકવચનનો પ્રયોગ થયો છે. અનાદરનો આશય નથી, છતાં ગુજરાતી અનુવાદમાં સન્માનવાચી બહુવચનનો પ્રયોગ ન કરવાનો રંજ તો રહે જ છે, એના માટે અને અન્ય પણ કોઈ ક્ષતિઓ થઈ હોય તેના માટે ક્ષમા માંગુ છું અને ક્ષતિનિર્દેશ કરવા માટે બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના કરું છું.

પ્રસ્તુત દ્વાત્રિંશિકાનું સંશોધન ત્રણ હસ્તપ્રતિઓ પરથી કરેલ છે.






(क - ભાંડારકર ઈન્સ્ટીટ્યુટ-પૂના, તાડપત્રી નં.૬૭)



(ख-શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) મુનિશ્રી ભક્તિવિજયસત્ક પ્રતિ નં.૧૦૨૧)



(ग - શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા) હસ્તાદર્શ નં.૧૩૦૧૩, પત્ર-૨૨)

આ કૃતિ પર ટીકા તો લખી. પણ એક બહુ મોટો પ્રશ્ન હતો કે આનું સંશોધન કોણ કરશે ? કારણ કે આના સંશોધન માટે જેઓ સક્ષમ હોય, તેઓ અત્યન્ત વ્યસ્ત હોય તે સહજ છે. એવી અત્યન્ત વ્યવસ્તતા વચ્ચે પણ, શાસનપ્રભાવના - શાસ્ત્રસર્જન - અધ્યાપન આદિ

અનેકાનેક કાર્યોની વચ્ચે પણ, પ્રભાવક પ્રવચનો - વાચનાઓ તથા શ્રીસંઘ અને શાસનની અનેક જવાબદારીઓની સાથે પણ જેમણે અત્યંત ઉદારતા દાખવીને પ્રસ્તુત પ્રબંધનું સંશોધન કાર્ય સુંદર રીતે કરી આપ્યું, તે માટે સુદીર્ઘ અનુપ્રેક્ષા આદિનો પરિશ્રમ લીધો, વિશિષ્ટ અર્થઘટનોનું પણ સૂચન કર્યું એવા તાર્કિકશિરોમણિ બહુશ્રુતપ્રવર શાસન પ્રભાવક આચાર્યદેવ **શ્રીમદ્વિજય અભયશેખરસૂરીશ્વરજી મહારાજા**નો ઉપકાર સદા માટે અવિસ્મરણીય બની રહેશે. તેમણે સૂચવેલા વિશિષ્ટ અર્થઘટનોને પરિશિષ્ટમાં દર્શાવ્યા છે. અધ્યેતાવર્ગ તેનું પરિશીલન અચૂક કરે.

પરમકૃપાળુ દેવાધિદેવ શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ તથા શ્રી શામળા મહાવીરસ્વામિના પાવન સાન્નિધ્યમાં અનંતોપકારી ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની કૃપાથી આ સર્જન સંપન્ન થયેલ છે. સંશોધનમાં ઉપયુક્ત હસ્તાદર્શોની સંરક્ષક સંસ્થાઓ તથા જેમના સૌજન્યથી એની નકલ પ્રાપ્ત થઈ એવા રાષ્ટ્રસંત પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય પદ્મસાગરસૂરીશ્વરજી તથા મુનિરાજશ્રી કૃપાબિંદુ વિજયજી મ.સા.ને ધન્યવાદ ઘટે છે. શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ - શ્રી વિમલભાઈનો સહયોગ પણ સ્મરણીય છે. આમ અનેક પરિબળોથી સંપન્ન થયેલ પ્રસ્તુત સર્જન શ્રીશ્રમણસંઘને સમર્પિત કરતાં ધન્યતા અનુભવું છું. જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

- પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો ચરણકિંકર
વિજય **કલ્યાણબોધિસૂરિ**



**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણુ**

# ज्ञानामृतं भोजनम्...

**પરિવેષક**
**પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આ. હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય**
**આ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.**

૧. સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્ - સાનુવાદ.
૨. ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્ - સાનુવાદ, સવાર્તિક.
૩. સમતાસાગર મહાકાવ્યમ્ - સાનુવાદ.
૪. પરમપ્રતિષ્ઠા કાવ્યમ્ - સાનુવાદ, કલાત્મક આલ્બમ સાથે.
૫. જીરાવલીયમ્ કાવ્યમ્ - સાનુવાદ.
૬. પ્રેમમંદિરમ્ - કલ્યાણમંદિરપાદપૂર્તિ સ્તોત્ર - સાનુવાદ, સવાર્તિક.
૭. છંદોલંકારનિરૂપણમ્ - કવિ બનવાનો શોર્ટકટ - પોકેટ ડાયરી.
૮. તત્ત્વોપનિષદ્
૯. વાદોપનિષદ્
૧૦. વેદોપનિષદ્
૧૧. શિક્ષોપનિષદ્
} શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી અને અષ્ટાદશી દ્વાત્રિંશિકા પર સંસ્કૃત ટીકા - સાનુવાદ.
૧૨. સ્તવોપનિષદ્ - શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞશ્રીહેમચન્દ્રાચાર્યકૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય - સાનુવાદ.
૧૩. સત્ત્વોપનિષદ્ - યોગસાર ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)
૧૪. દેવધર્મોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત દેવધર્મપરીક્ષા ગ્રંથની ગુર્જર ટીકા
૧૫. પરમોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજી આદિ કૃત પાંચ 'પરમ' કૃતિઓ પર ગુર્જરવૃત્તિ
૧૬. આર્ષોપનિષદ્-૧
૧૭. આર્ષોપનિષદ્-૨
} શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત ઋષિભાષિત (ઈસિભાસિયાઈ) આગમસૂત્ર પર સંસ્કૃત ટીકા.

१८. વૈરાગ્યોપનિષદ્ - શ્રીહરિહરોપાધ્યાયકૃત ભર્તૃહરિનિર્વેદ નાટક-ભાવાનુવાદ.

૧૯. સૂક્તોપનિષદ્ - પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ

૨૦. કર્મોપનિષદ્ - સિદ્ધાન્તમહોદધિ શ્રીપ્રેમસૂરીશ્વરજીકૃત કર્મસિદ્ધિ ગ્રંથ પર ભાવાનુવાદ.

૨૧. વિશેષોપનિષદ્ - શ્રી સમયસુંદરોપાધ્યાયજીકૃત વિશેષશતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૨૨. હિંસોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત હિંસાષ્ટક ગ્રંથ પર ગુર્જર ટીકા.

૨૩. અહિંસોપનિષદ્ - અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રીહરિભદ્રસૂરિ મહારાજા કૃત) નાનાચિત્તપ્રકરણ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ.

૨૪. ધર્મોપનિષદ્ - વેદ થી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય.

૨૫. શમોપનિષદ્ - નવનિર્મિત સપ્તક પ્રકરણ - સાનુવાદ.

૨૬. લોકોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧).

૨૭. આત્મોપનિષદ્ - શ્રી ઉદયનાચાર્યકૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧).

૨૮. સામ્યોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત સમાધિ-સામ્યદ્વાત્રિંશિકા સચિત્ર સાનુવાદ.

૨૯. સદ્બોધોપનિષદ્ - સદ્બોધચન્દ્રોદય પંચાશિકા પર સંસ્કૃત વાર્ત્તિક - સાનુવાદ

૩૦. સ્તોત્રોપનિષદ્ - શ્રીવજ્રસ્વામિકૃત શ્રીગૌતમસ્વામિસ્તોત્ર - સચિત્ર સાનુવાદ.



૩૧. દર્શનોપનિષદ્-૧ }
૩૨. દર્શનોપનિષદ્-૨ } શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૩૩. રામાયણના તેજ કિરણો - રામાયણી માટે પર્યાપ્ત આલંબન

૩૪. અસ્પર્શોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત અસ્પૃશદ્ગતિવાદ પર ગુર્જર વૃત્તિ

૩૫. હિતોપનિષદ્ - અધ્યાત્મકલ્પદ્રુમના યતિશિક્ષોપદેશાધિકાર તથા યતિશિક્ષાપંચાશિકા પર ગુર્જર વાર્ત્તિક + સાનુવાદ સાવચૂરિ યતિવિચાર

૩૬. જ્ઞાનોપનિષદ્ - અષ્ટાવક્ર ગીતા પર સંસ્કૃત વૃત્તિ.

૩૭. સંબોધોપનિષદ્ - સટીક શ્રીરત્નશેખરસૂરિકૃત સંબોધસપ્તતિ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ

૩૮. ઈષ્ટોપનિષદ્ - શ્રીપૂજ્યપાદસ્વામિકૃત ઈષ્ટોપદેશ ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ

૩૯. વિમોહોપનિષદ્ - શ્રીયશપાલમંત્રીકૃત મોહરાજપરાજય નાટક પર વિષમપદવ્યાખ્યા અને અનુવાદ

૪૦. શ્રામણ્યોપનિષદ્ - દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક)

૪૧. સફળતાનું સરનામું - સફળ જીવન જીવવા માટે સફળ કિમિયાઓ

૪૨. સૂત્રોપનિષદ્ - શ્રીસૂત્રકૃતાંગસૂત્ર-દ્વિતીયશ્રુતસ્કંધ પર સંસ્કૃત સંગ્રહણી. (શ્રીસૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ના પુનઃ સંપાદન સાથે.)

૪૩. પ્રવ્રજ્યોપનિષદ્ - અજ્ઞાતપૂર્વાચાર્યકૃત પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ પર ગુર્જર વૃત્તિ

૪૪. પ્રસન્નતાની પરબ - વક્તા-શ્રોતા બંનેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા.

૪૫. દેશનોપનિષદ્ - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીની વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૬. જીરાવલા જુહારીએ - ગીત ગુંજન.

૪૭. ઉપદેશોપનિષદ્ - ઉપદેશરત્નકોષ ગ્રંથ પર વિશદ વૃત્તિ.

૪૮. પ્રાર્થનોપનિષદ્ - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

## *I n P rocess.....*

❇ અંગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ અંગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ

❇ વર્ગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ વર્ગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ

❇ બોટિકોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ-બોટિક પ્રતિષેધ, બોટિક નિરાકરણ, દિગંબરમત ખંડન, બોટિકોચ્ચાટનના સમન્વય સાથે અનેક પ્રાચીન ગ્રંથોના આધારે દિગંબરમતની ગંભીર સમીક્ષા

❇ આગમોપનિષદ્ - આગમપ્રતિપક્ષનિરાકરણ (વિસંવાદ પ્રકરણ) પર વિશદ વિવરણ

❇ દુઃષમોપનિષદ્ - દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ.

❇ આચારોપનિષદ્ - શ્રીદેવસુંદરસૂરિકૃત સામાચારી પ્રકરણ પર વિશદ વૃત્તિ



### *શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ*

**(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા**
**હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)**
**(૨) મૂળીબેન અંબાલાલ શાહ**
**હ. રમાબેન પુંડરીકભાઈ શાહ પરિવાર - ખંભાત (મુંબઈ)**

### *શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ*

**(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા**
**હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)**

### ❁ *શ્રુતસમુદ્ધારક* ❁

૧. ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.)
૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ
૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા.)
૪. શ્રી શ્રીપાલનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગ.આ.રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ.મ.સા.)
૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્ય)
૬. નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)
૭. કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ)
૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ
૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ
(આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)
૧૦. શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ
(પ્રેરક : આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૧૧. શ્રી દેવકરણ મૂલજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ.મ.સા.)

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત (પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.તથા પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬. (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ (પ્રેરક : પ.પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્રસૂરિ મ.)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.)

૧૮. શ્રી કલ્યાણજી સોભાગચંદજી જૈન પેઢી, પીંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના સંયમની અનુમોદનાર્થે)

૧૯. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ (પ્રેરક : પૂ.મુનિ શ્રીકલ્યાણબોધિ વિ.મ.)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ (પ્રેરક : પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.)

૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ (પ્રેરક : પૂ.ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજીમ.)

૨૩. મહાવીર જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘ, પાલડી, શેઠ કેશવલાલ મૂલચંદ જૈન ઉપાશ્રય, અમદાવાદ. (પ્રેરક : પ.પૂ. આચાર્ય શ્રીરાજેન્દ્રસૂરિ મહારાજ સા.)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન) (પ્રેરક : પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)



૨૬. શ્રી વિશા ઓસવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત (પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.)

૨૭. શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ (પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સંવત ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે)

૨૯. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ. સા.)

૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ્રેરક : મુનિશ્રી સંયમબોધિ વિ.મ.)

૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ (પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.સા.ના પ્રેરણાથી)

૩૨. શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિજામપુરા, વડોદરા

૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના (પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)

૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા.)

૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત (પ્રેરક : પૂ.પં. અક્ષયબોધિ વિજયજી મ.સા.)

૩૬. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી અપરાજિત વિજયજી મ.સા.)

૩૭. શ્રી જવાહર નગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ, મુંબઈ (પ્રેરક : પૂ. આ. શ્રીરાજેન્દ્રસૂરિ મ.સા.)

૩૮. શ્રી કન્યાશાલા જૈન ઉપાશ્રય, ખંભાત (પ્રેરક : પૂ.પ્ર.શ્રી રંજનશ્રીજી મ. સા. અને પૂ. પ્ર.શ્રી ઈંદ્રશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ.પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.)

૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ (પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર શ્રીજયસુંદરવિજયજી ગણિવર્ય)

૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૯૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પ્રેરક : પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્ય)

૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી (પ્રેરક : પ.પૂ.આ. શ્રીગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રીપુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રીયશોરત્નવિજયજી ગણિવર્ય)
૪૨. શ્રી કોઈમ્બતૂર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતૂર
૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ (પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા. ની ગુરુમૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ-દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)
૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.)
૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદગુરુ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ
૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ. પૂ. જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.મ.)
૪૭. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈન- નગર, અમદાવાદ (પૂ.મુનિશ્રી સત્યસુંદર વિ.મ.ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)
૪૮. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રત્નબોધિ વિજયજી મ.સા.)
૪૯. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ
૫૦. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી સત્વભૂષણ વિજયજી)
૫૧. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ્રેરકઃગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.)
૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઈ
૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ,મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલવિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)
૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ (પ્રેરક : ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિ.)
૫૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલ વિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)
૫૬. સાધ્વીજી શ્રી સુર્યયશાશ્રીજી તથા સુશીલયશાશ્રીજીના પાર્લા(પૂર્વ) કૃષ્ણકુંજમાં થયેલ ચાતુર્માસની આવકમાંથી
૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક : પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવજિયજી મ.)



૫૮. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમા રોડ, વડોદરા (પ્રેરક : પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિવર્ય)
૫૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, કોલ્હાપુર (પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી પ્રેમસુંદર વિજયજી)
૬૦. શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક : પ.પૂ. પંન્યાસપ્રવર પુણ્યરત્નવિજયજી મહારાજા)
૬૧. શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક : પૂ.પં. શ્રી ભુવનસુંદર વિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણિવર્ય)
૬૨. શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે, પં. વિશ્વકલ્યાણ વિજયજી)
૬૩. ઓમકાર સૂરીશ્વરજી આરાધના ભુવન, સુરત (પ્રેરક : આ. ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય મુનિશ્રી જિનેશરત્નવિજયજી મ.)
૬૪. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૬૫. શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૬૬. શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ (પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.)
૬૭. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિવિ.મ.સા.)
૬૮. શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટીઝ, વિલેપાર્લે(પૂર્વ), મુંબઈ (પ્રેરક પ.પૂ.આ.શ્રીહેમચંદ્રસૂરિમ.સા.)
૬૯. શ્રી નેન્સી કોલોની જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, બોરીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિ વિ. મ.સા.)
૭૦. માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર (પ્રેરક : પ.પૂ.પં. શ્રીકલ્યાણબોધિ વિ.ના શિષ્ય મુનિ શ્રીભક્તિવર્ધન વિ. મ.તથા સા. જયશીલાશ્રીજીના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ)
૭૧. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : પ.પૂ.પં.શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૨. શ્રી ધર્મવર્ધક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, કાર્ટર રોડ નં.૧, બોરીવલી
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રીકલ્યાણોધિ વિજયજી ગણિવર્ય)

૭૩. શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી)
(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી જિનેશરત્ન વિજયજી મ.સા.)

૭૪. શ્રી કેશરીયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજસ્થાન
(પ્રેરક : પ.પૂ. મુ.શ્રી મેરુચંદ્ર વિ.મ. તથા પં. શ્રી હિરણ્યબોધિવિ.ગ.)

૭૫. શ્રી ધર્મશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ.સા.)

૭૬. શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા

૭૭. શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (પૂર્વ), મુંબઈની આરાધક બહનોં દ્વારા જ્ઞાનનિધિમાંથી

૭૮. શ્રી કે.પી. સંઘવી ચેરીટિબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯. શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરિટેબલ ટ્રસ્ટ, ચંદનબાલા, વાલકેશ્વર, મુંબઈ

૮૦. શાહ જેસીંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે
(હ : પ્રકાશચંદ્ર જે. શાહ, આફ્રિકાવાળા)
(પ્રેરક : પંન્યાસપ્રવર શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૮૧. શ્રી નવા ડીસા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, બનાસકાંઠા

૮૨. શ્રી પાલનપુર જૈન મિત્રમંડળ સંઘ, બનાસકાંઠા
(પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૮૩. શ્રી ઊંઝા જૈન મહાજન (પ્રેરક : પૂ.પંન્યાસપ્રવર અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ.મુનિરાજ શ્રી હેમદર્શનવિજય મ.)

૮૪. શ્રી સીમંધર જૈન દૈરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીના શિષ્યા પૂ.સા.શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)

૮૫. શ્રી બાપુનગર શ્વે.મૂ. જૈન સંઘ, અમદાવાદ.

૮૬. શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ

૮૭. શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ (પ્રેરક : સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા. શ્રી રત્નત્રયાશ્રીજી મ.)



૮૮. શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ
(પ્રરેક : આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)

૮૯. શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા.

૯૦. શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વીરમગામ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)

૯૧. શ્રી મહાવીર શ્વે.-મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ.

૯૨. શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક : આ.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)

૯૩. શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)

૯૪. શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ અને શ્રી ફૂલચન્દ્ર કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત

૯૫. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન)
(પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)

૯૬. પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ)
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)

૯૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ. જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૯૮. શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી ઘાટકોપર (વે),
(પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૯૯. શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી. (પ.પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી)

अथ

# शिक्षोपनिषद्

गौतमोच्चारमात्रेण, शिक्षोपनिषदं दिशन्[1] ।
त्रिलोकीगुरुताश्रीकः, श्रीवीरः स्तात् सुमङ्गलम् ।।
सारणाद्युद्यतत्वं यद्[2], गुरुकर्तव्यमीरितम् ।
तत्र श्रीसिद्धसेनस्य, वचनं विवृणोम्यहम् ।।

इह हि परमकारुणिकः श्रीसिद्धसेनदिवाकरसूरिर्गुरुशिष्यपरम्परानिबन्धनां प्रवचनाव्युच्छित्तिं वीक्षमाणस्तत्प्राणभूतमनुशासनविधिमुपदिशन्नाह - **देशे**त्यादि ।

**देशकालान्वया[3]चारवयःप्रकृतिमात्मनाम् ।**
**सत्त्वसंवे[4]दविज्ञानविशेषाच्चानुशासनम् ।।१।।**

'ગોયમા !' આટલા ઉચ્ચારમાત્રથી જેમણે શિક્ષોપનિષદ્ નો સંદેશ આપ્યો છે એવા ત્રિલોકગુરુપણાથી શોભતા શ્રીવીર પ્રભુ સમ્યક્ મંગલ થાઓ. આગમમાં ગુરુનું મહત્ત્વનું કર્તવ્ય કહ્યું છે - સારણાદિમાં ઉધતતા. એ વિષયમાં શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિના વચન પર હું વિવરણ કરું છું.

પરમકરુણાનિધિ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીએ જોયું કે, જિનશાસનની પરંપરાની અવિચ્છિન્નતા ગુરુ-શિષ્યની પરંપરાના કારણે જ છે અને એ પરંપરાનો પ્રાણ હોય તો એ છે અનુશાસનની વિધિ.

१. भगवता गोयमा - इत्युच्चारेणैव शिक्षोपनिषद् दिष्टा। तथा च श्रीजीवाभिगमवृत्तिः- 'गोयमा' अनेन लोकप्रथितमहागोत्रविशिष्टाभिधायकेनामन्त्रणध्वनिनाऽऽमन्त्रयन्निदं ज्ञापयति - प्रधानासाधारणगुणेनोत्साह्य विनेयस्य धर्मः कथनीयः, इत्थमेव सम्यक् प्रतिपत्तियोगादिति। २. जिनागम इति गम्यम्, उज्जुत्तो सारणाइसु - इत्युक्तेः। ३. ग - योचारः। ४. ग - वेग।



आत्मनां देशकालान्वयाचारवयःप्रकृतिं सत्त्ववैराग्यविज्ञानविशेषाच्चानुशासनमित्यन्वयः। **आत्मनां** प्रमादपदादप्रमादपदं विनेतुं योग्यानां विनेयानां देशादिकं देशादिहेतुकां प्रकृतिं वाऽऽश्रित्य, तेषामेव सत्त्वादिविशेषाद् विचारविषयीकृतात् तदनुरूपसारणादिकरणेनालम्बनभूतादनुशासनं कर्तव्यमिति तात्पर्यम्।

तत्र **देशः** पूर्वादिः, तत्तद्देशीयशिष्यो हि तत्तद्देशीयशीतोष्णतादिकं सुखेन सहेत, विपर्ययं चासहमानो दुर्ध्यानं यायादिति प्रथममेवास्य देशश्चिन्त्यः। देशविशेषादाहारसंहननस्वभावादिविशेषोऽपि भवति, यथा

માટે એ વિધિનો જ ઉપદેશ આપતા કહે છે –

**પ્રમાદસ્થાનથી અપ્રમાદસ્થાનમાં લઈ જવા યોગ્ય વિનેય-શિષ્યોના દેશ, કાળ, અન્વય, આચાર, વય, પ્રકૃતિ, સત્ત્વ, વૈરાગ્ય અને વિજ્ઞાનને ધ્યાનમાં રાખવા દ્વારા તેને અનુરૂપ સારણાદિ કરવા દ્વારા અનુશાસન કરવું જોઈએ. ।।૧।।**

અહીં પહેલા નંબરમાં દેશનો વિચાર કરવાનો કહ્યો છે. પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ વગેરે અલગ અલગ દેશોના શિષ્યો હોય. તે-તે દેશોના શિષ્યો તે-તે દેશની ઠંડી-ગરમી વગેરેને સુખેથી સહન કરી શકે. પણ જો તેને તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિમાં જવાની ફરજ પાડવામાં આવે, તો એ સહન ન કરી શકે અને કદાચ દુર્ધ્યાન પામે. જેમ કે મારવાડની વ્યક્તિ ઠંડી-ગરમી સહી લે પણ કદાચ ભેજવાળી હવા માફક ન આવે, અથવા મુંબઈની વ્યક્તિને જોધપુર, જયપુરની ગરમી અસહ્ય બની જાય. માટે આજ્ઞા કરતા પહેલા જ તેનો દેશ વિચારવો જોઈએ.

વળી દેશની વિશિષ્ટતાથી આહાર, સંહનન, સ્વભાવ વગેરેની પણ વિશિષ્ટતા થાય છે. જેમકે પૂર્વદેશમાં પ્રાયઃ ચોખાનો આહાર વપરાય છે. મારવાડમાં ઘઉંનો આહાર વધુ વપરાય છે. હજી વિચારીએ

पूर्वदेशेषु तंदूलाहारबहुलता, मरुषु तु गोधूमाहारप्रधानता। मरुषु दृढसंहननता, इतरेषु न तथा। मुम्बादिषु नैसर्गिकमौदार्यमितरेषु न तथा। एवं चाविचिन्त्य देशमनुशासनप्रवृत्तौ स्वपरसङ्क्लेश एव फलम्, न तु प्रतिपत्त्यादि, इति तद्विमर्श आवश्यक एवमन्यत्रापि योज्यम्।

तथा **काल**विमर्शोऽपि कार्यः, यदुत दुःषमाकालोऽयम्, तदनुभावादल्पसत्त्वा वक्रजडाश्च प्रायो विनेयाः, ततस्तदनुरूपमेवानुशासनं मया कर्तव्यम्, नापि तदप्रतिपत्त्यादौ कोपादिः कर्तव्य इति।

---

તો ઘઉંના આહારમાં પણ ગામડાની જાડી લટ્ઠ રોટલીથી ટેવાયેલ વ્યક્તિને સુરતી ફુમકામાં ભૂખ્યા જ રહેવું પડે. અને શહેરની વ્યક્તિ દાળ, ભાત, શાક, રોટલીથી ટેવાયેલ હોય એને મારવાડમાં માત્ર રોટલી ને ચટણી જેટલું શાક મળે તો કફોડી હાલત થઈ જાય. જે વિપરીત પરિસ્થિતિ માટે ઘડાઈ ગયા છે, તેમની વાત જુદી છે.

વળી મારવાડી બાંધો મજબૂત હોય, સહનશીલ હોય, બીજાના શરીર એટલા સમર્થ ન પણ હોય. મુંબઈગરામાં સ્વાભાવિક ઉદારતા સંભવે, બીજામાં તેવી ન પણ હોય. તે તે દેશની રીતભાત, ભાષાનો પણ પ્રભાવ પડતો હોય છે. જેમ કે કચ્છી વ્યક્તિ સાથે કામ પાર પાડવું હોય, તો સર્વોત્તમ ભાષામાધ્યમ કચ્છી જ હોઈ શકે. માટે જ આચાર્યના ગુણોમાં ભાવજ્ઞતા, વિવિધભાષાનું જ્ઞાન વગેરેનો ઉલ્લેખ કરાયો છે.

માટે દેશનો વિચાર કર્યા વિના આડેધડ અનુશાસનની પ્રવૃતિ કરવા જતા તેનું પરિણામ માત્ર સ્વપરસંક્લેશ જ આવે. પણ તેનો સ્વીકાર, પરિપાલન વગેરે ફળ ન મળે. માટે દેશનો વિચાર આવશ્યક છે. આ જ રીતે કાળ વગેરે બધાના વિષયમાં સમજવું જોઈએ.

બીજો વિચાર કરવાનો છે કાળનો કે - આ દુઃષમાકાળ છે. તેના પ્રભાવે શિષ્યો પ્રાયઃ અલ્પસત્ત્વ અને વક્ર-જડ હોય છે. માટે



यद्वा **कालः** शिशिरादिऋतुः, तद्विचारः कर्तव्यः। ग्रीष्मे हि तपो दुष्करं, निशास्वाध्यायश्चाल्पो भवति, इतरस्मिन् चेतरः,इति तच्चिन्तनमपि चारु।

यद्वा **काल** इति दिवसस्य तदातनः समयः, तत्समयोचिताभिधाने हि तत्प्रतिपत्तिसम्भवः, नान्यथेति।

यद्वा **देशकाल** इति समस्तशब्दोऽवसरार्थः। भिक्षाभ्रमणप्रत्यागतत्वेन सन्तप्तधातौ सुश्रान्ते मृद्वपि वचनं वज्रायत इत्यनवसरोऽसौ सारणादेरित्यादिरवसरेतरविवेकः कर्तव्यः।

---

મારે આ વાતો ધ્યાનમાં રાખીને તેને અનુરૂપ જ અનુશાસન કરવું જોઈએ. વળી એનો પણ શિષ્ય અસ્વીકાર કરે અથવા તો સામે થાય તો પણ મારે ગુસ્સો વગેરે ન કરતાં બરફની જેમ ઠંડા રહીને કૃપાવૃષ્ટિ કરવાપૂર્વક શિષ્યનું કલ્યાણ કરવાનું છે.

અથવા કાળ એટલે શિશિર વગેરે ઋતુ, તેનો વિચાર કરવો જોઈએ. જેમ કે ઉનાળામાં વિશિષ્ટ તપ કરવો મુશ્કેલ હોય છે. રાત્રિસ્વાધ્યાય પણ ઓછો થઈ શકે છે. એનાથી ઉલ્ટુ શિયાળામાં. તપ સરળ હોય છે અને રાત્રિસ્વાધ્યાય ઘણો થઈ શકે છે. માટે કાળને અનુરૂપ અનુશાસન કરવું સારું છે.

અથવા તો કાળ એટલે દિવસનો તે સમય. જે સમયે જે ઉચિત હોય એનું અનુશાસન કરો તો તેનો સ્વીકાર શક્ય બને, નહીં તો સ્વીકારની બદલે કદાચ સંઘર્ષ થઈ જાય.

અથવા તો ‘દેશકાળ’ આ આખો શબ્દ ‘અવસર’ અર્થમાં સમજવો. મહાત્મા ભરબપોરે ગોચરી માટે ફરીને પાછા આવ્યા હોય, માથું જ નહીં, શરીરની સાતે ધાતુઓ અત્યંત તપી ગઈ હોય, ખૂબ જ થાકી ગયા હોય એ વખતે કોમળ શબ્દની શિખામણ પણ કદાચ વજઘાત બની જાય. માટે એ સારણાદિનો અવસર જ નથી. એવી

तथाऽ**न्वयः** - जातिकुलादिश्चिन्त्यः। यद्यसौ राजकुलादेरागतः, तदा प्रायोऽसहिष्णुर्भवति, चोदनावचोऽप्युच्चैरुच्यमानं शल्यायत इत्य-भावितावस्थायां विशेषेण तद्विचारः कर्तव्यः प्रव्रज्याप्रतिक्रुष्टकुलं तु शिष्यस्यासम्भवितमिति नात्र तद्वार्ता, किन्तु राज-पुरोहित-श्रेष्ठिप्रभृति-कुलानुरूपमनुशासनं कर्तव्यमित्याशयः।

कुलनिश्चयोऽपि कथमित्यत्राह- **आचार** इति। आचारः कुल-माख्यातीत्युक्तेः[1]। यथा हरिवंशोत्पत्तिज्ञाते भर्तुराचाराद् भार्यायास्त-द्दुष्कुलतानिश्चयः। ततस्तद्विमर्शोऽपि न्याय्यः।

---

રીતે સારણાના અવસર -અનવસરનો વિવેક કરવો જોઈએ.

અન્વય એટલે જાતિ-કુળ. માતૃપક્ષને જાતિ કહેવાય અને પિતૃપક્ષને કુળ કહેવાય. તેનો વિચાર પણ કરવો જોઈએ. જો એ શિષ્ય રાજકુળ વગેરેમાંથી આવ્યો હોય તો એ પ્રાયઃ અસહિષ્ણુ હોય. એને જરા ઊંચા સ્વરે પ્રેરણા કરીએ તો ય જાણે વીજળી પડી હોય એવું લાગે, કાનમાં શૂળ ભોંકાયાનો અનુભવ થાય. માટે જ્યાં સુધી એવા શિષ્ય તન-મનથી બરાબર ઘડાઈ ન જાય, ત્યાં સુધી વિશેષથી આવી બાબતોનો વિચાર કરવો જોઈએ. જે કુળ દીક્ષા માટે નિષિદ્ધ છે, એવું કુળ તો શિષ્યનું સંભવિત જ નથી માટે અહીં તેની વાત નથી. પણ રાજા, પુરોહિત, શ્રેષ્ઠી વગેરે કુળને અનુરૂપ અનુશાસન કરવું જોઈએ, એવો આશય છે.

પ્ર. :- ક્યારેક એવો ‘કેસ’ પણ આવી જાય, જેના કુળ વગેરે નિશ્ચિત ન હોય, ત્યારે શું કરવું ?

ઉ. :- શિષ્યના આચાર પરથી તેના કુળનો નિશ્ચય થઈ શકે છે. જેમ કે હરિવંશની ઉત્પત્તિની કથામાં પતિ (અડધી રાતે) વરસાદમાં

---

१. आचारः कुलमाख्याति, देशमाख्याति भाषितम्। सम्भ्रमः स्नेहमाख्याति, वपुराख्याति भोजनम्।। इति सम्पूर्णवृत्तम्।



तथा **वयः** बालयुवाद्यवस्थाविशेषः, तद्विचारः कर्तव्यः। तदनुसारित्वात्प्रायो बलस्य, न हि गजानां लीलोत्पाट्यं सर्वात्मनाऽपि पिपीलिकाभिः कृष्यत इति युक्तैव तदपेक्षा।

तथा **प्रकृतिः**- सुखप्रज्ञापनीयतादिः, तदपेक्षया सामादिनियोगः कार्यः। यथा लोकेऽपि-अधीष्व पुत्रक ! प्रातर्दास्यामि तव मोदकान्।

---

કપડાં ન ભીંજાય એટલે નિર્વસ્ત્ર દશામાં ઘરે આવે છે. ભલે રસ્તે કોઈ જોતુ ન હોય, પણ આ આચાર પરથી પતિ નીચકુળનો છે એમ પત્ની સમજી જાય છે. માટે આચારનો વિચાર પણ ઉચિત છે.

તથા ઉંમરનો વિચાર કરવો જોઈએ, કે તે બાળ છે, યુવાન છે. આધેડ છે કે વૃદ્ધ છે. કારણ કે બળ પણ પ્રાયઃ ઉંમરને અનુસારે હોય છે. ઉપલક્ષણથી ગ્લાન છે, તપસ્વી છે.. ઈત્યાદિ વિચાર પણ કરવો જોઈએ. હાથીઓ જેને રમતમાત્રમાં ઉંચકી લે, તેને કીડીઓ બધી શક્તિ લગાડીને ટસનું મસ પણ ન કરી શકે. માટે ઉંમર વગેરેની અપેક્ષા પણ યોગ્ય છે.

તથા પ્રકૃતિ એટલે કે સ્વભાવ. કોઈને બેધડક કહી શકાય. સુખેથી સમજાવી શકાય. કોઈને બહુ સાચવીને બહુ પ્રેમથી કહેવું પડે.

પ્ર. :- અરે ! પણ એવું થોડી ચાલે ? એમાં શિષ્યત્વ ક્યાં રહ્યું ? ગુરુનો અધિકાર ક્યાં રહ્યો ?

ઉ. :- સ્વભાવ એ સ્વભાવ. આરાધના કરવી- કરાવવી હોય તો એની અપેક્ષાએ જ સમજાવટ કરવી પડે. અથવા તો સ્વભાવ એટલે જે વ્યક્તિ જે રીતે ‘લાઈન’ પર આવે તે રીતે અનુશાસન કરવું જોઈએ. જેમકે લોકમાં પણ કહેવાય છે – બેટા ! તું ભણ હં... (સામ), સવારે તને લાડવા આપીશ (દામ), નહીં ભણે તો તારા નાના ભાઈને આપી દઈશ (ભેદ), અને તારો કાન મરડી

तान् वाऽन्यस्मै प्रदास्यामि, कर्णावुत्पाटयामि ते – इति। यथायोगमप्रमादप्रतिपादनं हि गुरुकर्तव्यमिति किंसाध्योऽयमितिप्रकृतिविचारः श्रेयान्।

तथा **सत्त्वं** व्यसनाशनिसन्निपातेऽप्यविचलितप्रकृतिभावः, तदपि विचारयितव्यम्, अन्यथाऽप्रवृत्त्यादिदोषाः।

तथा **संवेगः**-मोक्षाभिलाषः, सोऽपि प्रेक्ष्यः। तदविच्छेदे तदुपायेच्छाऽविच्छेदः, ततश्च तत्प्रवृत्त्यविच्छेद [1]इति संवेगप्रकर्षे तूपदेशकस्य साक्षिमात्रता, यद्वा तत्राप्यनुशासनम्, यथोक्तं प्रवर्तकलक्षणे - असहुं च

નાખીશ (દંડ).

જે ઉપાયથી શિષ્યનો પ્રમાદ જાય એ ઉપાય જ ગુરુનું કર્તવ્ય છે માટે શિષ્ય શેનાથી પ્રમાદ છોડે એમ છે - એવો પ્રકૃતિનો વિચાર શ્રેયસ્કર છે.

તથા સત્ત્વ એટલે માથે આભ તૂટી પડે તો ય પેટનું પાણી ય ન હલે એવી અડગ વૃત્તિ, એનો પણ વિચાર કરવો જોઈએ, નહીં તો અપ્રવૃત્તિ વગેરે દોષો થાય.

તથા સંવેગ એટલે મોક્ષની અભિલાષા. તે પણ જોવી જોઈએ. મોક્ષની અભિલાષા અવિચ્છિન્ન હોય તો મોક્ષના ઉપાયની અભિલાષા પણ અવિચ્છિન્ન રહે છે. અને તેનાથી તે ઉપાયની પ્રવૃત્તિ પણ અવિચ્છિન્ન હોય છે. માટે સંવેગની પ્રકર્ષદશામાં તો ઉપદેશક સાક્ષીમાત્ર જ બની રહે. અથવા તો ત્યારે પણ અનુશાસન કરવું પડે. જેમકે પ્રવર્તકના લક્ષણમાં કહ્યું છે કે એ અસહુ-અસહનશીલ-અસમર્થ શક્તિ ઉપરાંત તપ, વૈયાવચ્ચાદિ કરતો હોય એને તેમાંથી પાછો વાળી યથાશક્તિની ભૂમિકાએ લઈ જાય. અથવા તો સમર્થ સંવેગી પણ જ્ઞાનના અભાવે અવિધિ વગેરે કરતાં હોય ત્યારે પણ અનુશાસન

१. सामाचारीप्रकरणम्।



नियट्टेइ - इति। इतरथा तु संवेगमात्रानुरूपं यथार्हमनुशासनं विधेयम्।

तथा **विज्ञानं** द्रष्टव्यम्, यदुताऽसावनाभोगेन प्रमादं सेवतेऽन्यथा वा। यद्वासौ गीतार्थ इतरो वेत्यादि विचिन्त्यानुरूपं कर्तव्यम्।

अथेयं देशादिविचारणा व्यर्था, शिष्यानुकूलानुशासनाय हि सेष्यते, तदपि सम्यक्प्रतिपत्तये, सा त्वन्यथाऽपि सिद्धा, निर्विचारं गुर्वाज्ञापालनस्यैव शिष्यकर्तव्यत्वात्, युक्तायुक्तपालनपरिहारद्वारेण कल्याणमेव विचारफलमभिमतम्, गुरुवचनं त्वयुक्तमपि कल्याणकरमिति युक्तैव

સંભવી શકે. અને જ્યારે એવો પ્રકૃષ્ટ સંવેગ ન હોય ત્યારે તો સંવેગના પ્રમાણાનુસાર ધીમે ધીમે ઉપર લાવવા પ્રયત્ન કરવો જોઈએ.

તથા વિજ્ઞાન = આભોગનો વિચાર કરવો કે એ અનાભોગથી - અજાણતા કે સહસા પ્રમાદ સેવે છે કે અન્યથા ? અથવા તો એ ગીતાર્થ છે કે અગીતાર્થ ઈત્યાદિ વિચારીને એને અનુરૂપ કરવું જોઈએ.

પ્ર. :- તમે તો તમારા જ ગાણા ગાઓ છો, જુઓ, આ દેશ વગેરેની બધી વિચારણાઓ નકામી છે. તમે અમને એટલો જવાબ આપો કે આ બધી માથાકૂટ શા માટે કરો છો ? શિષ્યને અનુકૂળ અનુશાસન કરવા માટે જ ને ? એ પણ તેનો બરાબર સ્વીકાર થાય એના માટે જ ને ? પણ સ્વીકાર તો એના વગર પણ થવાનો જ હતો. આમ શું બાઘાની જેમ જુઓ છો ? જરા સમજો, શિષ્યનું કર્તવ્ય શું છે ? કોઈ વિચાર કર્યા વિના ગુર્વાજ્ઞાનું પાલન કરવું. વિચાર કરીને કરવાનું પણ શું હતું ? ઉચિતનું પાલન અને અનુચિતનો ત્યાગ કરવા દ્વારા કલ્યાણ થઈ શકે એના માટે તો માણસ વિચાર કરીને ઉચિત-અનુચિતનો વિવેક કરે છે. જ્યારે ગુરુનું વચન તો અનુચિત હોય તો પણ શિષ્યનું કલ્યાણ જ થવાનું છે માટે ગુર્વાજ્ઞા અવિચારણીય છે - એ બરાબર જ છે.

तदविचार्यता। आह च- जुत्ताजुत्तवियारो गुरुआणाए न जुज्जए काउं। दइवाओ मंगुलं पुण जं हुज्जा तंपि कल्लाणं - इति।[1]

श्रद्धावतो हि विनेयस्य गुरूपदेशमात्रमेव प्रवृत्तिबीजम्। इतरस्य तु देशाद्यनुभावाधीनत्वेन गुरुवचनोपेक्षयितुर्विनेयत्वमेव दुर्घटम्, गुरुभावानुवर्तक इति तल्लक्षणायोगात्[2]। देशादिविचारपुरस्सरमनुशासने तु स्फुट एव विपर्यय इति।

अत्रोच्यते। निर्विचारं गुरूक्तिपालनं तद्भावानुवर्तनं चोत्कृष्ट-

---

ધર્માચાર્ય બહુમાન કુલકમાં કહ્યું છે કે - ગુર્વાજ્ઞામાં ઉચિત-અનુચિતનો વિચાર ન કરવો જોઈએ, જો ભવિતવ્યતાથી અનુચિત આજ્ઞા થઈ ગઈ હશે તો પણ તેના પાલનથી શિષ્યનું એકમાત્ર કલ્યાણ જ થશે.

શિષ્યને તો ગુરુવચન પર અપાર શ્રદ્ધા હોય. "મારા ગુરુદેવની આ આજ્ઞા છે" આટલું તેના માટે તેના પાલનમાં મચી પડવા માટે પૂરતું હોય. અને તમે જેના પર વ્યાખ્યાન ફરમાવી રહ્યા છો, એવા શિષ્ય તો આ બધા દેશ વગેરેના પ્રભાવ હેઠળ ગુરુવચનની ઉપેક્ષા કરે છે એ તો ખરા શિષ્ય જ નથી. કારણ કે શિષ્યનું લક્ષણ જ કહ્યું છે કે એ ગુરુના ભાવોને અનુસરતો હોય. અને આ લક્ષણ તો તેમનામાં છે જ નહીં. અરે, શિષ્યને કાંઈ કહેતા પહેલા ગુરુને દેશ, કાલ, અન્વય વગેરે આટલો બધો વિચાર કરવાનો હોય તો તો ગુરુએ શિષ્યના ભાવોને અનુસરવાનું થયું અને એ તો બિલ્કુલ શીર્ષાસન જ છે. બોલો, હવે તમારે આના બચાવમાં કાંઈ કહેવું છે ?

ઉ. :- તમારી વાતો સાવ ખોટી તો નથી જ. હવે એમાં જે સમજવાનું બાકી છે તે સમજો. વિચાર કર્યા વિના જ ગુરુવચનનું

---

१. धर्माचार्यबहुमानकुलकम् ।।३३।। २. गुरोर्निवेदितात्मा यो गुरुभावानुवर्तकः। मुक्त्यर्थं चेष्टते नित्यं स विनेयः प्रकीर्त्तितः।। इति पूर्णलक्षणम्।



शिष्यलक्षणं विज्ञेयम्[1]। न चोत्कर्षविरहे विनेयत्वव्याघात एव। लिङ्गं विनापि लिङ्गिनः सम्भवाच्च, धूमविकलाग्निवत्। अवश्यमेतदेवमभ्युपेयम्, अन्यथा- वक्कजडा य पच्छिमा- इत्यागमविरोधः[2]। आह च- अविणीयसिक्खगाण उ जयणाए जहोचियं कुज्जा इति[3]। न चाविनीते तल्लक्षणसम्भव इति शैक्षेणास्य सामानाधिकरण्यमेव दुर्घटमिति निपुणं

---

પાલન કરવું અને તેમના ભાવોને અનુસરવું- આ ઉત્કૃષ્ટ શિષ્યનું લક્ષણ છે.[1] એવી ઉત્કૃષ્ટતા ન હોય તો શિષ્યત્વ જ નથી એવું ન કહી શકાય.

પ્ર. :- લક્ષણમાં એવું કહ્યું જ નથી કે એ ઉત્કૃષ્ટ શિષ્યનું જ લક્ષણ છે. આ તો તમારું કલ્પનાશિલ્પ છે.

ઉ. :- ઠીક છે, બીજી રીતે સમજો. કદાચ એ શિષ્યમાત્રનું લક્ષણ હોય તો ય વાંધો નથી. લક્ષણ = ઓળખચિહ્ન = લિંગ. જેમ ધૂમાડો એ અગ્નિનું લિંગ છે, પણ ધૂમાડા વિનાનો પણ અગ્નિ તપાવેલા સળિયામાં હોઈ શકે છે એમ એ લક્ષણ વિનાના પણ શિષ્ય હોઈ શકે છે. (શ્રીકૃષ્ણ મહારાજા ક્ષાયિક સમ્યકત્વના સ્વામિ હતા. છતાં અંત સમયે તેમને વિશિષ્ટ ક્રોધ આવ્યો હતો. ત્યારે 'ઉપશમ' નામનું સમ્યક્ત્વનું લક્ષણ નથી જ ઘટતું આમ છતાં લક્ષ્યરૂપ સમ્યકત્વ હાજર જ છે. માટે લક્ષણ વિના લક્ષ્ય ન જ રહે એવો એકાંત ન રાખી શકાય.) જો આ વાત નહીં માનો તો "ચરમ તીર્થના સાધુઓ વક્ર-જડ હોય છે" એવા આગમવચનનો વિરોધ આવશે, કારણ કે તેઓ પણ શિષ્ય તરીકે સમ્મત છે, પણ પેલું લક્ષણ વક્રતાદિને કારણે બંધબેસતું નથી. અન્યત્ર પણ કહ્યું છે કે અવિનીતશિષ્યોને માટે જયણાથી યથોચિત કરવું. હવે અવિનીતમાં તો તે લક્ષણ રહેવાનું જ નથી માટે અવિનીત એવો શિષ્ય આવો

---

१. इदमपि दशापेक्षयोक्तम्, अन्यथा छेदसूत्रोक्तवृक्षारोहणज्ञातेनापरिणतादिशिष्यभेदा विज्ञेयाः। २. उत्तराध्ययनसूत्रम्।।२३-७।। ३. दशवैकालिकवृत्तावुद्धृतम्।

निभालनीयम्। एवं च प्रज्ञापनीयतातारतम्यभाजां तादृशानामनुग्रहाय देशादिविचारणया तदनुवर्तनं पूर्वोक्तन्यायेन युक्तमेव, इत्थमेव परिपूर्ण-योग्यतायोगाच्च, रत्नवत्। तदाहुराचार्याः - अणुवत्तणाए सेहा पायं पावंति, जोग्गयं परमं। रयणंपि गुणक्करिसं, उवेइ सोहम्मणगुणेणं[१]।। अणुवत्तगो अ एसो हवइ दढं जाणई जओ सत्ते। चित्ते चित्तसहावे अणुवत्ते तह उवायं च- इति[२]।

પ્રયોગ જ ખોટો ઠરવાની આપત્તિ આવે. જ્યારે શાસ્ત્રકારે એ પ્રયોગ તો કર્યો જ છે, માટે અમે કરેલ અર્થઘટન જ બરાબર છે. તમે સૂક્ષ્મદૃષ્ટિથી જોશો તો તમને પણ એ વાત સમજાઈ જશે.

આ રીતે ઓછી-વત્તી પ્રજ્ઞાપનીયતાવાળા તેવા શિષ્યોના અનુગ્રહ માટે પહેલાં બતાવ્યું તેમ દેશાદિ વિચારણાથી તેમને અનુસરીને અનુશાસન કરવું ઉચિત જ છે.[3] આ રીતે આગળ વધતા વધતા જ તેમનામાં પરિપૂર્ણ યોગ્યતા પ્રગટે એ સંભવિત છે, રત્નની જેમ. શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું પણ છે – “અનુવર્તન કરવાથી શિષ્યો પ્રાયઃ પરમ યોગ્યતાને પામે છે. રત્ન પણ રત્નશોધકના પ્રભાવે ગુણોત્કર્ષને પામે છે. ગુરુ બરાબર જાણે છે કે - જીવો અનેક પ્રકારના છે, અનેક પ્રકારના સ્વભાવવાળા છે, એમના સ્વભાવોનું અનુવર્તન કરવા જેવું છે - તથા આ રીતે તે થઈ શકે - આ બધુ સમજી ગુરુ અત્યંત અનુવર્તક થાય છે.”

પ્ર. :- પણ ગુરુવચન સ્વાભાવિક રીતે જ સુંદર-કલ્યાણકર છે તો પછી આ બધી વિચારણા શા માટે ? શેરડીના રસમાં તે કાંઈ સાકર નાખવાની હોય ?

१. रत्नशोधकप्रभावेणेत्यर्थः। २. पञ्चवस्तुकः ।।१६-१७।। ૩. જે અવિચારિત તહત્તિ કરે છે, તેવા પૂર્ણ સમર્પિત શિષ્યને અનુશાસન કરતા પહેલા પણ ગુરુએ તેના હિત માટે દેશાદિનો વિચાર કરવાનો જ છે, એ પણ પ્રસ્તુતમાં સમજી લેવું.



न च प्रकृतिसुन्दरं गुरुवचनमिति किमेतद्विचारणयेति वाच्यम्, स्वतः सुन्दरस्यापि पात्रासुन्दरतयाऽशुभनिदानत्वात्, आह च- पउंजियव्वं धीरेण हियं जं जस्स सव्वहा। आहारो वि हु मच्छस्स, न पसत्थो गलो भुवि – इति[१]।

देशादिनिरपेक्षमनुशिष्य शिष्यदोषोद्भावनं तु गुरुमान्द्यम्, प्राहुश्च - आचार्यस्यैव तज्जाड्यं यच्छिष्यो नावबुध्यते। गावो गोपालकेनेव कुतीर्थेनावतारिताः – इति[२]। तस्मादनुशासकस्य देशादिसापेक्षतोचिता। उपलक्षणमेतत्, तेनान्यान्यप्यनुशासकलक्षणान्यवगन्तव्यानि। तान्येव विशेषणद्वारेण ज्ञापयन्नाह–

ઉ. :- સ્વરૂપથી સુંદર વસ્તુ પણ જો ખરાબ પાત્રમાં જાય તો એ અશુભનું કારણ બની જાય છે. તાંબાના વાસણમાં દૂધની શું દશા થાય ? માટે જ શાસ્ત્રકારોએ કહ્યું છે - જે જેના માટે સર્વથા હિતકારક હોય તેનો જ ધીરપુરુષોએ પ્રયોગ કરવો જોઈએ. માછલીનો આહાર પણ જો ગલયન્ત્ર-માછલી પકડવાના “હુક” માં ભરાવેલો હોય તો એ તેના માટે પ્રશસ્ત નથી.

માટે જો ગુરુ દેશાદિની અપેક્ષા રાખ્યા વિના અનુશાસન કરે રાખે, ને પછી બૂમાબૂમ કરે કે - શિષ્યો કાંઈ માનતા જ નથી, સ્વચ્છંદી છે વગેરે... તો પછી એ ગુરુની જ ખામી છે. કહ્યું છે ને ? શિષ્ય સમજતો નથી એ ગુરુની જ જડતા છે. આ તો એના જેવું છે કે ગોવાળિયો ખોટા રસ્તેથી ગાયોને તળાવમાં પાણી પીવા ઉતારે, પછી તે ગાયો લસરી પડે, ડુબવા લાગે કે તોફાન મચાવે એ બધો એ ગોવાળિયાનો જ દોષ કહેવાય. માટે અનુશાસક દેશાદિને સાપેક્ષ રહે તે ઉચિત છે. આ તો ઉપલક્ષણ છે, તેના પરથી બીજા પણ અનુશાસકના લક્ષણો સમજવા જોઈએ. એ લક્ષણોને જ વિશેષણ

१. जीवाभिगमवृत्तावुद्धृतमिदम्। २. लोकतत्त्वनिर्णयः।।५।।

**बाह्याध्यात्मशुचिः सौम्यस्तेजस्वी करुणात्मकः।**
**स्वपरान्वर्थविद्वाग्मी जिताध्यात्मश्च शासिता।।२।।**

अन्वयो यथाश्रुतः। **बाह्यं** धर्मोपकरणम्, **अध्यात्मं** शरीरम्, तयोः **शुचिः** शौचवान् अनुशासको भवतीति सम्बन्धः। अन्यथा मलक्लिन्नवस्त्रगात्रादिजुगुप्सयाऽभिनवश्रोतुः प्रत्युत दोषसम्भव इति।

यद्वा मूत्राद्यशुचिविरहरूपा शुचिताऽत्र द्रष्टव्या, आह च - यद् द्रव्योपकरणभक्तपानदेहाधिकारकं शौचम्। तद् भवति भावशौचानुपरोधाद्यत्नतः कार्य-मिति[1]।

यद्वा बाह्याचारे चित्तवृत्तौ च **शुचिः**, विमुक्तमलकलङ्कतया

---

દ્વારા જણાવતા કહે છે –

**અનુશાસક બાહ્ય-અધ્યાત્મ બંને રીતે પવિત્ર હોય, સૌમ્ય, તેજસ્વી તથા કરુણાત્મક હોય, સ્વ-પરના અન્વર્થનો જ્ઞાતા, વિશિષ્ટ વચનલબ્ધિમાન્ તથા અધ્યાત્મવિજેતા હોય.।।૨।।**

બાહ્ય = ધર્મોપકરણ, અધ્યાત્મ = શરીર, તે બંનેમાં જે શૌચ ધરાવતા હોય તે અનુશાસક તરીકે યોગ્ય છે.અન્યથા તો સાવ મેલા ઘેલા વસ્ત્ર-શરીરાદિથી નવા શ્રોતાને જુગુપ્સા થવાથી ઉલ્ટુ નુકશાન થવાનો વારો આવે.

અથવા તો અહીં મૂત્ર વગેરેની અશુચિ ન હોવા રૂપ પવિત્રતા સમજવી. કહ્યું પણ છે - જે દ્રવ્ય-ઉપકરણ-આહાર-પાણી-શરીરને અનુલક્ષીને શૌચ છે તે ભાવશૌચના અનુપરોધથી યત્નપૂર્વક કરવા યોગ્ય છે.

અથવા તો બાહ્યાચાર અને ચિત્તવૃત્તિ-બંનેમાં મલિનતા-કલંકના અભાવે પવિત્ર એમ અર્થ કરવો. કારણ કે નિશ્ચય-વ્યવહાર બંને

---

१. प्रशमरतिः।।१७१।।



पवित्र इत्यर्थः, निश्चय-व्यवहारोभयस्याप्यनपलाप्यत्वात्, बालादिसर्वानुग्रहप्रवृत्तत्वाच्च, उक्तं च – बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम्। आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन – इति[1], ततश्च तच्छुचिरसौ सत्प्रतिपत्तिद्वारेणात्यन्तमुपकर्ता भवति। वचनादपि वृत्तादेरधिकानुभाववत्त्वादिति। स्वयमुपदिश्यमानाचाराकरणे तु वितथाऽऽशङ्कया श्रोतुर्मिथ्यात्ववृद्धिप्रसङ्ग इति भावनीयम्[2]।

एवंविधोऽपि चेत् चण्डस्तदाऽद्रष्टव्यो भवति, सूर्यवदित्याह **सौम्य** इति, दर्शनमात्रजनिताह्लाद इत्यर्थः।

---

અનપલાપ્ય છે. અને અનુશાસક તો બાલ વગેરે બધા જીવોના અનુગ્રહ માટે પ્રવૃત્ત થયો છે.

ષોડશક પ્રકરણમાં કહ્યું છે - “બાલ લિંગ-વેશ જુએ છે, મધ્યમબુદ્ધિ આચાર જુએ છે. પણ પંડિત તો સર્વયત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે.” માટે અનુશાસક એ ત્રણે બાબતોમાં પવિત્ર હોય તો એ સર્વ જીવોને સમ્યક્ પ્રતિપત્તિ કરાવવા દ્વારા અત્યંત ઉપકારક બને છે. વળી વચન કરતાં પણ આચારાદિનો પ્રભાવ વધુ હોય છે. પોતે જેનો ઉપદેશ આપે છે એ જ આચારને ન કરવામાં તો શ્રોતાને લાગે કે - આ વાતો ખોટી જ હશે, સાચી હોત તો પોતે જ આચરણ કેમ ન કરત ? અને આવી વિચારધારાથી તેના મિથ્યાત્વની વૃદ્ધિ થાય, એ સારી રીતે સમજવું જોઈએ.

જો આવો પણ અનુશાસક ગભરાવી દે એવા આકારવાળો હોય તો કોઈ તેના દર્શન પણ ન કરે, સૂર્યની જેમ. માટે બીજું લક્ષણ કહે છે - સૌમ્ય. જેમના દર્શન માત્રથી આનંદ થઈ જાય તેવો.

તેવો પણ જો પ્રતિભારહિત હોય તો પરાભવ પામે, રાખની

---

१. षोडशकः।।१-२।। २. दृश्यतां षोडशकः।।२-२।। वृत्तिः।

तादृशोऽपि यदि निःप्रतिभस्तदा पराभवास्पदम्, भस्मवत्, इत्याह **तेजस्वीति**, औद्धत्यादिदोषध्वान्तविध्वंसिप्रतिभादिप्रकाशसम्पन्न इत्यर्थः।

सोऽपि यदि निर्घृण उदासीनो वा, तदाऽहितमेवोपदिशेन्नोपदिशेद्वेत्याह **करुणात्मको** दयास्वरूपः कृपावतार इति यावत्। न च सौम्यतयैव निर्घृणतानवकाश इति वाच्यम्, यतस्तत्र बाह्याकारसौन्दर्याधिकारः, अत्र तु चित्तवृत्तेरधिकार इति। न चाध्यात्मशुचितया तदनवकाश इति वाच्यम्, शरीरपक्षेऽवकाशतादवस्थ्यात्। न च चित्तवृत्तिपक्षेऽनवकाशः, निर्घृणे तच्छुचितागन्धस्याप्यभावात्, ततश्चायुक्तमेवेदं विशेषणमिति वाच्यम्,

---

જેમ. લોકો અગ્નિને નમસ્કાર કરે ને રાખ પર પગ મૂકીને જતા રહે, માટે ત્રીજું વિશેષણ કહે છે - તેજસ્વી. જે ઉદ્ધતાઈ, અહંકાર વગેરે દોષોના અંધકારને દૂર કરનારા પ્રતિભા તથા આદેય-સુભગ-યશ નામકર્મ રૂપી પ્રકાશથી સંપન્ન હોય. તે પણ જો નિર્દય હોય કે ઉપેક્ષક હોય તો અહિતનો જ ઉપદેશ આપશે. અથવા તો ઉપદેશ જ નહીં આપે માટે ચોથું વિશેષણ કહે છે. કરુણાત્મક = દયાસ્વરૂપ. જાણે સાક્ષાત્ કૃપાનો અવતાર.

પ્ર. :- તમારી આવી ઠોકં ઠોક અમારી પાસે નહી ચાલે. જે અનુશાસક સૌમ્ય છે એ નિર્દય હોવાનો જ નથી. માટે આ વિશેષણ મુકવાની જરૂર જ ક્યાં હતી ?

ઉ. :- જુઓ, સૌમ્ય-વિશેષણમાં બાહ્યાકારની સુંદરતાનો "ટોપિક" હતો. અહીં તો ચિતવૃત્તિની વાત છે.

પ્ર. :- ઠીક છે, પણ એ ચિત્તવૃત્તિ તો અધ્યાત્મશુચિ વિશેષણમાં જ આવી ગઈ ને ?

ઉ. :- ના, અધ્યાત્મનો એક અર્થ કર્યો છે - શરીર. અને એ પક્ષે ચિત્તવૃત્તિનો અવકાશ ઊભો જ રહે છે.

પ્ર. :- અરે, પણ બીજો અર્થ ચિત્તવૃત્તિ પણ કર્યો છે ને ? એ



तदन्तर्भूतस्यापि प्राधान्यख्यापनाय पृथग्निर्देशस्य न्यायानपेतत्वात्, यथा-ब्राह्मणा आयाताः, कौण्डिन्योऽप्यायात इति। प्राधान्यं चास्य करुणा-मन्तरेणोपकाराप्रवृत्तेः, अनुशासनस्य चोत्कृष्टोपकाररूपत्वात्, आह च-नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित्। यादृशी दुःखविच्छेदाद्देहिनां धर्मदेशना।। इति[1]।

---

અર્થમાં તો દયા પણ આવી જશે, કારણ કે જે નિર્દય હોય તેમાં ચિત્તવૃત્તિની પવિત્રતા શક્ય જ નથી. માટે આ વિશેષણ નકામું જ છે.

ઉ. :- ના, ભલે "કરુણાત્મક" - વિશેષણનો તેમાં સમાવેશ થઈ ગયો હોય, તો પણ તેની પ્રધાનતા બતાવવા અલગ ઉલ્લેખ કરવો ઉચિત જ છે. જેમ કે બ્રાહ્મણો આવ્યા, કૌંડિન્ય પણ આવ્યો. અહીં હકીકતમાં કૌંડિન્ય પણ બ્રાહ્મણ જ હોવાથી અલગ ઉલ્લેખની જરૂર ન હતી. છતાં પણ એનું પ્રાધાન્ય બતાવવા અલગ ઉલ્લેખ કર્યો છે.

આપણે પણ બોલતાં હોઈએ છીએ ને - માણસો આવી ગયા, પ્રમુખ સાહેબ પણ આવી ગયાં. તો શું પ્રમુખ સાહેબ માણસ નથી ? છે જ. પણ તેમનું મહત્ત્વ બતાવવા અલગ નિર્દેશ કર્યો છે.

પ્ર. :- તમે તો એક વાર ભાષણ ચાલુ કરો એટલે વચ્ચે પૂછવાનો અવસર પણ નથી આપતા. 'પ્રધાનતા' કેવી રીતે છે એ તો કહો.

ઉ. :- 'કરુણાત્મક' - વિશેષણનું પ્રાધાન્ય એટલા માટે છે કે કરુણા વિના ઉપકાર-પ્રવૃત્તિ થતી જ નથી. અને અનુશાસન એ ઉત્કૃષ્ટ ઉપકાર છે. ધર્મબિંદુમાં કહ્યું છે - દુઃખોનો વિચ્છેદ કરવા દ્વારા ધર્મદેશના એ જીવો પર એવો ઉપકાર છે કે એના જેવો ઉપકાર આ વિશ્વમાં ક્યાંય નથી.

આમ છતાં પ્રયોજન વિના તો મંદબુદ્ધિ પણ પ્રવૃત્તિ કરતો

---

१. धर्मबिन्दुः।।१२।।

तथापि प्रयोजनमनुद्दिश्य मन्दस्याप्यप्रवृत्तिरित्याह **स्वपरान्वर्थवित्** - आत्मनः प्रतिपाद्यस्य चानुरूपमर्थं प्रयोजनं वेत्तीत्यर्थः। तत्र स्वमनन्तरं प्रयोजनं तत्त्वाङ्गीकारणजनितनिर्जरा, परस्य तत्त्वप्रतिपत्तिरप्रमादश्च। परम्परं तूभयस्याप्यपवर्गावाप्तिरिति।

स्वप्रयोजनवेत्ताऽसौ निर्जरासन्तुष्टः कथञ्चिदप्रतिपत्त्यादावपि न सङ्क्लिश्यते। तथा चार्षम्- न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात्। ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति।। इति[1]।

परप्रयोजनज्ञाने त्वयं विशेषः - न हि सर्वेषामुत्कृष्टालम्बनेनैव

---

નથી, માટે પાંચમું વિશેષણ કહે છે - સ્વપરાન્વર્થજ્ઞાતા - જે પોતાનું અને શ્રોતાનું અનુરૂપ પ્રયોજન જાણે.

અહીં પોતાનું અનંતર પ્રયોજન – તત્વનો સ્વીકાર કરાવવા દ્વારા થયેલી નિર્જરા અને બીજાનું – તત્વસ્વીકાર અને અપ્રમાદ. પરંપર-પ્રયોજન તો બંનેનું મોક્ષપ્રાપ્તિ છે.

પોતાનું પ્રયોજન બરાબર સમજે એટલે ક્યારેક ભવિતવ્યતાદિથી શ્રોતા સ્વીકાર ન કરે, સામો થાય, તો ય અનુશાસકને સંક્લેશ ન થાય કારણ કે એ બરાબર સમજે છે કે મને તો નિર્જરા થઈ જ છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે ને - હિતશ્રવણથી સર્વ શ્રોતાનો ધર્મ થાય જ એવો એકાંત નથી. પણ જે અનુગ્રહમતિથી કહે છે એ વક્તાનો તો એકાંત ધર્મ થાય છે.

પરપ્રયોજનના જ્ઞાનમાં આ વિશેષ છે - બધાં કાંઈ ઉત્કૃષ્ટ આલંબનથી જ શુભપ્રવૃત્તિ કરે એવું નથી હોતું. આમ સમજીને અનુશાસક શોધી કાઢે કે એવું કયું કારણ છે કે જે એને અપ્રમાદપ્રાપ્તિ કરાવી આપવા, તેની પ્રવૃત્તિ કરાવવા સમર્થ છે. અને પછી તે પ્રયોજનના માધ્યમે પણ તેને અપ્રમાદમાં જોડે.

---

१. तत्त्वार्थभाष्यसम्बन्धकारिका।।२९।।



शुभप्रवृत्तिर्भवतीति जानानः शास्ता किंहेतोरसावप्रमादमाप्नुयादिति तत्प्रवृत्तिहेतुतां यातुं प्रत्यलं प्रयोजनं वेत्ति, ततश्च तत्प्रतिपादनेना-ऽप्यप्रमादे योजयति। गीतार्था ह्येकान्तानभिनिविष्टाः परिणामसुन्दरं दीर्घदृष्ट्या पर्यालोच्य येन केनापि प्रकारेण धर्मनियोगं कुर्वन्तीति। अत एव द्रव्यसम्यक्त्वमारोप्य मिथ्यादृक्प्रव्राजनमपि तेषां सङ्गति-मङ्गति[1], अन्यथाऽतिप्रसङ्गादिति भावनीयम्।

यद्वा **स्वपरान्वर्थवि**दिति स्वपरसिद्धान्तव्युत्पत्तिमान्, तदितरस्य प्रवचनविडम्बकतासम्भवात्, अत एवाहुराचार्याः - सव्वत्थ णिच्छियमइ - इति[2]।

तथा **वाग्मी** मितत्वादिविशिष्टवचनसम्पन्नः, उक्तं च- मितं च सारं च वचो हि वाग्मितेति। मितमपि द्विधा- स्वरतः प्रमाणतश्च।

---

ગીતાર્થોને એકાન્ત-અભિનિવેશ ન હોય. તેઓ તો જેનું પરિણામ સુંદર આવે તેનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને કોઈ પણ પ્રકારે ધર્મનિયોગ કરે છે. આ જ કારણથી તેઓ મિથ્યાદૃષ્ટિને પણ દ્રવ્યસમ્યક્ત્વનું આરોપણ કરીને દીક્ષા આપે છે, એ પણ સંગત ઠરે છે. અન્યથા તો એ પ્રવૃત્તિ પણ મૃષાવાદાદિ દોષોનું સ્થાન બની જાય.

અથવા તો સ્વપરાન્વર્થવેત્તાનો બીજો અર્થ એ થઈ શકે કે એ સ્વ-પરસિદ્ધાન્તમાં વ્યુત્પત્તિ ધરાવતા હોય- તેના રહસ્યોના પારગામી હોય. જો આ ગુણ ન હોય તો શક્ય છે કે ક્યારેક એ અનુશાસક પ્રવચનહીલનામાં નિમિત્ત બની જાય. માટે જ વિંશતિ વિંશિકામાં કહ્યું છે કે એ સર્વત્ર નિશ્ચય ધરાવતી મતિના સ્વામી હોય.

છટ્ઠું વિશેષણ છે વાગ્મી = મિતપણુ વગેરેથી વિશિષ્ટ વચનથી સંપન્ન. મિત અને સાર વચન એ જ વાગ્મિતા છે. મિત પણ બે

---

१. दृश्यतामध्यात्मसारः।।२-१७।। २. विंशतिविंशिका।।७-२।।

यथाऽल्पसङ्ख्येषु श्रोतृषु मुक्तकण्ठं गर्जनुपहास्यतां यातीति स्वरोऽपि सभानुरूप आवश्यकः, एवमन्यत्रापि स्वयमूह्यम्।

उपलक्षणं चैतत् संस्कारवत्त्वादिवचनसम्पदामिति ता अपि यथासम्भवं द्रष्टव्याः।

तथा **जिताध्यात्मः** स्वभ्यस्तज्ञानादिः, यद्वाऽध्यात्मम् - मनः तद्वशीकर्तृत्वेन तद्विजेतेत्यर्थः। यद्वाऽऽत्मानमधिकृत्य जायते तदध्यात्मम् - क्रोधादिकम्, तद्विजेता, तादृशस्य विद्वदधिकानुभाववत्त्वात्, अत एवाह ग्रन्थकृत् - यत्नः श्रुताच्छतगुणः शम एव कार्यः - इति।

---

પ્રકારે છે - સ્વરથી અને પ્રમાણથી. જેમ કે ૨૫-૫૦ શ્રોતાની સભામાં હજારો શ્રોતા હોય તેમ ગળા ફાડીને ગર્જના કરે તો એ હાંસીપાત્ર બને છે. માટે સ્વર પણ સભાનુરૂપ હોય એ જરૂરી છે. પ્રમાણ પણ જરૂરથી વધારે-ઓછું ન હોવું જોઈએ. જે વાત ટૂંકમાં પતી શકે છે એનું અતિ લંબાણ એ વાગ્મિતાનું વિરોધી છે. આ મુદ્દા સંસ્કારવત્ત્વ વગેરે વચનસંપત્તિનું ઉપલક્ષણ છે. ભગવાનના ૩૫ વાણીના ગુણો પણ યથાસંભવ હોવા જોઈએ. જેમકે સ્વપ્રશંસા-પરનિંદા ન હોય, કોઈનું મર્મવેધી વચન ન હોય.. વગેરે.

તથા અધ્યાત્મવિજેતા- આ છેલ્લું વિશેષણ છે. એનો અર્થ છે જેમણે જ્ઞાનાદિનો અત્યંત અભ્યાસ કરીને સ્વભાવગત બનાવી દીધા હોય. અથવા તો અધ્યાત્મ = મન, તેને વશ કરવા દ્વારા તેના વિજેતા એવો બીજો અર્થ થઈ શકે. અથવા તો ત્રીજો અર્થ - આત્માને અધિકૃત કરીને થાય તે અધ્યાત્મ - ક્રોધ વગેરે. તેના વિજેતા. આવી વ્યક્તિનો પ્રભાવ વિદ્વાન કરતા પણ વધું હોય છે. માટે જ મૂલકારે પણ સાતમી બત્રીસીમાં એક પ્રેરણા કરી છે - શ્રુત કરતા પણ સોગણો યત્ન પ્રશમમાં જ કરવો જોઈએ. 'ચ' સમુચ્ચય



**चः** समुच्चये, एवंविधः **शासिता**ऽनुशासनकर्ता भवतीति वृत्तार्थः ।।२।।

ननु यथोक्तविशेषणविशिष्टे शासके देशादिसापेक्षमप्यनुशास्तरि[1] चेदप्रतिपत्त्यादिदोषास्तदा सर्वमपीदं तुषकण्डनायत इति चेत् ? अत्राह-

**तुल्यप्रकोपोपशमा रागाद्या मारुतादिव[2]।**
**विषयेन्द्रियसामान्यात् सर्वार्थमिति शासनम्।।३।।**

मारुतादिव विषयेन्द्रियसामान्यात् तुल्यप्रकोपोपशमा रागाद्या इति सर्वार्थं शासनम् - इत्यन्वयः।

**मारुतादिव** - पवनादिव, **विषयः**- स्त्र्यादिः, **इन्द्रियं** चक्षुरादि, तयोः समानभावः **सामान्यम्**, तस्मात्, **तुल्यः** - सदृशः **प्रकोपः** -

---

અર્થમાં છે. અથવા તો યોગબિંદુ[3] વગેરે ગ્રંથોના અનુસારે તત્ત્વચિંતન વગેરે પણ - અધ્યાત્મનો અર્થ કરી શકાય. આવા ગુણોનો સ્વામી અનુશાસક હોય છે એવો વૃત્તાર્થ છે. ।।૨।।

પ્ર. :- શાબાશ, તમે તો અનુશાસકનું અદ્ભુત વર્ણન કર્યું. પણ આ બધા વિશેષણોથી સંપન્ન અનુશાસક દેશ, કાળ વગેરેની અનુસારે તમારા બધા સૂચનોને ધ્યાનમાં રાખીને અનુશાસન કરે તો ય જો અસ્વીકાર વગેરે દોષો થતા હોય, ઉલ્ટું સહન કરવું પડતું હોય, તો પછી આ બધી રામાયણ ફોતરા ખાંડવા જેવી ફોગટ થઈ જશે ને ?

ઉ. :- દિવાકરજી એનો જ ઉત્તર આપી રહ્યા છે, સાંભળો –

**જેમ પવનથી, એમ વિષયેન્દ્રિય સામાન્યથી તુલ્યપ્રકોપ-ઉપશમવાળા રાગાદિ હોય છે માટે શાસન સર્વાર્થ છે.।।૩।।**

જેમ પવનથી જ અગ્નિ દેદીપ્યમાન થાય છે અને પવનથી જ

---

१. सति सप्तमी। २. ग - दिच। ३. योगबिन्दुः।।३५८।।

प्राबल्यम्, **उपशमो**- मन्दता येषां ते **रागाद्या** अभिष्वङ्गप्रद्वेषादिचित्त-परिणामाः।

इदमुक्तं भवति - यथा पवनसकाशादेवाग्नेः प्रज्वलनलक्षणः प्रकोपो भवति, पवनादेव विध्यापनलक्षण उपशमोऽपि भवति, तथैव समानादेवाङ्गनादिविषयात्तद्ग्राहकचक्षुरादीन्द्रियाच्च रागादिप्राबल्यं तन्मन्दताऽपि भवति। आह च - बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी। तत्त्वदृष्टेस्तु सा साक्षाद् विण्मूत्रपिठरोदरी।।[१] अतत्त्वदर्शन-निबन्धनो हि रागः, तत्त्वदर्शिनस्तु स निवर्तत एव। उभयदर्शनविषयस्तु स एवाङ्गनादिः, इन्द्रियमपि तदेव चक्षुरिति। उक्तं च - भवनिर्वाणहेतूनां

બુઝાય છે. આમ અગ્નિનો પ્રકોપ તથા ઉપશમ પવનથી જ થાય છે, તે જ રીતે એક જ વિષય અને એક જ ઈન્દ્રિયથી રાગાદિની પ્રબળતા અને મંદતા પણ થાય છે.

જેમ કે ચક્ષુથી સ્ત્રીને જોવામાં આવે એ તો એકની એક ક્રિયા છે - સમાન પ્રવૃત્તિ છે. પણ જે બાહ્યદૃષ્ટિથી જુએ છે તેને તેમાં સુધાના સારથી નિર્મિત સુંદરીના દર્શન થાય છે અને તત્ત્વદૃષ્ટિથી જુએ છે એને તો સાક્ષાત્ મલ-મૂત્રથી ભરેલા ભાજનના દર્શન થાય છે - કાગડા-કૂતરાના ભક્ષ્ય અને ખદબદતા કીડાઓ વાળી ગટરના દર્શન થાય છે.

બંને દૃષ્ટિમાં સ્ત્રીરૂપી વિષય અને ચક્ષુરૂપી ઈન્દ્રિય તો સમાન જ છે. = સામાન્ય છે. છતાં તેનાથી બાહ્યદૃષ્ટિ જીવને રાગાદિનો પ્રકોપ થાય છે અને તત્ત્વદૃષ્ટિ જીવને રાગાદિનો ઉપશમ થાય છે. રાગનું કારણ છે અતત્ત્વદર્શન, માટે તત્ત્વદૃષ્ટાને તો રાગની નિવૃત્તિ થાય જ છે.

આમ એક જ નિમિત્તથી રાગ-વિરાગ થાય છે - એવું જોઈ

१. ज्ञानसारः।।१९-४।।



वस्तुतो न विपर्ययः। अज्ञानादेव तद्भानं ज्ञानी तत्र न मुह्यति।। हेतुत्वं प्रतिपद्यन्ते नैवैते नियमस्पृशः। यावन्त आश्रवाः प्रोक्तास्तावन्तो हि परिश्रवा इति।[१]

भवतु, किमत्रानुशासनस्यायातमित्यत्राह- **इति** - तस्मात्, **सर्वे** - कृत्स्ना **अर्थाः**- कृत्या[२] यस्मात् तत् **सर्वार्थं शासनम्** - अनुशिष्टिर्भवतीति शेषः।

इदमत्र तात्पर्यम् - यथा वर्षाजलमेकमपि शुक्ति - पद्मपत्र - तप्तलोहादिपात्रविशेषात् परिणामविशेषं प्रतिपद्यते, तथैकमेवानुशासनं प्रतिपाद्यविशेषात् शुभाशुभादिसर्वपरिणामरूपाणां कार्याणां कारणं भवति।

શકાય છે. અધ્યાત્મસારમાં કહ્યું છે - મોક્ષ અને સંસારના હેતુઓમાં વાસ્તવમાં વિપર્યય નથી. અર્થાત્ સમાનતા છે. એક જ વસ્તુ મોક્ષનું પણ કારણ બની શકે છે અને સંસારનું પણ. આમ છતાં એ બંનેમાં વિપર્યાસ ભાસે છે, તેનું કારણ છે અજ્ઞાન. માટે જ્ઞાની તેમાં મુંઝાતો નથી. દુનિયાની દરેક વસ્તુ એકાંતે સંસારનું જ કારણ છે કે મોક્ષનું જ કારણ છે - એવું નથી. આચારાંગ સૂત્રમાં પણ આ જ કારણથી કહ્યું છે કે જેટલા આશ્રવ છે એટલા જ પરિશ્રવ છે.

પ્ર. :- તમે તો મન મૂકીને વરસી પડો છો. પણ આમાં અનુશાસનની વાત ક્યાં આવી એ તો કહો.

ઉ. :- બસ.. એ જ મુદ્દો આવે છે. આવી પરિસ્થિતિ છે માટે અનુશાસન પણ સ્વીકાર, અસ્વીકાર, સામનો વગેરે યથાસંભવ બધા કાર્યોનું કારણ બને છે. સર્વ અર્થો-કાર્યો તેનાથી સંભવે છે.

તાત્પર્ય એ છે કે જેમ વરસાદનું પાણી તો એકનું એક જ છે. પણ જો એ સ્વાતિનક્ષત્રમાં છીપમાં પડે તો મોતી બને છે. કમળપત્ર પર પડે તો મોતી જેવું બને છે, તપેલા લોઢા પર પડે તો વિનાશ

१. अध्यात्मसारः।।१८-१४५, १३८।। २. अर्थः कृत्यं प्रयोजनमिति हैम।।१५१४।।

अत एव देशनायाः कुधर्मादिनिमित्तताभिधानं सूरीणां[1] सङ्गच्छते, निह्नवोत्पत्तेरपि प्रवचनमूलकत्वात्। प्रमाणं चात्र तदेव पारमर्षम् - जे परिसवा ते आसवा इति। अयमेव वस्तुमात्रस्वभावो यदुभयहेतुः, ततः पूर्वोक्तविधिनाऽधिकारिभिरनुशासने यतितव्यम्, प्रतिपत्तिव्यभिचारेऽपि फलाव्यभिचारात्, तदाहुः - अबोधेऽपि फलं प्रोक्तं श्रोतृणां मुनिसत्तमैः। कथकस्य विधानेन नियमाच्छुद्धचेतसः - इति[2] ।।३।।

ननु भवत्वबोधेऽपि कथकफलम्, तथापि कारुणिकप्रवृत्तौ बोधस्यापि प्रयोजनभावात् पात्रेतरविवेक उच्यताम्, येनाऽस्यानुशासनयत्नो द्विधाऽपि

पामे છે, ગાયના મુખમાં જાય તો દૂધ બને છે. અને સાપના મુખમાં જાય તો ઝેર બને છે. આમ પાત્રને અનુરૂપ પરિણામ પામે છે.

તેમ અનુશાસન પણ શિષ્યને અનુસારે શુભ-અશુભ વગેરે સર્વપરિણામરૂપ કાર્યોનું કારણ બને છે. માટે જ - દેશના કુધર્મ વગેરેનું પણ નિમિત્ત છે - આવું શ્રીહરિભદ્રસૂરિજીનું વચન સંગત બને છે, કારણ કે નિહ્નવોની ઉત્પત્તિ પણ પ્રવચનથી જ થઈ છે.

અહીં પણ તે જ પરમર્ષિવચન પ્રમાણ છે - "જે પરિશ્રવો છે તે જ આશ્રવો છે." વસ્તુમાત્રનો આ જ સ્વભાવ છે કે એ બંનેનું કારણ બને છે. માટે પૂર્વોક્ત વિધિ મુજબ અધિકારીઓએ અનુશાસનમાં યત્ન કરવો જોઈએ. કારણ કે કદાચ સ્વીકાર ન થાય તો ય પોતાને તો ફળ મળવાનું જ છે. ધર્મબિંદુમાં કહ્યું છે ને - શ્રોતાઓને બોધ ન થાય તો ય વિધિસહિત શુદ્ધચિત્તથી ધર્મ કહેનારને અવશ્ય ફળ મળે છે, એમ શ્રેષ્ઠમુનિઓએ કહ્યું છે. ।।૩।।

પ્ર. :- ભલે બોધ ન થવા છતાં ધર્મકથીને ફળ મળતું હોય પણ જે કરુણાથી દેશનાની પ્રવૃત્તિ કરે છે તેને તો એવી પણ ભાવના હોય ને કે શ્રોતાને બોધ થાય. તો પછી એનો અનુશાસનનો પ્રયત્ન

१. श्रीहरिभद्रसूरिकृताष्टकप्रकरणम्।।२८-८।। २. धर्मबिन्दुः।।११।।



फलेग्रहिः स्यादिति चेत् ? अत्राह –

**हीनानां मोहभूयस्त्वाद्[1], बाहुल्याच्च[2] विरोधिनाम्।**
**विशिष्टानुप्रवृत्तेश्च, कल्याणाभिजनो मतः[3]।।४।।**

सुगमोऽन्वयः। **हीनानां** कृष्णपाक्षिकत्वेन प्रदीर्घभव - मालिन्यातिशयातत्त्वाभिनिवेशादिमूलकाधमताभाजां **मोहः** - मुक्तिद्वेषादिविकारकारणमज्ञानम्, स **भूयान्** येषां ते मोहभूयांसः, तद्भावो **मोह - भूयस्त्वम्** - तस्मात्, **चः** - तथा **विरोधिनां** कारुणिककथकेऽपि प्रतिलोमप्रकृतितया स्थाणू - कण्टक- स्थानीयानां **बाहुल्यात्** - प्रभूतभावात्, रत्नवणिजो हि स्तोका एव भवन्तीति। तादृशानामनुशासनं भुजङ्गानां

બંને રીતે સફળ થઈ જાય એવો પાત્ર-અપાત્રનો વિવેક કરી આપોને, જેથી એનું પરિણામ અમૃત જ આવે. ઝેર આવે જ નહીં.

ઉ. :- દિવાકરજી આ જ વિવેક દર્શાવી રહ્યા છે - **હીન જીવો મોહબહુલ છે, વિરોધીઓ ઘણા છે, માટે વિશિષ્ટ અનુપ્રવૃત્તિથી કલ્યાણથી સુંદર જન અભિમત છે. ।।૪।।**

જે જીવો કૃષ્ણપાક્ષિક હોવાના કારણે અતિદીર્ઘસંસાર, અતિશય મલિનાશયતા, અતત્ત્વાભિનિવેશ - કદાગ્રહને કારણે અધમ કક્ષાના છે = હીન છે, તેઓ મુક્તિદ્વેષાદિ વિકારના કારણભૂત અજ્ઞાન = મોહની બહુલતા ધરાવે છે.

તથા કરુણાથી હિતશિક્ષા આપે તેના પ્રત્યે પણ જેઓ પ્રતિકૂળ સ્વભાવ રાખતાં હોવાથી ઝાડના ઠૂંઠા-કાંટા જેવા છે - ઉલ્ટું નડે એવા છે એવા વિરોધીઓ પણ ઘણા હોય છે. હીરાના વેપારીઓ તો થોડા જ હોય ને.. તેમ આત્મકલ્યાણની દૃષ્ટિ, કૃતજ્ઞતા ધરાવતા શ્રોતાઓ પણ ઓછા હોય છે.

હીન અને વિરોધીઓને અનુશાસન કરવું એ તો સાપને દૂધ

१. क - मेह। २. क - ल्यात्वा वि। ३. ख - मनः।

पयःपानमिवानर्थायेत्यनर्थपरिहारप्रवणतया **विशिष्टा**, अर्थसाधकतयाऽ**नुरूपा** च **प्रवृत्ति**रुपदेशक्रिया, मनीषिणां ह्यनुशास्तृणामीदृश्येव प्रवृत्तिस्तस्मात् **कल्याणाभिजनः** - शुक्लपाक्षिकतादियोगान्मुक्त्यद्वेषजिज्ञासादिभावेनाऽऽगमिष्यत्कल्याणत्वेनाभिजातो भव्यजनो **मतः** - पात्रत्वेनाभीष्टः। उपलक्षणमेतत्, तेनान्यान्यपि पात्रप्रतिपादनपराणि वचांसि बोध्यानि, यथा - मध्यस्थो बुद्धिमान् अर्थी, जात्यादिगुणसङ्गतः। श्रुतकृच्च यथाशक्ति, श्रोता पात्रमिति स्मृतः - इति।

शुश्रूषा चात्र प्रधानं लक्षणम् - यथोक्तम्- शुश्रूषा चेहाद्यं लिङ्गं

---

પીવડાવવા જેવું છે. જેનું પરિણામ અનર્થ જ છે. માટે એવી પ્રવૃત્તિ કે જે અનર્થનો પરિહાર કરવામાં કુશળ હોવાથી વિશિષ્ટ હોય તથા અર્થસાધક હોવાથી અનુરૂપ હોય -બુદ્ધિમાન અનુશાસકોની એ જ ઉપદેશપ્રવૃત્તિ હોય છે. માટે જે જીવો શુક્લપાક્ષિક હોવાના કારણે અલ્પસંસારી, હળુકર્મી, અલ્પસંક્લેશવાળા હોય. તેથી જ તેમને મુક્તિઅદ્વેષ વગેરે ગુણોની પ્રાપ્તિ થઈ હોય, તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વપૃચ્છાની ઈચ્છા, તત્ત્વપ્રજ્ઞાપક યોગની ઈચ્છા, તેની પાસે ગમન, તત્ત્વપૃચ્છા, તત્ત્વપ્રતિપત્તિ વગેરેને કારણે જેઓ ભવિષ્યમાં કલ્યાણને પામનારા છે. માટે જ આધ્યાત્મિક દૃષ્ટિએ તેઓ સુંદર હોય, એવા ભવ્ય જીવો પાત્ર તરીકે સંમત છે.

આ તો ઉપલક્ષણ છે. માટે અન્ય પણ પાત્રપ્રતિપાદન કરતાં વચનો જાણી લેવા. જેમ કે - મધ્યસ્થ, બુદ્ધિમાન, અર્થી, (તત્ત્વની ગરજ ધરાવનાર) જાતિ વગેરે ગુણથી યુક્ત અને યથાશક્તિ સાંભળેલ વચનોનો આચરણ કરનાર એવો શ્રોતા પાત્ર છે.

પાત્રનું મુખ્ય લક્ષણ છે શુશ્રૂષા, જેમ કે કહ્યું છે - અહીં વિદ્વાનો શુશ્રૂષાને પ્રથમ લિંગ તરીકે વર્ણવે છે. તેના અભાવે પણ સંભળાવવું એ તો સિરા (ભૂગર્ભગત જલપ્રવાહ - જલભંડાર) વિનાની



खलु वर्णयन्ति विद्वांसः। तदभावेऽपि श्रावणमसिराऽवनिकूपखननसमम्।। इति[1] ।।४।।

ननु पात्रत्वेनाभिमता अपि सर्वेऽप्येकरूपा मिथो विशेषभाजो वेत्यत्राह –

**उत्पन्नोत्पाद्यसन्देहा, ग्रन्थार्थोभयशक्तयः।**
**भावनाप्रतिपत्तिभ्या-मनेकाः शैक्ष[2]भक्तयः ।।५।।**

अन्वयो यथाश्रुतः। **उत्पन्नाः** - ज्ञानावरणकर्मक्षयोपशमसामर्थ्येणाध्यापकप्रयासमन्तरेण स्वत एव प्रादुर्भूताः, **उत्पाद्याः** - अध्यापकोक्तयुक्तिशक्तेरुत्पादयितुं शक्याः, **सन्देहाः** - समानविषयकविरुद्धधर्मसम्भा-

---

ધરતીમાં કૂવો ખોદવા જેવી નિષ્ફળ પ્રવૃત્તિ છે. ।।૪।।

પ્ર. :- સરસ, પાત્ર-અપાત્રનો વિવેક તો થઈ ગયો. પણ જે પાત્ર જીવો તરીકે સંમત છે તે બધાં પણ સરખા જ હોય છે કે તેમનામાં પણ પરસ્પર તફાવત હોય છે ?

ઉ. :- એ જ કહી રહ્યા છે –

**ઉત્પન્ન તથા ઉત્પાદ્ય સંદેહવાળા, ગ્રંથ-અર્થ -ઉભયમાં શક્તિમાન, ભાવના અને પ્રતિપત્તિથી અનેક પ્રકારના શિષ્યો હોય છે. ।।૫।।**

જેમને અધ્યાપકના પ્રયત્ન વગર જ, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના સામર્થ્યથી પોતાની મેળે જ સંદેહ ઉત્પન્ન થયા છે તેવા શિષ્યો હોય છે.

તથા જેમને એવો ક્ષયોપશમ નથી પણ અધ્યાપક એમને અનેક યુક્તિઓથી સમજાવે, તેના પ્રભાવે સંદેહનું ઉત્પાદન કરાવાય તેવા પણ શિષ્યો હોય છે.

અહીં સંદેહ એટલે સમાનવિષયમાં વિરુદ્ધ ધર્મની સંભાવના

---

१. षोडशकप्रकरणम्।।११-१।। २. ग - शैक्ष्य०।

वनाविषयाश्चित्तपरिणामाः।

ननु ज्ञानावरणकर्मक्षयोपशमेन सन्देहविरहः, तदभावे च सन्देहो भवतीति प्रसिद्धम्, विपर्ययस्त्वत्र दृश्यत इति चेत् ? सत्यम्, नवरं सन्देहा अत्र तत्तद्विषयविमर्शनैपुण्योद्भूतास्तत्स्वरूपप्रतिपत्तिनिबन्धनभूताश्च द्रष्टव्याः, नातिमन्दस्य तादृशसन्देहोद्भवोऽपि, ज्ञानावरणक्षयोपशमहेतुकत्वात्तस्य। अवश्यमेतदित्थमङ्गीकर्तव्यम्, अन्यथा तदुत्पा-

---

વિષયક ચિત્તપરિણામ. જેમ કે નદી કિનારે ચાલતા માણસને કાંઈક ચળકતું દેખાય છે અને સંશય થાય છે કે આ શુક્તિ છે કે રજત (છીપલું છે કે ચાંદી) ? અહીં વસ્તુ = ધર્મી તો એક જ છે પણ તેમાં શુક્તિત્વ / રજત્વ = ધર્મ વિષેની સંભાવના છે. વળી એ ધર્મો પરસ્પર વિરુદ્ધ છે. બંને એક વસ્તુમાં સંભવિત નથી. તો એ સંભાવનાને સંશય કહેવાય.

પ્ર. :- અગડમ-બગડમ ચલાવે જ રાખો છો, પણ જરા સાંભળો તો ખરા, જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી સંદેહવિરહ થાય = સંદેહ ન થાય અને એ ક્ષયોપશમ ન હોય તો સંદેહ થાય એવું પ્રસિદ્ધ છે. તમારી વાતોમાં તો અવળી ગંગા દેખાય છે.

ઉ. :- સાચું કહો છો, પણ અહીં જે સંદેહોની વિચારણા છે એ તે તે વિષયના ચિંતનની નિપુણતાથી થયેલા છે. અને એ સંદેહો જ તે તે વિષયના સ્વરૂપના જ્ઞાનમાં પરંપરાએ કારણ બને છે તેમ સમજવું. ભણાવનારા પંડિતો ય કહેતા હોય છે કે –

"બધું સમજાઈ ગયું, એને કાંઈ સમજાયું નથી. જેટલા સંશય-પ્રશ્નો છે એટલું જ સમજ્યો છે." જેનો ક્ષયોપશમ બહુ ઓછો છે એને તો એવો સંદેહ પણ થતો નથી.

પ્ર. :- આનું નામ ચોરી પર શિરજોરી. એક ગપ્પુ માર્યું એટલે બીજા ગપ્પા હાંકવા જ પડે. સંદેહના સ્વરૂપને તો તમે સારું એવું



दनाभिधानानुपपत्तेरिति।

न चैवमप्रमाणतया संशयस्याज्ञानरूपत्वेन ज्ञानावरणीयक्षयोपशमकार्यत्वानुपपत्तिरिति वाच्यम्, तत्त्वप्रतिपत्त्यभिमुखस्य तस्येहाकुक्षिप्रविष्टत्वेन ज्ञानप्रकारत्वात्, अधिकं महाभाष्ये।

ननूत्पन्न उत्पाद्यो वा द्विधाऽपि सन्देहः क्षयोपशमहेतुकः, अन्यथाऽजीवेऽपि तत्प्रसङ्गादिति चेत् ? सत्यम्, किन्त्वाद्ये क्षयोपशमस्य प्राधान्यविवक्षा, अपरे त्वितराभियोगस्येति न दोषः। न चेश्वरचेष्टितमिति

---

મચડી નાખ્યું. પણ દિવાકરજી ક્યાં આવું કાંઈ કહે છે ? આ તો તમારું કપોલકલ્પિત છે.

ઉ. :- ના, આ વસ્તુસ્થિતિ છે, જેને સ્વીકારવી જ પડશે. અન્યથા સંદેહનું ઉત્પાદન કરવા તરફ દિવાકરજીએ "ઉત્પાદ્ય" પદ દ્વારા સંકેત કર્યો છે તેની સંગતિ નહીં થાય.

પ્ર. :- અરે, પણ એની સંગતિ કરવા જતાં બીજી અસંગતિ થાય છે તેનું શું ? સંશય તો અપ્રમાણ હોવાથી અજ્ઞાનસ્વરૂપ છે. તો પછી - જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અજ્ઞાન થાય - આ વચન અસંગત નથી ?

ઉ. :- ના, કારણ કે તત્ત્વની પ્રતિપત્તિની તરફ ગતિ કરતો એ સંદેહ હકીકતમાં 'ઈહા' માં અંતર્ભૂત થતો હોવાથી જ્ઞાનનો જ પ્રકાર છે. અજ્ઞાન નથી. આ વિષયમાં વધુ સ્પષ્ટતા માટે વિશેષાવશ્યકભાષ્ય જોઈ શકાય.

પ્ર. :- ઠીક છે, પણ સંદેહ ઉત્પન્ન હોય કે ઉત્પાદ્ય, બંનેનું કારણ ક્ષયોપશમ જ હોઈ શકે. જો આમ ન માનો તો નિર્જીવ વસ્તુને પણ સંદેહની અનુભૂતિ થવાનો પ્રસંગ આવશે.

ઉ. :- સાચી વાત છે, પણ અહીં પ્રથમમાં ક્ષયોપશમની પ્રધાનતા વિવક્ષિત છે, બીજામાં અધ્યાપકના પ્રયાસની, માટે દોષ નથી.

वाच्यम्, प्रामाणिकप्रमाणितत्वात्, तदिदमाह - अर्पितानर्पितसिद्धेरिति[1]।

तथा **ग्रन्थे** - सूत्रावधारणे, **अर्थे** - अर्थावधारणे, **उभये** - सूत्रार्थद्वये **शक्तिः** - क्षयोपशमविशेषजं सामर्थ्यम् येषां ते **ग्रन्थार्थोभयशक्तयः**। केषाञ्चित् सूत्रावधारणशक्तिरेव भवति नार्थावधारण इति भावः, एवमन्यदप्यूह्यम्।

तथाऽवधृतसूत्रार्थभावनाकुशला वाक्य-महावाक्य - ऐदम्पर्यार्थचिन्तननिपुणाः केचिद् भवन्ति। केचित् प्रतिपन्नमात्रेऽवतिष्ठन्ते तथाविधक्षयोपशमाभावान्नावधृतबोधं सूक्ष्मतां नयन्ति। यद्वा प्रतिपत्तावन्यार्थः - केचिद् यदवधृतं तत् स्वाचारविषयीकृत्य प्रतिपद्यन्ते। ननु विध्यादौ

પ્ર. :- આ તો ચોખ્ખી મનમાની છે.

ઉ. :- ના, કારણ કે શિષ્ટપુરુષોને પણ આ માન્ય છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે - અર્પિત - અનર્પિત રૂપે સિદ્ધિ થાય છે. જેની વિવક્ષા કરીએ એ અર્પિત થયું. ન કરીએ એ અનર્પિત થયું. એક વ્યક્તિ પિતા, પુત્ર બંને છે. માટે બંને પ્રકારની વિવક્ષા સાચી જ છે. એમ અહીં પણ સમજવું.

વળી કેટલાક શિષ્યની ગ્રંથ = સૂત્રના જ અવધારણમાં શક્તિ હોય છે. કેટલાકની અર્થના જ અવધારણની, તો કેટલાકની બંનેના અવધારણની શક્તિ હોય છે. અહીં શક્તિનો અર્થ છે વિચિત્ર પ્રકારના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમવિશેષથી મળેલ સામર્થ્ય.

તથા કેટલાક શિષ્યો જે સૂત્રાર્થ ધારણ કર્યા છે તેની ભાવનામાં કુશળ હોય છે. એટલે કે વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થના ચિંતનમાં નિપુણ હોય છે. જ્યારે કેટલાક પ્રતિપન્નમાત્રમાં - જેની પ્રતિપત્તિ કરી છે, જેટલું સમજ્યા છે, ત્યાં જ રહે છે. એટલે કે તથાવિધ ક્ષયોપશમ ન હોવાથી જેટલું સમજ્યા છે એ બોધને સૂક્ષ્મ

१. तत्त्वार्थसूत्रम्।।५-३१।।



यत्नवदित्यनेन[1] भावनायामेव प्रतिपत्तिसमावेश इति चेत् ? सत्यम्, किन्तु क्रियानयप्राधान्यविवक्षया पृथग्निर्देश इत्यदोषः। एवं **भावना-प्रतिपत्तिभ्यामनेका** बहुप्रकाराः **शैक्षाणां** प्रतिपाद्यानां **भक्तयो** विभाग-विशेषा भवन्ति।।५।।

तासामेवाऽऽचारं वर्णयन्नाह –

બનાવતા નથી. અથવા તો પ્રતિપત્તિનો બીજો અર્થ એ થઈ શકે કે જેટલું સમજ્યા છે તેનો આચારવિષયરૂપે સ્વીકાર કરે છે = તેનું આચરણ કરે છે.

પ્ર. :- સૂત્રાર્થચિંતન દ્વારા જેઓ ઐદંપર્યાર્થ સુધી પહોંચે છે તેઓ તો ભાવના જ્ઞાનને પામી જાય છે. અને ષોડશકપ્રકરણ, ધર્મબિંદુ પ્રકરણ વગેરેમાં કહ્યું છે કે જેને ભાવનાજ્ઞાન થયું છે તેઓ અવશ્યપણે જ્ઞાનને અનુરૂપ આચરણ કરે જ છે. માટે આચરણવાળા તો 'ભાવના' માં જ આવી ગયાં છે. તો પછી પ્રતિપત્તિમાં તેમને કેમ લઈ શકાય ?

ઉ. :- સાચી વાત છે. પણ તેમની પ્રધાનતા બતાવવા અલગ નિર્દેશ કર્યો છે. આશય ક્રિયાનયનું મહત્ત્વ બતાવવાનો છે કે માત્ર જ્ઞાનથી કાંઈ ન વળે, આચરણ પણ હોવું જ જોઈએ. જે આવી ગયું છે તેની પણ પ્રધાનતા બતાવવા અલગ નિર્દેશ કરવામાં દોષ નથી એવું પૂર્વે સાબિત કર્યું જ છે.

આમ ભાવના અને પ્રતિપત્તિથી ઘણા પ્રકારના શિષ્યોના વિભાગો હોય છે. ।।૫।।

એમના આચારનું વર્ણન કરતાં કહે છે –

१. षोडशकप्रकरणम्।।११-९।।

**कर्तृप्रयोजनापेक्षस्तदाचारस्त्वनेकधा।**[1][2]

**चिकित्सितवदेकार्थप्रतिलोमानुलोमतः।।६।।**[3]

तदाचारस्तु कर्तृप्रयोजनापेक्ष एकार्थ -

प्रतिलोमानुलोमतोऽनेकधा, चिकित्सितवत् - इत्यन्वयः।

**तदाचारः** - तासां शैक्षभक्तीनामाचारो ग्रन्थाद्यवधारणयत्नादिः, **तुः** - पुनः, कर्ता - तत्तदाचारविधाता, तस्य प्रयोजनं प्रवृत्तिनिबन्धनम्, तेनापेक्षा यस्येति **कर्तृप्रयोजनापेक्षः**।

इदमुक्तं भवति यस्य हि शैक्षस्य सूत्रावधारण एव प्रयोजनम्, तद्यत्नोऽपि तत्सापेक्षः - तत्साधनप्रवणः स्यादिति। यद्वा 'मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः पुरुष'[4] इत्याद्युक्तोत्तमादिलक्षणानां कर्तृणां

**તેમનો આચાર કર્તાના પ્રયોજનને સાપેક્ષ એકાર્થમાં પ્રતિલોમ-અનુલોમ થકી અનેક પ્રકારનો હોય છે. જેમ કે ચિકિત્સામાં. ।।૬।।**

હમણાં જણાવેલા શિષ્યોના વિભાગવિશેષનો આચાર એટલે ગ્રન્થાવધારણ વગેરેનો પ્રયત્ન આદિ પ્રવૃત્તિઓ. એ તે તે આચારના કર્તાના પ્રયોજન = પ્રવૃત્તિનું કારણ, તેની અપેક્ષા રાખે છે = તેને સાપેક્ષ હોય છે.

જેમ કે જે શિષ્યને સૂત્રાવધારણનું જ પ્રયોજન છે. તેનો પ્રયત્ન પણ તેને જ સાપેક્ષ હશે = તે જ પ્રયોજનની સિદ્ધિ કરવામાં તત્પર હશે. અથવા તો - વિશિષ્ટમતિ ઉત્તમ આત્મા મોક્ષ માટે જ પ્રયત્ન કરે છે - વગેરે તત્ત્વાર્થસૂત્રસૂચિત ઉત્તમ વગેરે આત્માઓ કર્તા બને, ત્યારે તે તે પ્રયોજનને સાપેક્ષ આચાર થાય, એવો પણ અર્થ થઈ શકે.

१. क - °पेक्ष्यस्त°। २. क ग - °नेकता। ३. ग - विकि°।

४. श्रीतत्त्वार्थभाष्यसम्बन्धकारिका।।५।।



तत्तत्प्रयोजनसापेक्ष आचारः स्यादित्यर्थः।

यद्वा **कर्त्रपेक्षः**, प्रयोजनापेक्षश्च तदाचारः, कर्ता ज्ञानावरण-मोहनीयान्तरायकर्म-विचित्रक्षयोपशमसम्पन्नः, तत्तत्क्षयोपशमभेदादाचारभेद इति नानुपपन्नम्। प्रयोजनापेक्षा तु पूर्ववत्।

**एके**ऽद्वितीय एवार्थे वस्तुनि **प्रतिलोमः** - प्रतिकूलभावः, **अनुलोमः** - अनुकूलभावः, तस्मात् **अनेकधा** प्रभूतप्रकारः, अत्रैवोदाहरणमाह **चिकित्सितवत्** - व्याधिप्रतिक्रियावत्।

अयमत्राशयः। यथैव पिटकादिचिकित्साविधौ तदुपशमलक्षण एक एवार्थः - प्रयोजनम्, तथापि पिटकादिविशेषात् तच्चिकित्साविशेषो भवति, यथा कस्मिंश्चित् पिटके छेदो दीयते, इयं चिकित्सितस्या-नुलोमक्रिया, कस्मिंश्चित् तु तत्परिपाकार्थं तद्वृद्ध्युपायाः प्रयुज्यन्ते,

અથવા તો - કર્તાને સાપેક્ષ તથા પ્રયોજનને સાપેક્ષ તેમનો આચાર હોય છે - એવો પણ અર્થ થઈ શકે. કર્તા જ્ઞાનાવરણીય, મોહનીય, અંતરાય વગેરે કર્મોના અનેક પ્રકારના ક્ષયોપશમ ધરાવતો હોય છે. તે તે ક્ષયોપશમના ભેદથી આચાર ભેદ થાય એ સંગત જ છે. પ્રયોજનની અપેક્ષા પૂર્વવત્ સમજવી.

એ આચાર એક જ વસ્તુમાં પ્રતિકૂળ-અનુકૂળભાવથી અનેક પ્રકારનો હોય છે. અહીં ચિકિત્સાનું ઉદાહરણ આપ્યું છે.

આશય એ છે કે જેમ ગુમડા વગેરેની ચિકિત્સાની વિધિમાં પ્રયોજન તો એક જ છે - ગુમડું મટાડવું. તો પણ જેવું ગુમડું હોય તેવી ચિકિત્સા કરવી પડે. અલગ અલગ જાતના ગુમડામાં અલગ અલગ જાતની ચિકિત્સા ઉપયોગી થાય. જેમ કે કોઈ ગુમડામાં છેદ અપાય છે - એ ચિકિત્સાને અનુકૂળ ક્રિયા છે. કોઈક ગુમડામાં તો તે બરાબર પાકે એ માટે ગુમડુ વધે એવા ઉપાય કરવામાં આવે છે. આમ તો ગુમડું મટાડવાનું છે પણ આ તો ઉલ્ટુ વધારવામાં આવે છે

इयं प्रतिलोमक्रिया। वस्तुतस्तु क्रियाद्वयमपीदं चिकित्साप्रयोजनानुकूलमेव।

एवं ग्रहणासेवनशिक्षादायकगीतार्थनिर्देशेन शैक्षस्यापि भवव्याधिचिकित्साविधिः प्रवर्तते। अपवादाचरणमापाततस्तत्प्रतिलोमं प्रतिभासते, उत्सर्गाचरणं त्वनुलोमम्, वस्तुतस्तु द्वयमपि द्रव्याद्यपेक्षया गीतार्थनिर्देशेन क्रियमाणत्वेन भवव्याध्युपशमकृत्त्वादनुलोममेवेति।।६।।

स्यादेतत्, यत्रेन्द्रियायतनलक्षणशरीरप्रवृत्तिस्तत्र मनोऽपि युनक्ति, मन इन्द्रियेणेति वचनात्, ततश्च मनसः शरीरानुचरत्वेन प्रतिलोमप्रवृत्तौ भवव्याध्युपशमो दुर्घट इति चेत् ? सत्यम्, स्फटिकस्योपाधिसादृश्यमिव

માટે સ્થૂલદષ્ટિએ એ ચિકિત્સાને પ્રતિકૂળ ક્રિયા છે. હકીકતમાં તો એ બંને ક્રિયા ચિકિત્સાના પ્રયોજન (ગુમડું મટાડવું) ને અનુકૂળ જ છે.

આ રીતે ગ્રહણશિક્ષા - આસેવનશિક્ષાદાયક ગીતાર્થગુરુના નિર્દેશથી શિષ્યની પણ ભવરોગની ચિકિત્સાવિધિ પ્રવર્તે છે. જેમાં અપવાદાચરણ (ઉપલી દૃષ્ટિએ) ચિકિત્સાને પ્રતિકૂળ ભાસે છે. ઉત્સર્ગાચરણ અનુકૂળ ભાસે છે. હકીકતમાં તો તે બંને ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ની અપેક્ષાએ કરાતા હોવાથી સંસારવ્યાધિને મટાડનારા હોવાથી ચિકિત્સાને અનુકૂળ જ છે. ॥૬॥

પ્ર. :- શરીરને ઈન્દ્રિયાયતન કહેવાય છે. જ્યાં તેની પ્રવૃત્તિ થાય છે ત્યાં મન પણ જોડાય છે. કારણ કે કહ્યું છે કે આત્મા મન સાથે અને મન ઈન્દ્રિય સાથે જોડાય છે. માટે મન શરીરને અનુસરતું હોવાથી જ્યારે ભવવ્યાધિની ચિકિત્સાને પ્રતિકૂળ પ્રવૃત્તિ = અપવાદાચરણ થશે ત્યારે શરીર હિંસાદિ પ્રવૃત્તિ કરશે / કરાવશે તો મન પણ એમાં જવાનું છે. માટે એ રીતે તો ભવરોગ મટશે જ નહીં.

ઉ. :- અમુક અપેક્ષાએ તમારી વાત સાચી છે. જેમ સ્ફટિક ઉપાધિને કારણે = પાસે રાખેલ જાસુદના ફૂલ વગેરેના કારણે તેના



विचारोऽपि प्राय आचारसादृश्यं भजते विशेषेणाभावितशैक्षाणाम्। अत एव शरीरमनउभयहितनिमित्तवेत्ताऽनुशासकः श्रेष्ठः, यथासम्भवं पीडापरिहारेण व्याध्युपशामककुशलवैद्यवदित्याशयेनाह–

**शरीरमनसोस्तुल्या प्रवृत्तिर्गुणदोषयोः।**
**तस्मात्तदुभयोपाया[1]न्निमित्तज्ञो विशिष्यते।।७।।**

शरीरमनसोर्गुणदोषयोस्तुल्या प्रवृत्तिः, तस्मात्तदुभयोपायान्निमित्तज्ञो विशिष्यते - इत्यन्वयः।

**शरीरं** - वपुः, **मनः** - चित्तम्, तयोः, **गुणः** - हेतौ फलोपचाराद्वि-

જેવો લાલ વગેરે વર્ણનો થઈ જાય છે તેમ વિચાર પણ પ્રાયઃ આચાર જેવો થઈ જતો હોય છે. તેમાં પણ અભાવિત શૈક્ષના વિચાર પર તો આચારની વિશેષ અસર થતી હોય છે. માટે જ જે અનુશાસક શરીર અને મન, એ બંનેના હિતકારક નિમિત્તને જાણે છે એ શ્રેષ્ઠ ગુરુ છે. જેમ કે જે વૈદ આડઅસર વગેરેથી થતી પીડાનો શક્ય હોય ત્યાં સુધી પરિહાર કરીને રોગ મટાડે એ કુશળ કહેવાય છે. આ આશયથી દિવાકરજી કહે છે –

**શરીર અને મનની ગુણ અને દોષમાં સમાન પ્રવૃત્તિ થાય છે. માટે તે બંનેના ઉપાયથી નિમિત્તજ્ઞ વિશિષ્ટ બને છે.॥૭॥**

અહીં ગુણ = વિહિતાચરણ અને દોષ = નિષિદ્ધાચરણ એમ અર્થ લેવો. એવો ન્યાય છે કે કારણમાં કાર્યનો ઉપચાર થઈ શકે, “જેમ કે જલ એ જ જીવન છે.” એમ કહેવાય છે. કારણ કે જલ એ જીવનનું કારણ છે. એમ અહીં વિહિતાચરણ માટે જ ગુણનો પ્રયોગ કરાયો છે. કારણ કે એ ગુણ = લાભ = કલ્યાણનું કારણ છે. એવી રીતે નિષિદ્ધાચરણ માટે દોષના પ્રયોગમાં પણ સમજવું.

આ બંનેમાં શરીર અને મનની સમાનપણે પ્રકર્ષથી વૃત્તિ =

१. ख - पायानि।

हिताचरणम्, तथा **दोषः** - निषिद्धाचरणम्, **तयोस्तुल्या** - समाना **प्रवृत्तिः** - प्रकर्षेण वृत्तिः - व्यवस्थितिर्भवतीति शेषः। यथा वपुषि हिंसाप्रवृत्ते मनसि प्रायो निर्घृणता स्यादिति। **तस्मात्** - अनन्तरनिर्दिष्टहेतोः, **तदुभयम्** - शरीरमनोयुग्मम्, तस्मै **उपायः** हितानुबन्ध्युपेयसाधकः, तस्मात् - तदनुशासनात्, **निमित्तज्ञः** - तत्सिद्धिनिबन्धनवेत्ता निपुणोऽनुशासको **विशिष्यते** - वैशिष्ट्यं प्रपद्यते, भावार्थस्तु भावित एव।

न चैकान्तविधिनिषेधविरहादसारमिदमिति वाच्यम्, उत्सर्गापेक्षत्वात्। न चोभयोपायविरह एव - यज्जीवस्योपकाराय तद्देहस्यापकारकम्।

---

રહેવાપણું થતું હોય છે. શરીર જેમાં પ્રવૃત્ત થાય તેમાં મન પણ પ્રવૃત્ત થાય છે. જેમ કે શરીરથી હિંસાની પ્રવૃત્તિ થતાં, મનમાં પ્રાયઃ નિર્દયતા આવે છે. આ કારણથી શરીર અને મન બંનેનું હિત કરનાર એવા ઉપાયનું અનુશાસન કરવા દ્વારા જે બંનેના સાધ્યની સિદ્ધિના કારણને જાણે છે એવો નિપુણ અનુશાસક બીજા ગુરુઓથી વિશિષ્ટ = ચઢિયાતો છે. આનું તાત્પર્ય તો પહેલા જ સમજાવ્યું છે.

પ્ર. :- અદ્ભુત... અદ્ભુત... તમે તો સસલાને શિંગડા ઉગાડો છો. ભલા માણસ ! જિનશાસનમાં એકાંતવિધિ-નિષેધ છે જ નહીં તો પછી આ વિહિતાચરણ (ગુણ) ને આ નિષિદ્ધાચરણ (દોષ) આવો ભેદ જ ક્યાંથી થઈ શકે ? તમારી આ બધી વાતો પાયા વિનાની ઈમારત જેવી છે.

ઉ. :- એકાંત વિધિ-નિષેધ નથી એ વાત સાચી, પણ અહીં જે વિહિત અને નિષિદ્ધની વાત છે એ ઉત્સર્ગની અપેક્ષાએ સમજવાનું છે.

પ્ર. :- ઠીક છે, પણ ઉભય ઉપાયની તમે જે વાત કરો છો એ તો છે જ નહીં. જે જીવને ઉપકારક હોય છે તેવું આતાપના વગેરે, તે શરીરને ક્લેશ આપવા દ્વારા અપકારક હોય છે અને જે શરીરને ઉપકારક હોય છે તેવું મેવા-મિષ્ટાન્ન વગેરે, તે જીવને રાગ કરાવવા



यद्देहस्योपकाराय तज्जीवस्योपकारक - मित्युक्तेः[1], ततश्च तज्ज्ञाभिधानं खपुष्पपरागग्रहणोक्तिं स्पर्द्धत इति वाच्यम्, अनेकान्तात्। अभिदधन्ति चात्र - कायो न केवलमयं परितापनीयो, मृष्टै रसैर्बहुविधैर्न च लालनीयः। चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेषु, वश्यानि येन च तथाऽऽचरितं जिनाना - मिति[2] ।।७।।

नन्वेवं देहदुक्खं महाफलं - इमेण चेव जुज्झाहि - इत्याद्यागमविरोध इति चेत् ? न, केवलमित्यनेन तत्राप्यनेकान्तस्यैव दर्शितत्वात्,

---

દ્વારા અપકારક હોય છે. ભાવમન તો આત્મપરિણામ રૂપ હોવાથી જીવ પોતે જ છે. માટે શરીર અને મન બંનેને ઉપકારક એવો તો કોઈ ઉપાય જ નથી. માટે એવા ઉપાયનો જાણકાર આવી તમારી જે વાત છે એ તો આકાશકુસુમની પરાગ લેવાની વાતને ય ટપી જાય છે.

ઉ. :- ના, કારણ કે જે શરીરને ઉપકારક હોય એ મનને અપકારક જ હોય એવો કોઈ નિયમ નથી. આ વિષયમાં શાસ્ત્રકારોએ સચોટ સૂચન કર્યું છે - આ શરીરને માત્ર પરિતાપના જ આપવાની છે એવું નથી અને માલમલીદાથી પંપાળવાનું જ છે, એવું પણ નથી, જે રીતે ચિત્ત અને ઈન્દ્રિયો ઉન્માર્ગે ન ભટકે અને અંકુશમાં રહે તે રીતે જિનેશ્વરોએ આચરણ (વિહિત) કર્યું હતું.॥૭॥

પ્ર. :- અરે, પણ આ રીતે તો - શરીરને દુઃખ આપવું મહાફળદાયક છે, આ તારા શરીર સાથે જ યુદ્ધ કર - વગેરે આગમવચનોનો વિરોધ નહીં આવે ?

ઉ. :- ના, કારણ કે "માત્ર" પરિતાપના નથી આપવાની આવું કહેવા દ્વારા એમાં પણ અનેકાંત જ બતાવ્યો છે એટલે કે શરીરને કષ્ટ આપવાનો નિષેધ નથી કરી દીધો. હકીકતમાં તો કોઈ પણ

---

१. इष्टोपदेशः।।१९।। २. उद्धृतमिदं पञ्चवस्तुकवृत्तौ।

वस्तुतस्तु विध्यादेर्दलिकापेक्षत्वाद् [1]गीतार्था एवात्र प्रमाणम्, वैद्यवदित्याशयेनोदाहरणमेव स्पष्टयति-

**भेषजोपनयश्[2]चित्रो यथामयविशेषतः।**
**[3]छन्नप्रकाशोपहितः[4] सुविधिज्ञान[5]यन्त्रयोः।।८।।**

यथाऽऽमयविशेषतः सुविधिज्ञानयन्त्रयोः छन्नप्रकाशोपहितो भेषजोपनयश्चित्रः - इत्यन्वयः।

**यथा** - यद्वत्, विध्याद्यनेकान्तदृष्टान्तोपदर्शनमिदमित्याशयः। **आमयविशेषतः** - वातादिप्रकोपजनितत्वविशिष्टरोगापेक्षया **सुविधिः** - सत्क्रिया - सदौषधस्यापि सम्यक् प्रयुक्तस्यैव गुणावहत्वात्, **ज्ञानम्** - तत्तदारोग्य-

विधि-निषेध पुरुषनी अपेक्षाએ होवाथी आमां गीतार्थो ज प्रमाण

---

વિધિ-નિષેધ પુરુષની અપેક્ષાએ હોવાથી આમાં ગીતાર્થો જ પ્રમાણ છે. જેમ કે બે જણને તાવ હોય તેમાંથી એકને વૈદ શીરો વાપરવાનું કહે અને બીજાને લાંઘણ કરવાનું કહે - એમાં વૈદનો પક્ષપાતાદિ નથી પણ તે તો રોગી તથા રોગની અવસ્થાવિશેષ કારણ છે. જુઓ, દિવાકરજી વૈદના દૃષ્ટાંતને જ સમજાવી રહ્યા છે –

**જેમ રોગવિશેષથી સુવિધિ અને જ્ઞાનના યંત્ર વિષે ગુપ્ત પ્રકાશથી પરિપુષ્ટ ઔષધપ્રતિપાદન અનેકપ્રકારનું હોય છે. ।।૮।।**

જિનશાસનમાં વિધિ-નિષેધનો (ચતુર્થ વ્રત સિવાય) એકાંત નથી તેનું ઉદાહરણ આપતા દિવાકરજી કહે છે કે જેમ કોઈ રોગ વાતના પ્રકોપથી થયો હોય, કોઈ પિત્તના કે કફના પ્રકોપથી થયો હોય તેમ રોગની વિશેષતાની અપેક્ષાએ સમ્યક્ ચિકિત્સાની ક્રિયા કરવામાં આવે છે. ક્રિયાનું મહત્ત્વ એટલા માટે છે કે સાચી દવા પણ સમ્યક્ પ્રયોગ કરવાથી જ લાભદાયક થાય છે. વળી સમ્યક્ પ્રયોગ

---

१. दलियं पप्प णिसेहो हुज्ज विहि वा जहा रोगे।। ओघनिर्युक्तः-५५।। २. ख - श्चिन्न। ३. ख - छत्रप्र। ४. क ख - हि सुवि। ग - हि स्तुवि। ५. ख - °नत्रयंत्र°। ग - °नत्रयंभ°।



शास्त्रपदार्थपरिकर्मितमतिता, तदन्तरेणान्धक्रियाया इव प्रत्यपाय-फलत्वात्, ते एव रोगापहारसक्षमतया **यन्त्रे** - आरोग्यसाधने, तयोः, **छन्नः** - प्राकृतजनागम्यतया गूढः **प्रकाशः** - तत्तद्रोगसन्तमसतिरस्कर्तोद्योतः, **तेनोपहितः** - स्वशक्तौ प्राप्तपुष्टिः[1], **भेषजः** - औषधम्, **तस्योपनयः** -शतपाकादिविधिना रुग्णगुणकृत्त्वापादनं तद्भावोन्नयनमिति यावत्, **चित्रो**ऽनेकप्रकारः, नानाविरोधाभासकलितोऽपीति यावत्, भवतीति शेषः। तथाहि विज्ञा वैद्या रोगविशेषे विषमप्युपयुञ्जन्तीति प्रसिद्धम्।

---

માટે તે તે આરોગ્યશાસ્ત્રના પદાર્થોથી મતિ પરિકર્મિત હોવી જોઈએ. એનું સમ્યક્ જ્ઞાન ન હોય તો આંધળાની ક્રિયાની જેમ ઉલ્ટુ નુકશાન થઈ જાય.

આમ જ્ઞાન અને સત્ક્રિયા એ બંને રોગને દૂર કરવામાં સમર્થ હોવાથી આરોગ્યના સાધનભૂત યંત્ર જેવા છે. આ યંત્રો વિષેનો વિશદ પ્રકાશ સામાન્ય લોકોને માટે અગમ્ય હોવાથી ગૂઢ છે. એટલે કે કુશલ વૈદ્ય સિવાયનું જગત તો આ વિષયમાં અંધારામાં જ છે. આ જ પ્રકાશ તે તે રોગરૂપી અંધકારનો વિનાશ કરે છે. એ પ્રકાશથી જેણે પોતાની શક્તિમાં પુષ્ટિ મેળવી છે, એવા ઔષધનો રોગી તથા રોગને અનુરૂપ ઉપયોગ કરવા માટે તેને શતપાક વગેરે વિધિથી યોગ્ય બનાવવામાં આવે છે, જેથી તેનાથી રોગીને ફાયદો થઈ શકે.

અર્થાત્ સુવિધિ અને જ્ઞાનથી જ ઔષધના ઉચિત ઉપયોગ દ્વારા રોગ મટાડી શકાય છે. આ ઉપયોગ અથવા ઔષધને રોગીને ફાયદાકારક બનાવવાનો પ્રયોગ અનેક પ્રકારનો હોય છે.

એટલું જ નહીં ક્યારેક વિરોધાભાસવાળો પણ હોય છે. જેમ કે કુશળ વૈદ્યો અમુક રોગ વિશેષમાં ઝેરનો પણ દવા તરીકે ઉપયોગ

---

१. उपदधाति पुष्णातीति उपधानम् - तमापन्नः।

तद्वदेव शैक्षविशेषाद्विधिनिषेधाश्चित्रतां प्रतिपद्यन्त इत्याद्युपनयः सुगमः, अत एव मूलकारेणोपेक्षितः।।८।।

ननु यथा शरीरमनश्चिकित्सयोर्विध्यादिचित्रतासादृश्यम्, तथा किं फलेऽपि सादृश्यमाहोस्वित्कश्चिद्विशेष इत्यत्राह –

**वपुर्यन्त्र[1]जिता दोषाः पुनरभ्यासहेतवः।**
**प्रसङ्ख्याननिवृत्तास्तु निरन्वय[2]समाधयः।।९।।**

अन्वयो यथाश्रुतः। **वपुः** - शरीरम्, तदेवानेकशिरास्थिजालादिकलितत्वाद्यन्त्रमिव **यन्त्रम्**, तेन तस्मिन् वा **जिता** वातादिसाम्यापादनेन

કરતા હોય છે.

તે જ રીતે શિષ્યવિશેષને કારણે વિધિ-નિષેધો પણ અનેક પ્રકારના હોય છે... વગેરે ઉપનય સુગમ છે. માટે મૂળકારે એ ઉપનય દર્શાવ્યો નથી. ।।૮।।

પ્ર. :- શરીર અને મન બંનેની ચિકિત્સામાં એક સમાનતા તો જોઈ કે બંનેમાં અનેક પ્રકારના વિધિ-નિષેધ હોય છે. પણ શું એ બંનેની ચિકિત્સાના ફળમાં પણ સમાનતા છે ? કે પછી કોઈ વિશેષતા-તફાવત છે ?

ઉ. :- હા, બંનેના ફળમાં તફાવત છે. જેને સ્વયં દિવાકરજી જ બતાવી રહ્યા છે –

**શરીરયંત્રના જીતેલા દોષો ફરીથી અભ્યાસના હેતુ બને છે, જ્યારે મનના દોષોની નિવૃત્તિ નિરન્વય સમાધિ બને છે.।।૯।।**

શરીર જ અનેક નસો, હાડકા વગેરેના માળખાથી બનેલું હોવાથી યંત્ર જેવું છે, માટે એને યંત્ર કહ્યું છે. તેમાં વાત-પિત્ત-કફની વિષમતાથી અનેક વિકારો થાય છે. વાતાદિના સામ્યના ઉપાયો કરવા દ્વારા એ દોષોને દૂર કરવામાં આવે ત્યારે યોગાસનો અને

१. ख ग - यंत्र। २. ग - निरन्न० ।



निराकृता **दोषा** वातादिविकाराः, **पुनः** - अनन्तरापेक्षया भिन्नफलद्योतकः, **अभ्यासः** - तत्तदासनप्राणायामाद्यासेवनम्, तस्य **हेतवः** - निमित्तकारणानि भवन्तीति शेषः। प्रतिबन्धकाभावस्यापि कथञ्चिद्धेतुरूपत्वात्। न हि वातादिविकृतशरीरस्तत्तदासनादिप्रत्यल इति प्रतीतम्।

यद्वा शैक्षस्यैवोभयोपायज्ञनिर्दिष्टविधिना निराकृताः शरीरदोषा तपोवैयावृत्त्यप्रभृतियोगाभ्यासस्य हेतवो भवन्तीत्यर्थः, न हि ग्लानताबाधितस्तदभ्यासक्षम इति।

પ્રાણાયામ વગેરેનું આસેવન સુખેથી થઈ શકે છે. માટે યોગાસનો વગેરેના અભ્યાસ માટે તે ઉપયોગી કારણ છે.

પ્ર. :- તમે અહીં દોષોના અભાવને અભ્યાસના કારણ તરીકે રજુ કર્યો છે. પણ એ તો શક્ય જ નથી. કારણ કે અભાવ તો શૂન્યરૂપ છે. અને શૂન્યમાંથી કોઈનું સર્જન ન થઈ શકે, નહીં તો માટી વિના પણ ઘડો બની જવાની આપત્તિ આવે.

ઉ. :- તમારી વાત સાચી છે, માટી વિના ઘડો બની જ ન શકે. પણ સમજો કે માટી વગેરે બધી સામગ્રી હાજર હોવા છતાં કુંભારનો તોફાની દીકરો ઘડો બનાવવા દેતો ન હોય, તો એ દીકરાની ગેરહાજરી પણ એક અપેક્ષાએ ઘડાનું કારણ બની શકે ને ? એ જ રીતે અહીં પણ દોષોરૂપી પ્રતિબંધકનો અભાવ અભ્યાસનું કારણ બને છે. અને એ વાત તો અનુભવસિદ્ધ છે કે વાતાદિના પ્રકોપથી જેની તબિયત બગડી ગઈ છે, એ તે તે આસન વગેરે કરવા માટે સમર્થ થતો નથી.

અથવા તો શિષ્યના શરીરના દોષો પૂર્વોક્ત ઉભય (શરીર-મન) ઉપાયજ્ઞાતા ગીતાર્થે નિર્દિષ્ટ કરેલી વિધિ મુજબ દૂર કરવામાં આવે તેનાથી તદ્દન નીરોગી બનેલ શિષ્ય તપ-વૈયાવચ્ચ વગેરે કરવા માટે સમર્થ બની જાય. ગ્લાન મહાત્મા તપ વગેરેનો અભ્યાસ કરવા પ્રાયઃ

तदेतद्वपुर्दोषनिवृत्तिफलम्, अधुना मनोदोषनिवृत्तिफलमाह - **प्रसङ्ख्यानम्** - बुद्धिः, तस्मा**न्निवृत्ताः** - विकारजननाक्षमतयाऽसत्प्राया दोषा अज्ञानादयः, **तुः** - प्राक्तनफलाद्वैशिष्ट्यद्योतकः, नितरामनुयन्ति विषमावस्थमपि नैव मुञ्चन्तीति **निरन्वयाः समाधयः** - तत्त्वस्वरूपमात्रावभासलक्षणाः परमानन्दप्रदाश्चित्तपरिणामा भवन्तीति शेषः। उक्तं च देहाभिमाने गलिते, ज्ञानेन परमात्मनः। यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः - इति।

न च निर्गतोऽन्वयो येभ्य इति विग्रहप्रसङ्ग इति वाच्यम्,

---

સમર્થ થઈ શકતા નથી.

આ તો શરીરના દોષોની નિવૃત્તિનું ફળ કહ્યું છે, હવે મનના દોષોની નિવૃત્તિનું ફળ કહે છે – બુદ્ધિ - મનમાંથી દોષોની નિવૃતિ થાય એટલે કે અજ્ઞાનાદિ દોષો એટલા મોળા પડી જાય કે પોતાના વિકારો બતાવી ન શકે માટે નહીવત્ થઈ જાય. ત્યારે એ કોઈ પણ સુખ-દુઃખના નિમિત્તોમાં પણ- વિષમાવસ્થામાં પણ ન જ જાય તેવી સમાધિઓ બની જાય છે. સમાધિનો અર્થ છે - જ્યાં માત્ર તત્ત્વસ્વરૂપનો પ્રતિભાસ થાય છે એવો પરમ આનંદદાયક ચિત્તપરિણામ. એક વાર પરમાત્મસ્વરૂપના જ્ઞાનથી હું શરીર છું આવું અભિમાન-મિથ્યાજ્ઞાન-અજ્ઞાન જતું રહે, પછી તો મન જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં સમાધિઓ જ હોય છે.

પ્ર. :- સમાધિની ઊંચી ઊંચી વાતો કરો છો ને સમાસમાં લોચા કરો છો. નિરન્વયનો વિગ્રહ તો એમ થવો જોઈએ કે- જેમનામાંથી અન્વય નીકળી ગયો છે તે.

ઉ. :- ના, પ્રકરણાનુસાર ઉપસર્ગોના અનેક અર્થ થતાં હોય છે. માટે અમે કરેલા અર્થમાં બાધ નહીં આવે.

પ્ર. :- ઠીક છે, પણ તમે જે વ્યાખ્યા કરી એના પર ધ્યાનથી



उपसर्गाणामनेकार्थत्वात्। न च दोषाणामेव समाधिताप्रतीतिप्रसङ्ग इति वाच्यम्, सविशेषणे हीत्यादिन्यायाद् दोषनिवृत्तेरेव समाधिताभिधानात् ॥९॥

दोषनिवृत्त्युपायमेव प्रकटयन्नाह–

**यथा निर्दिश्य संयोगाद्वाताद्यारोगभक्तिषु[1]।**
**तथा जन्मसु रागाद्या भावनादरमात्रयोः॥१०॥**

---

વિચાર કરો. મનમાંથી નિવૃત્તદોષો એ જ સમાધિઓ બની જાય છે. = દોષો સમાધિ બને છે. બોલો, તમારા ચિંતનો અલૌકિક છે કે નહીં ?

ઉ. :- ના, કારણ કે એવો ન્યાય છે કે सविशेषणे हि विधिनिषेधे विशेषणमुपसङ्क्रमतः - જ્યારે કોઈ પણ વિધિ - નિષેધમાં વિશેષણ લાગે ત્યારે એ વિધિનિષેધ વિશેષ્ય અંશને છોડીને વિશેષણ અંશમાં સમજવા જોઈએ. જેમ કે કોઈ કહે કે કાચો પાપડ નહીં ચાલે, એનો અર્થ એ નથી કે પાપડ જ નહીં ચાલે, પણ એ અર્થ છે કે કાચો નહીં ચાલે. આમ વિશેષ્યને છોડીને વિશેષણમાં એ નિષેધ સમજવાનો છે.

તેમ અહીં પણ નિવૃત્ત થયેલા દોષો સમાધિઓ બને છે. એમ કહેવાનો ભાવાર્થ એ જ છે કે નિવૃત્તિત્વથી વિશિષ્ટ દોષો સમાધિઓ બને છે. એટલે કે નિવૃત્તિ સમાધિઓ બને છે. માટે તમે આપેલ દૂષણ રહેતું નથી. હવે તમે ફરીથી મૂળશ્લોક જોઈ લો એટલે સ્પષ્ટતા થઈ જશે. ॥૯॥

દોષનિવૃત્તિના ઉપાયને જ પ્રગટ કરતા કહે છે -

**જેમ વાત વગેરેના ઉગ્ર રોગોના પ્રકારોમાં નિર્દેશ કરીને સંયોગથી, તેમ જન્મોમાં રાગ વગેરે ભાવના અને આદરની માત્રા હોતે છતે દૂર થાય છે. ॥૧૦॥**

---

१. क - द्वात। ख - द्वीता।

यथा वाताद्यारोगभक्तिषु निर्दिश्य संयोगात्, तथा जन्मसु रागाद्या भावनादरमात्रयोः - इत्यन्वयः।

**यथा** - यद्वत्, मनोदोषनिवृत्त्युपायप्रतिपादनाय वपुर्दोषनिवृत्त्युपायलक्षणोदाहरणोपन्यासोऽयमित्यर्थः। **वातः** - शरीरान्तर्गतप्राणादिवायुप्रकोपः, स **आदिर्येषां** ते **वातादयः**, आदिना पित्तकफग्रहः, तैः, **आसमन्तात् रोगाः** - रुग्णभावाः - **आरोगास्तेषां** भक्तयो विभागविशेषाः प्रकारा इति यावत्, तासु कुशलवैद्येन **निर्दिश्य** पुरुषाद्यनुरूपं निर्देशं कृत्वा, **संयोगः** - औषधेषु रोगापहारक्षमतया सम्यक् योगः, तस्मात्

હવે મનના દોષોની નિવૃત્તિનો ઉપાય બતાવવા માટે ઉદાહરણ તરીકે શરીરના દોષની નિવૃત્તિનો ઉપાય બતાવે છે. કે જેમ શરીરમાં રહેલા પ્રાણ[1] વગેરે વાયુઓના પ્રકોપ, પિત્ત-કફ-પ્રકોપથી ઉગ્ર રોગોના વિભાગવિશેષો = પ્રકારો થાય છે.

તેવા રોગોમાં કુશળ વૈદ રોગ, રોગનું નિમિત્ત, હવામાન, રોગીની પ્રકૃતિ વગેરેને અનુરૂપ નિર્દેશ કરીને ઔષધિઓનું એવું મિશ્રણ કરે છે જેનાથી રોગો દૂર થઈ શકે અને તેના દ્વારા શરીરના દોષોનું નિરાકરણ કરે છે.

તેવી રીતે સંસારરૂપી રોગમાં રાગ, દ્વેષ વગેરે દોષો છે. એ દોષોને ભાવના અને આદરની યોગ્ય માત્રાને જોડીને સેવન કરવાથી દૂર કરી શકાય છે.

૧. શાંડિલ્ય ઉપનિષદ્માં દશ પ્રકારના શરીરાંતર્ગત વાયુ બતાવ્યા છે.

| વાયુ | કાર્ય | વાયુ | કાર્ય |
|---|---|---|---|
| પ્રાણ | શ્વાસોચ્છ્વાસ, ઉધરસ | નાગ | ઓડકારાદિ |
| અપાન | મલમૂત્રવિસર્જન | કૂર્મ | નિમીલન- પલકારાદિ |
| વ્યાન | હાનોપાદાનચેષ્ટાદિ | કૃકર | ભૂખ લાગવી |
| ઉદાન | ઉન્નયનાદિ | દેવદત્ત | તંદ્રા |
| સમાન | શરીર-પોષણાદિ | ધનંજય | શ્લેષ્માદિ |



वपुर्दोषा निराक्रियन्ते।

**तथा जन्मसु** भवाभिधानव्याधिषु **रागाद्या** अभिष्वङ्गाप्रीत्यादिदोषा **भावना** - सज्ज्ञानभाविततता, चन्दनगन्धवत्, **आदरः** - सत्क्रियाऽऽदृतिः तदासेवनमिति यावत्, तयोर्निश्चयव्यवहाररूपयो**र्मात्रा** - भवौषधतया ग्रहणायोचितप्रमाणम्, तयोः द्वितयमात्रयोः सम्यक् योजितयोः सत्योर्निवर्तन्त इति गम्यम्।

ननु निश्चयव्यवहारयोः स्वतोऽन्योऽन्यसमनुविद्धत्वेन[1] गुडशुण्ठीवत्तयोर्मात्रासंयोगासम्भवाद् विषमोऽयं दृष्टान्तोपन्यास इति चेत् ? सत्यम्, किन्तु स्थूलाभिप्रायेण तत्तत्प्राधान्यविवक्षया वा ज्ञानक्रियाविवेकेन

અહીં ભાવના = સદ્જ્ઞાનથી ભાવિતપણું અને આદર = સમ્યક્ ક્રિયાનું સેવન. જ્ઞાન એ નિશ્ચય રૂપ છે. અને ક્રિયા એ વ્યવહારરૂપ છે. એ બંને એવી સમ્યક્ માત્રામાં જોડાય કે સંસારરોગનું ઔષધ બની શકે, અને તેનાથી સંસારરોગ દૂર થઈ જાય.

પ્ર. :- તમારી ગાડી વહેલા-મોડા પણ પાટા પરથી ઉતરી જરૂર જાય છે. ગોળ અને સૂંઠમાં ઉચિત માત્રાનો સંયોગ કરી દવા બનાવી શકાય છે. પણ નિશ્ચય-વ્યવહારમાં એવો સંયોગ શક્ય જ નથી. કારણ કે તે બંને જુદા જુદા હોતા જ નથી. એ બંનેનું સ્વરૂપ તો અન્યોન્ય સમનુવિદ્ધ હોય છે. માટે કોઈ પણ વસ્તુ નિશ્ચય-વ્યવહાર ઉભયરૂપ જ હોઈ શકે. તો પછી એક-એક છુટ્ટા લઈને સંયોગ કેવી રીતે કરશો ?

આમ તમે દ્રવ્યરોગમાં ઔષધસંયોગ બતાવી ભાવરોગમાં ય સંયોગ ઠોકી દીધો. પણ અહીં તો એ દૃષ્ટાંતનું સામ્ય જ નથી.

ઉ. :- તમારી વાત સાચી છે, પણ સ્થૂલ અભિપ્રાયથી અથવા નિશ્ચય કે વ્યવહારમાંથી એકની પ્રાધાન્યની વિવક્ષાથી- આ જ્ઞાન

१. गुरुतत्त्वविनिश्चयः।।१-४१।।

व्यपदेश इत्यदोषः।

गीतार्था हि शैक्षानुरूपेण स्वाध्याय[1] - वैयावृत्यादिनियोगेन तन्मात्रावैषम्यमपाकुर्वन्ति, वैषम्ये तस्यैव प्रतिबन्धकत्वापत्तेः, परापवादमूलकत्वेनाऽऽपातसमीचीनत्वेऽप्यसमीचीनत्वात्, तथाह मूलकारः - परवियालणे मोहा - इति[2]। उचितमात्रौषधमेवौषधमिति हृदयम्।।१०।।

અને આ ક્રિયા- આમ વિવેક કરીને અલગ-અલગ વ્યપદેશ કર્યો છે માટે દોષ નથી.

આશય એ છે કે ગીતાર્થ ગુરુઓ શિષ્યને અનુરૂપ સ્વાધ્યાય, વૈયાવચ્ચ વગેરેનો નિયોગ કરીને એ માત્રાની વિષમતા દૂર કરે છે. કોઈને સ્વાધ્યાયનો-જ્ઞાન-ધ્યાનનો બહુ રસ હોય અને ગ્લાનસેવા વગેરેની ઉપેક્ષા કરતા હોય તો ગુરુ એને ઉચિત પ્રમાણમાં સેવામાં જોડે જેથી તેના ઔષધની માત્રા વિષમ ન થઈ જાય. મૂઠી ગોળ ને ચપટી સૂંઠ ભેળવીએ તો શું દશા થાય ? જે ગોળ રોગ દૂર કરવા માટે હતો - આરોગ્ય માટે હતો, એ જ આરોગ્યનો પ્રતિબંધક બની જાય. એ જ રીતે સ્વાધ્યાયદિ પણ સંસારરોગનું ઔષધ હોવા છતાં તેની વિષમમાત્રાને કારણે ભાવ-આરોગ્યનું પ્રતિબંધક બની જાય. કારણ કે તેમાં વૈયાવચ્ચનો અપવાદ છે - ઉપેક્ષા-તિરસ્કાર છે. માટે પહેલી નજરે સમ્યક્ લાગતા હોવા છતાં વાસ્તવમાં સમ્યક્ નથી. માટે જ દિવાકરજીએ સન્મતિતર્કમાં કહ્યું છે કે - 'સર્વ નયો પોતપોતાના અભિપ્રાયથી સત્ય હોવા છતાં જ્યારે તેઓ અન્ય નયનો અપલાપ કરે છે ત્યારે અસત્ય બની જાય છે.' આ જ રીતે જ્ઞાનક્રિયા નયમાં પણ સમજવું જોઈએ. અહીં સાર એ છે કે ઉચિતમાત્રાનું ઔષધ જ વાસ્તવિક ઔષધ બની શકે. ॥૧૦॥

१. पुच्छिज्जा पंजलिउडो किं कायव्वं मए इहं। इच्छं निओइउं भंते वेयावच्चे व सज्झाए।। उत्तराध्ययनम्।।२६-९।। २. सन्मतितर्कः।।१-२८।।



एवं सामान्यं निर्दिश्योपायविशेषान्नाह-

**यात्रामात्राशनो[1]ऽभीक्ष्णं परिशुद्धनि[2]भाशयः।**
**विविक्तनियताचा[3]रः स्मृतिदोषैर्न बा[4]ध्यते।।११।।**

अन्वयो यथाश्रुतः। **यात्रा** - संयमचर्या, **या त्रा**यते भीमभवाटवीभयादिति तन्निरुक्तियोगात्, तदबाधाकारिणी **मात्रा** - प्रमाणं यत्र तद्यात्रामात्रम्, तद**शनम्** - भोजनम् यस्य स **यात्रामात्राशनः**। इदमुक्तं भवति, नातिमात्रं भोक्तव्यम्, जाड्यादिदोषापत्तेः, ब्रह्मगुप्तिविराधनाच्च। नाप्यतीवोनमात्रम्, योगहान्यादिदोषानुषङ्गात्। किन्तु संयमयात्रोचितमात्रमित्याशयः[5]।

આમ નિશ્ચય-વ્યવહારના સંતુલનના નિર્દેશ દ્વારા ઉપાય સામાન્ય બતાવ્યો. હવે તેમાં જ કેટલાક વિશેષ બતાવતા કહે છે –

**જે યાત્રામાત્ર ભોજન કરે છે, વારંવાર પરિશુદ્ધ જેવો આશય ધરાવે છે, વિવિક્ત અને નિયત આચારવાન છે એ સ્મૃતિદોષોથી બાધા પામતો નથી. ॥૧૧॥**

જે ભયંકર ભવઅટવીના ભયથી બચાવે તેને યાત્રા કહેવાય. આ વ્યાખ્યાના યોગથી અહીં યાત્રા = સંયમચર્યા સમજવી. તેને બાધા ન કરે તેવી માત્રા જે ભોજનમાં હોય તે યાત્રામાત્ર ભોજન છે. આવું ભોજન જે કરે છે તે છે "યાત્રામાત્રાશન." આશય એ છે કે વધારે પડતું ભોજન ન કરવું જોઈએ. કારણ કે તેનાથી જડતા, આળસ વગેરે દોષો થાય તથા બ્રહ્મચર્યની વાડની વિરાધના પણ થાય. બહું ઓછી માત્રામાં પણ ભોજન ન કરવું જોઈએ. કારણ કે

१. क-ग - सनो। २. क - नलाश। ३. ग - चार स्मृ। ४. क - वाध्यते। ५. आह च- अच्चाहारो न सहे अतिनिद्धेण विसया उइज्जंति। जायामायाहारो तंपि पकामं ण इच्छामि - इति (आवश्यकनिर्युक्तौ-१२८०) ततः स्निग्धत्वादिमात्राऽपि यात्रानुगुणाऽनुसन्धेया इति।।

न च जहन्नेणेगसित्थं - इत्यागमविरोध[1] इति वाच्यम्, जघन्योनोदर्या अपि योगनिर्वाह एवानुज्ञानात्, तद्विरहे विकृष्टतपसोऽपि निषिद्धत्वात्[2] उक्तं च - येन योगा न हीयन्त इति[3]। नन्वेवं धन्यादिवृत्तस्यासम्यक्तापत्तिः, उत्थानादिहानिदर्शनेनानशनाङ्गीकरणादिति चेत् ? न, आगमव्यवहारिव्यवहृतत्वात्, अन्यथा त्वेकादशाङ्गभृत्त्वोक्तिरपि प्लवते, नवमासीयपर्याये तद्योगवहनस्याप्यसम्भवादित्यत्र जिन एव प्रमाणम्। तस्यैतावदेवायुर्दृष्ट्वा तेन तत्तपोऽनुज्ञातमिति नासम्यक्तागन्धोऽपि।

---

તેનાથી યોગોની હાનિ થાય. પણ જે માત્રાથી સંયમમાત્રા વ્યવસ્થિત થાય તેટલી માત્રામાં ભોજન કરવું જોઈએ.

પ્ર. :- બોલને વાલા ભી દિવાના ઔર સુનને વાલા ભી દિવાના. ઓછું ન વાપરવું આમ કહીને ઉણોદરી તપ જ ઉડાવી દીધો. ઉત્તરાધ્યયન સૂત્રમાં તો જેમાં માત્ર એકજ દાણો વાપરવાનો છે - એવો પણ ઉણોદરી તપ બતાવ્યો છે. એ વચનનો વિરોધ નહીં આવે ?

ઉ. :- ના, કારણ કે એ જઘન્યઉણોદરીની અનુજ્ઞા પણ ત્યારે જ અપાય છે જ્યારે યોગ-નિર્વાહ થતો હોય. અને જો યોગ નિર્વાહ ન થાય તો અઠ્ઠમથી ઉપરનો = વિકૃષ્ટ તપની ભાવના હોય તો ય તેનો નિષેધ કરાયો છે. જ્ઞાનસારમાં કહ્યું છે - તેવો જ તપ કરવો જેનાથી યોગહાનિ ન થાય.

પ્ર. :- આ તો તમે ઉલમાંથી ચૂલમાં પડ્યાં. ઉત્તરાધ્યયન સૂત્રનો વિરોધ દૂર કરતાં અંતકૃદ્દશાનો વિરોધ આવી પડ્યો. કારણ કે આ રીતે ધન્ના અણગાર વગેરેનું આચરણ ખોટું ઠરે છે. કારણ કે ૮ મહિના છટ્ઠને પારણે આયંબિલનો તપ કર્યા પછી તેમણે જોયું કે

---

१. उत्तराध्ययनम्।।३०-१५।। २. आवश्यकनिर्युक्ति - हारिभद्रीवृत्तिः।। पत्र - २७१।। ३. ज्ञानसारः।।३१-७।।



तथाऽ**भीक्ष्णं** - पुनः पुनः, मनोदोषलेशेनाप्यकलङ्कितत्वात् **परि**- समन्तात् **शुद्धः** - निर्मलः, तस्य **निभः** - सदृशः, **आशयः** - चित्तपरिणामो यस्य स **परिशुद्धनिभाशयः**। यद्यपि कालादिदोषान्न परिशुद्धाशयतासम्भवः, तत्सादृश्यं तु स्यादपीति तद्यत्नोपदेशः। एकस्मिन्नेव दिवसे[1] बहुशुभाशुभपरिणामसम्भवेऽपि पुनः पुनर्वीर्योल्लासात् सङ्क्ले-

---

- હવે ઉત્થાનાદિમાં શરીરનું સામર્થ્ય નહીવત્ છે - ત્યારે અનશન લઈ લીધું. હવે યોગનિર્વાહની વાત જ ક્યાં રહી ?

ઉ. :- ધન્ના અણગારના તપની વીરપ્રભુએ અનુજ્ઞા આપી હતી. માટે એ આગમવ્યવહારી (કેવળજ્ઞાનીથી ૧૦ પૂર્વી સુધીના મહાત્માઓ) વડે વ્યવહૃત હતો. માટે એમાં ખોટાપણાનો અવકાશ નથી. એને સાધારણ નિયમો પણ લાગતા નથી. જો આમ ન માનો તો એ જ આગમમાં ધન્ના અણગાર અગિયાર અંગના ધારક હતાં- એવી જે વાત છે એ પણ સંગત નહીં થાય. કારણ કે માત્ર ૯ મહિનાના પર્યાયમાં ૧૧ અંગના જોગ કરવા પણ સંભવિત નથી. માટે આ વિષયમાં પ્રભુ વીર જ પ્રમાણ છે. પ્રભુએ જોયું કે તેમનું નવ મહિનાનું જ આયુષ્ય છે માટે તેવા તપની અનુજ્ઞા આપી. માટે ધન્ના અણગારનું વૃત્ત તો અસમ્યક્ નથી અને યોગનિર્વાહ થાય એવો જ તપ કરવો જોઈએ આ વાત પણ અસમ્યક્ નથી.

તથા માનસિક દોષથી લેશ પણ કલંકિત ન હોવાથી જે અત્યંત શુદ્ધ આશય હોય, તેના જેવો આશય = ચિત્તપરિણામ, જે વારંવાર ધરાવે છે - તે છે પરિશુદ્ધનિભાશય. આશય છે કે કાળ વગેરેના દોષથી અત્યંત શુદ્ધ આશય ભલે ન આવે, પણ તેના જેવો આશય તો અશુદ્ધિમંદતાથી આવી શકે, માટે એના માટે પ્રયત્ન કરવો જોઈએ. વારંવાર કહેવાનું રહસ્ય એ છે કે જીવને એક જ

---

१. उपदेशमाला।।१६०।।

शस्थानाद्विशुद्धिस्थानं प्रयातीत्यभीक्ष्णाभिधानम्।

तथा **विविक्तो**ऽन्ययोगचिन्ताद्यकलुषितः, **नियतः** - अपुष्टालम्बनेऽकालसेवितत्वादिदोषाकलुषितत्वाद् ध्रुवश्चाचारो यस्य स **विविक्तनियताचारः**। अन्यमुद्दोषस्य सर्वानर्थबीजत्वात्[1], अविधेः परिभवरूपत्वात्[2], अपुष्टालम्बने त्यक्तस्यावज्ञातप्रायत्वेन भवान्तरेऽपि दुर्लभत्वापत्तेश्चेति।

स **स्मृतिः** - मतिः[3] - मन इति यावत्, तद्दूषकै**र्दोषैः** - रागादिभि**र्न बाध्यते** - न सङ्क्लिश्यते। यद्वा भुक्तभोगी शैक्षस्तत्स्मरणादिदोषैर्न

દિવસમાં ઘણા શુભાશુભ પરિણામ સંભવિત છે. માટે વારંવાર વીર્યોલ્લાસથી જે સંક્લેશ સ્થાનથી વિશુદ્ધિસ્થાનમાં ગમન કરે છે તે તથા જેનો આચાર અન્ય યોગની ચિંતા વગેરેથી અકલુષિત હોવાથી વિવિક્ત છે તથા પુષ્ટાલંબન વિના અકાળ સેવિતપણુ વગેરે દોષોથી પણ અકલુષિત હોવાથી નિયત છે તે વિવિક્તનિયતાચાર છે.

એક યોગમાં બીજા યોગની ચિંતા એ સર્વ અનર્થોનું બીજ છે. અવિધિ કરવી એ વિધિપ્રતિપાદક શાસ્ત્ર વચનોનો અનાદર, દ્વેષ છે. અને પુષ્ટાલંબન વિના જેની કાલાદિનિયતતાનો ત્યાગ કરાય અથવા તો સાવ છોડી દેવાય તે તો અવજ્ઞાત જેવું કહેવાય = તે અનુષ્ઠાનનું અપમાન કર્યું કહેવાય. અને તેના કારણે એ અનુષ્ઠાન ભવાંતરમાં પણ દુર્લભ થઈ જાય માટે એ દોષોને છોડવા જોઈએ.

સ્મૃતિ એટલે મન, તેને દૂષિત કરનારા રાગાદિ દોષો વડે પરિમિતભોક્તાપણું વગેરે હમણા જણાવેલા ગુણોવાળી વ્યક્તિ બાધિત થતી નથી = રાગાદિ વડે એનું મન સંક્લિષ્ટ થતું નથી.

બીજો અર્થ એ થઈ શકે કે એ વ્યક્તિ જો ભુક્તભોગી હોય તો તેને ગૃહસ્થાવસ્થામાં ભોગવેલા ભોગોનું સ્મરણ થવાથી બ્રહ્મચર્યમાં

१. षोडशकः॥१४-९॥ २. योगबिन्दुः॥२४०॥ ३. तत्त्वार्थसूत्रम्॥१-१३॥



**बाध्यत** इत्यपरोऽप्यर्थः। आचारादिसामर्थ्यप्रतिहतत्वात्तेषामित्याशयः ॥११॥

एवं दोषाबाधितस्य शैक्षस्य योगक्षेमार्थं गुरुकर्तव्यमाह–

**आदेशस्मरणाक्षेपप्रायश्चित्तानुपक्रमाः[1]।**

**यथारसं प्रयोक्तव्याः सिद्ध्यसिद्धिगतागतैः॥१२॥**

सिद्ध्यसिद्धिगतागतैरादेशस्मरणाक्षेपप्रायश्चित्तानुपक्रमा यथारसं प्रयोक्तव्याः - इत्यन्वयः।

**सिद्धिः** चिकीर्षितकृतिः, **असिद्धिः** तदकृतिः, ते यथासङ्ख्यं **गतैरगतैश्च**, सिद्धिं प्राप्तैः, असिद्धिं चाप्राप्तैरित्यर्थः। न च पुनरुक्तमिति

જે દોષો લાગે તેનાથી એ બાધિત થતી નથી. કારણ કે આચાર-વિચારની શુદ્ધિને કારણે તેને તેનું સ્મરણ જ થતું નથી માટે એ દોષોની શક્તિ ક્ષીણ થઈ જાય છે. ॥૧૧॥

આ રીતે દોષોથી અબાધિત શિષ્યના યોગક્ષેમ માટે ગુરુનું કર્તવ્ય કહે છે –

**સિદ્ધિપ્રાપ્ત - અસિદ્ધિઅપ્રાપ્ત અનુશાસકોએ આદેશ, સ્મરણ, આક્ષેપ, પ્રાયશ્ચિત્ત અને અનુપક્રમને રસાનુસારે પ્રયોજવા જોઈએ. ॥૧૨॥**

સિદ્ધિ એટલે જે કરવાની ઈચ્છા હોય તેનું કરણ. અસિદ્ધિ એટલે તેનું અકરણ. જેમને સિદ્ધિ પ્રાપ્ત થઈ છે અને અસિદ્ધિ પ્રાપ્ત નથી થઈ તેવા અનુશાસકોએ હવે કહેવાય છે તે આદેશાદિનો પ્રયોગ કરવો જોઈએ.

પ્ર. :- સિદ્ધિને પામેલા છે એના પરથી જ અસિદ્ધિને નથી પામ્યા એ અર્થ મળી જાય છે તો ફરીથી તે કહેવામાં પુનરુક્તિ નથી ?

ઉ. :- ના, કારણ કે એ કહેવા દ્વારા પૂર્વે કહેલ વસ્તુનો નિયમ

१. ख - क्रमः। ग - क्रमा।

वाच्यम्, नियमार्थत्वात्, यथोच्यते - अहं गृहमेव यामि, नान्यत्रेति। सफलारम्भैरेवानुशासकैर्भाव्यमिति तात्पर्यम्, न च पराधीनत्वादशक्योपदेशोऽयमिति वाच्यम्, अमूढलक्ष्यानां स्वाधीनत्वात्, भगवद्वत्। न हि ते तादृशादेशादौ प्रवर्तन्त एव, यत्रासिद्धिसम्भवः स्यादिति।

**आदेशः** - शासनम्। नन्वादेशे क्रियमाणे न आणावेयव्वा - इति सिद्धान्तबाध इति चेत् ? न, भजनाभावात्, अयमाशयः - **आदेशः** - आज्ञापनी भाषा द्विधा, परलोकाबाधिनी इतरा च, तत्र स्वपरानुग्रहबुद्ध्या शाठ्यमन्तरेण आमुष्मिकफलसाधनाय प्रतिपन्नैहिकालम्बनप्रयोजना

- અવશ્યપણું બાંધવામાં આવે છે. જેમ કે વ્યવહારમાં પણ બોલાતું હોય છે - હું ઘરે જ જાઉં છું, બીજે નથી જતો.

આ નિયમ બાંધવા દ્વારા એક સંકેત આપ્યો છે કે અનુશાસકોએ સફલારંભી બનવું જોઈએ.

પ્ર. :- પ્રયત્ન સફળ થાય કે ન થાય એ પોતાના હાથની વાત નથી. માટે તમારી આ વાત અશક્યતાનો ઉપદેશ છે.

ઉ. :- ના, કારણ કે જેઓ અમૂઢલક્ષ્ય હોય છે, તેમને એ વાત સ્વાધીન હોય છે. જેમ કે ભગવાને જોયું કે દેશના આપીશ તો નિષ્ફળ જશે માટે જરા માંગલિક જેવું કરી આટોપી લીધી. આમ અમૂઢલક્ષ્ય અનુશાસકો એવા આદેશ વગેરેમાં પ્રવૃત્તિ જ નથી કરતાં કે જેમાં અસિદ્ધિનો સંભવ હોય.

આદેશ એટલે આજ્ઞા.

પ્ર. :- અરે, જો અનુશાસક આજ્ઞા કરશે તો - સર્વ જીવોને આજ્ઞા ન કરવી - એવા સિદ્ધાન્તનો બાધ નહીં આવે ?

ઉ. :- ના, કારણ કે એમાં ભજના છે. જેને પ્રજ્ઞાપનાસૂત્રમાં આ રીતે સ્પષ્ટ કરી છે - આદેશ એટલે કે આજ્ઞાપની ભાષા. તે બે પ્રકારે છે. એક પરલોકને અબાધક. અને બીજી પરલોક-બાધક.



विवक्षितकार्यप्रसाधनयुक्ता विनीतविनेयजनविषया सा परलोकाबाधिनी, एषैव च साधूनां प्रज्ञापनी, परलोकाबाधनात्, इतरा त्वितरविषया, सा च स्वपर - सङ्क्लेशजननात् मृषेत्यप्रज्ञापनी साधुवर्गस्य।[१] आह च - अविणीयमाणवंतो किलिस्सइ भासइ मुसं तह य। घंटालोहं नाउं को कडकरणे पवत्तेज्जा ? इति[२]। इत्थं चात्र परलोकाबाधिन्याज्ञापनीभाषालक्षण आदेशः कर्तव्यतयोपदिष्ट इत्यदोषः।

તેમાં જે સ્વ-પરના અનુગ્રહની બુદ્ધિથી, કપટ વિના, પરલોકના ફળની સિદ્ધિ માટે આલોકના આલંબનના પ્રયોજનવાળી, જેનાથી વિવક્ષિત કાર્યની સિદ્ધિ થઈ શકે, વિનીત-વિનેયજન = વિનય વાળા શિષ્યને જે કહેવાતી હોય તે પરલોકને અબાધક છે અને એ જ ભાષા સાધુઓને બોલવા યોગ્ય છે. કારણ કે આવી ભાષા બોલવાથી પરલોક બગડતો નથી.

પણ જે આવી ભાષા નથી અથવા તો બીજી બધી યોગ્યતા હોવા છતાં પણ શિષ્ય જ વિનીત નથી માટે યોગ્ય ભાષા પણ અયોગ્ય પાત્રને કારણે અનુચિત બની જાય છે. માટે એવી આજ્ઞાનો શિષ્ય સ્વીકાર ન કરે, સામો થાય, અનુશાસકને પણ ક્રોધ-માનનો ઉદય થાય, પરિણામે સ્વપરનો સંક્લેશ થાય માટે એ ભાષા પરલોકબાધક હોવાથી મૃષાવાદ છે. માટે સાધુવૃન્દને બોલવા યોગ્ય નથી. જે અવિનીતને આજ્ઞા કરે છે, એ સંકલેશ પામે છે તથા મૃષા બોલે છે. ઘંટ બનાવવા માટેનું લોઢું હોય તેનાથી ચટ્ટાઈ બનાવવાનો પ્રયત્ન કોણ કરે ?

આ રીતે અહીં અનુશાસકને આદેશ કરવાનો જે ઉપદેશ આપ્યો છે તેમાં આદેશનો અર્થ પરલોકને અબાધક આજ્ઞાપની ભાષા કરવો માટે એમાં દોષ નથી.

બીજા નંબરમાં પ્રયોગ કરવાનો છે સારણાનો. એટલે કે શિષ્ય

१. प्रज्ञापनावृत्तिः।। पत्रम् - २५०।। २. विंशतिविंशिका।।७-५।।

तथा **स्मरणम्** - अन्तर्भावितण्यर्थत्वात् स्मारणम् - विस्मृताचारस्य स्मृतिपथानयनम्। यद्वाऽविस्मृताचारस्यापि प्रमादिनो मृदुतयैव विस्मृताचारस्येव स्मारणम्। गीतार्था ह्युभयहितानुबन्धिमृषामपि ब्रुवाणा आराधकाः, प्रमाणं चात्र पारमर्षम् - 'उवउत्तो चत्तारि भासाइ भासमाणो आराहगो' - इति।

यद्वाऽनुशासको विनेयविशेषाद्यपेक्षया स्मारणामप्युपेक्ष्य स्वयमेव तत्प्रबोधाय **स्मरणं** करोतीति यथाश्रुतार्थः, यथा - अहो ! विस्मृतं मे पर्वदेववन्दनम्, अधुनाऽपि कुर्वे - इत्यादि। ततश्च तन्निशम्य शैक्षोऽपि

જે આચાર ભૂલી ગયો હોય તેને યાદ કરાવવું.

પ્ર. :- અહીં મૂળમાં તો સ્મરણ શબ્દ છે, તમે તો સ્મારણ નો અર્થ કર્યો.

ઉ. :- કેટલીક વાર પ્રાચીન શાસ્ત્રોમાં પ્રેરકાર્થથી અંદર ભાવિત થયેલા શબ્દોનો પ્રયોગ કર્યો હોય છે. ટીકાકારોએ તે મુજબ અર્થો કર્યા હોય એવું પણ જોવા મળે છે. માટે આવું અર્થઘટન અનુચિત નથી. આમ છતાં પણ સ્મરણ શબ્દ લઈને પણ આગળ અર્થ કરેલ છે.

આમ તો જે ભૂલી ગયો હોય તેને યાદ કરાવવાનું હોય પણ ક્યારેક કોઈ યાદ હોવા છતાં પ્રમાદ કરતો હોય ત્યારે પણ તેને કોમળતાથી... પ્રેમથી જાણે એ ભૂલી ગયો હોય એમ યાદ કરાવવું એને પણ સારણા કહેવાય.

પ્ર. :- અરે ! પણ એ તો મૃષાવાદ છે. જ્યારે ખબર જ છે કે એ જાણી જોઈને કરે છે. તો પછી યાદ કરાવવું એ અનુચિત નથી ?

ઉ. :- ના, કારણ કે ગીતાર્થ ગુરુઓ સ્વ-પરને હિતાનુંબધી મૃષા બોલે તો ય આરાધક છે. અહીં પરમર્ષિઓનું વચન પ્રમાણ છે - ઉપયુક્ત ચારે પ્રકારની ભાષા બોલનારો આરાધક છે.



तत्कर्तुमुत्सहत इति।

तथा **अक्षेपः** - अप्रतिक्षेपः, पराभवपरिहार इत्यर्थः। दुःषमाकालाद्यनुभावेनाल्पसत्त्वा विनेया अपरसाक्षिकं क्षतिनिर्देशादि स्वमर्मोद्घाटनं तद्वेधं च मन्यमानाः कदाचित्स्वपरानर्थं कुर्युरिति जानानो नैव तत्क्षेपं करोति, प्रायः सर्वेषामपि प्रियस्वमानत्वात्, इति तत्पुष्टिकृदेव चोदनं श्रेयः, तथा चार्षम्- पल्हायंतो व मणं सीसं चोएइ आयरिओ - इति[1]।

અથવા તો અનુશાસક શિષ્યવિશેષની અપેક્ષાએ યાદ કરાવવાનું પણ છોડીને સ્વયં સ્મરણ કરીને તેને પ્રતિબોધ કરે.

જેમ કે - અરે ! આજે ચૌમાસી ચૌદશના દેવવંદન તો ભૂલી જ ગયો. ચાલો, હવે પણ કરી લઉં વગેરે. પછી એ સાંભળીને શિષ્ય તે કરવા માટે ઉત્સાહિત થઈ જાય.

ત્રીજા નંબરમાં કરવાનો છે અપ્રતિક્ષેપ = પરાભવનો પરિહાર. દુઃષમા કાળના પ્રભાવે શિષ્યોનું સત્ત્વ અલ્પ હોય છે. માટે જો બીજાના સાંભળતા તેમની ભૂલનો નિર્દેશ કરવામાં આવે, તો કદાચ તેમને લાગે કે ગુરુજી મારું મર્મોદ્‌ઘાટન કરે છે - મારો મર્મવેધ કરે છે. અને પછી સંક્લેશથી કદાચ સ્વ-પરનો અનર્થ કરે.

માટે આ પરિસ્થિતિ ધ્યાનમાં રાખીને અનુશાસક તેમનો પ્રતિક્ષેપ ન કરે. ઉપલક્ષણથી યથાશક્ય તેમની વાતને માન આપે, તેમની વાત તોડી ન પાડે વગેરે પણ સમજવું જોઈએ.

પ્રાયઃ બધાને સ્વમાન વ્હાલુ હોય છે. માટે એની પુષ્ટિ કરનારી પ્રેરણા શ્રેયસ્કર છે. મહર્ષિએ કહ્યું છે ને - જાણે મનને અત્યંત આહ્લાદ આપતા હોય, તે રીતે ગુરુએ શિષ્યને પ્રેરણા કરવી.

ચોથા નંબરમાં કરવાનું છે પ્રાયશ્ચિત્ત. જે પ્રાયઃ કરીને ચિત્તને

१. उपदेशमाला।।१०४।।

प्रायः चित्तं शोधयतीति - **प्रायश्चित्तम्**, विनेयमनोनिर्मलीकरणं ह्यनुशासकपरमकर्तव्यमित्यसौ प्रतिरूपोपायप्रयोगेण तत् करोति। यद्वा विनेयस्य लज्जाद्यपसार्य[1] प्रमादचेष्टितस्यालोचनां कारयित्वोचितं प्रायश्चित्तं प्रदत्त इत्यर्थः। अन्यथा धर्मावस्थानासम्भवात्, उक्तं च - धम्मो सुद्धस्स चिट्ठइ - इति[2]।

तथाऽ**नुपक्रमः** - सर्वथानवसरं दृष्ट्वाऽप्रवृत्तिः - उपेक्षा - स्मारणाद्यकरणमिति यावत्। न हि यदैव शैक्षः प्रमाद्यति तदैव स्मारणादि कर्तव्यमेवेत्येकान्तोऽस्ति, अकालवृष्टेः शस्यविनाशकतावदनवसरानु-

શુદ્ધ કરે તેને પ્રાયશ્ચિત કહેવાય. અનુશાસકનું પરમ કર્તવ્ય છે કે એ શિષ્યના મનને નિર્મળ કરે. માટે એણે ઉચિત ઉપાયથી એ કાર્ય કરવું જોઈએ.

અથવા તો શિષ્યની શરમ, ક્ષોભ, અહંકાર, ગારવ વગેરેને દૂર કરીને તેના પ્રમાદકાર્યની આલોચના કરાવીને ઉચિત પ્રાયશ્ચિત આપે - એવો પણ અર્થ થઈ શકે. કારણ કે મલિન આત્મામાં ધર્મ ટકી શકતો નથી. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે - શુદ્ધ જીવનો ધર્મ સ્થિતિ પામે છે.

પાંચમો નંબર આવે છે અનુપક્રમનો. જ્યારે સર્વથા અવસર જ ન હોય ત્યારે સારણા વગેરે કાંઈ ન કરવું. ઉપેક્ષા કરવી. ગુરુએ સારણાદિ કરવા જોઈએ, એ વાત સાચી પણ એવો કાંઈ નિયમ નથી કે જ્યારે શિષ્ય પ્રમાદ કરે ત્યારે જ તાબડતોબ તેને સારણાદિ કરી જ દેવાના. એનો અવસર પણ જોવો પડે. અકાળે થયેલો વરસાદ તો ઉલ્ટુ ધાન્યનો વિનાશ નોતરનારો થાય છે, તે જ રીતે અનવસરે અનુશાસન કરવાથી અસ્વીકાર, પ્રદ્વેષ વગેરે અનેક દોષો સંભવિત છે.

१. तथा चालोचनागुरुगुणाः - ओवीलए पकुव्वी य - इत्यादि (ओवीलए = अपव्रीडकः = શરમ છોડાવનાર)। २. उत्तराध्ययनम्।।३-१२।।



शासनादप्रतिपत्त्यादिदोषसम्भवात्। तस्मात् कदाचित्तच्चेष्टिताज्ञ इवोपेक्षमाणोऽनुपक्रममवलम्बत इत्यर्थः।

एत आदेशादयो **यथारसं** - विनेयस्य संवेगादिरसमवधार्य तमनतिक्रम्य तदनुरूपमिति यावत्, एतच्चाद्यवृत्ते भावितमेव **प्रयोक्तव्याः** - स्वपरहितानुबन्धितयाऽनुशासकेन प्रयोगविषयीकार्याः।।१२।।

अथ कदाचिदसहनः शैक्षः, सुखोचितत्वादभावितत्वाच्च, तस्मिन्नुचितकर्तव्यमाह–

**परप्रशंसा स्वक्षेपो विपरीतमुपेक्षितः[1]।**
**उत्कर्षापकर्षौ[2] चैता[3] विनयोन्नयजातयः।।१३।।**

માટે કેટલીક વાર અનુશાસકે જાણે શિષ્યના પ્રમાદની જાણ જ ન હોય તેમ તેની ઉપેક્ષા કરીને અનુપક્રમનું જ અવલંબન કરવું જોઈએ. વર્તમાનમાં અલ્પસત્ત્વજીવોને ધ્યાનમાં લઈને - અમુક સમયના ગાળા પછી જ પ્રેમથી કહેવું વિશેષ હિતાવહ છે.

એ આદેશ વગેરે શિષ્યના સંવેગ, નિર્વેદના [4]ભાવને જાણીને તેને અનુરૂપપણે કરવા જોઈએ.

આ વસ્તુ પહેલા શ્લોકમાં વિચારી જ છે. પ્રયોગ કરવો એટલે અનુશાસકે સ્વ-પરને હિતાનુબન્ધી થાય એ રીતે તેનું વિધાન કરવું. ।।૧૨।।

હવે કો'ક કેસ એવો છે કે શિષ્ય પૂર્વાવસ્થામાં સુખશીલ હોવાથી તથા હજુ પણ ભાવિત ન થયો હોવાથી અસહનશીલ છે. ત્યારે કરવાનું - ઉચિત કર્તવ્ય કહે છે –

**પરપ્રશંસા, સ્વક્ષેપ, વિપરીતને ઉપેક્ષિત, ઉત્કર્ષ અને અપકર્ષ આ વિનયની ઉન્નતિ કરનારા પ્રકારો છે. ।।૧૩।।**

१. क ग - क्षितम्। २. ख - कषौ विपविनयोत्रय। ३. क - चैव। ग - चैन।
૪. રસ- શબ્દ ભાવવાચી પણ છે એવું ષોડશક વૃત્તિ ।।૨-૧૫।। માં જણાવેલ છે.

अन्वयो यथाश्रुतः। **परः** स एव शैक्षोऽन्यो वा, तस्य **प्रशंसा** - गुणवर्णना। स्वप्रशंसया गुरौ बहुमानवृद्ध्या स तदाज्ञाकाङ्क्षितादिकं प्रतिपद्यते, प्रियप्रदातुः प्रियीभवनात्। न च 'नैव पुत्रा' इति[1] नीतिविरोध इति वाच्यम्, शिष्याधिकारात्। ननु तत्राप्ययं न्यायः, पुत्ता य सीसा य समं विभत्ता - [2]इत्युक्तेरिति चेत् ? सत्यम्, तथाप्यनेकान्तः, अवसरोचितोपबृंहणायाः सम्यक्त्वाचारतयाऽऽवश्यकत्वात्, तदभावे स्वपरसंसारवृद्धिनिदर्शनस्य प्रवचने प्रसिद्धत्वाच्च।

પર એટલે તે જ શિષ્ય અથવા બીજું કોઈક, તેની પ્રશંસા = ગુણવર્ણના. પોતાની પ્રશંસા સાંભળીને એને ગુરુ પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થાય અને તે આજ્ઞાકાંક્ષીપણું વગેરે ગુણને પામે = તેને આવી ભાવનાઓ થાય કે ગુરુ મને કાંઈક આદેશ કરે, વગેરે. કારણ કે સ્વપ્રશંસા તો બધાને પ્રિય હોય છે અને એવો નિયમ છે કે જે પોતાને પ્રિય વસ્તુ આપે એ વ્યક્તિ પણ પ્રિય બની જાય છે.

પ્ર. :- તમારી વાતો માનીને તો ગુરુઓને પસ્તાવું પડશે. નીતિશાસ્ત્રો કહે છે કે કદી પુત્રોની પ્રશંસા ન જ કરવી. તમે તો ઉલ્ટુ કરવાનું શીખવાડો છો.

ઉ. :- અહીં પુત્રની નહીં, શિષ્યની વાત છે.

પ્ર. :- અરે ભાઈ ! શિષ્યને પણ એ જ નીતિ લાગુ પડશે કારણ કે શિષ્ય અને પુત્રો સમાન જેવા છે એવું ગૌતમકુલકનું વચન છે.

ઉ. :- ઠીક છે, તો ય તેમની પ્રશંસા ન જ કરવી એવો કોઈ એકાંત નથી. કારણ કે અવસરને ઉચિત ઉપબૃંહણા એ તો આવશ્યક છે. શાસ્ત્રમાં એવું પણ દૃષ્ટાંત પ્રસિદ્ધ છે જેમાં ગુરુએ શિષ્યોની આરાધના-પ્રભાવનાની ઉપબૃંહણા ન કરવાથી તેમણે એ પ્રવૃત્તિ જ

१. प्रत्यक्षा गुरवः स्तुत्याः, परोक्षे मित्रबान्धवाः। भृत्याश्च कार्यपर्यन्ते, नैव पुत्रा मृताः स्त्रियः - इति पूर्णवृत्तम्। २. गौतमकुलकम्।।१५।।



यद्वा **परस्येत्यन्यस्य** कस्यचित् **प्रशंसा**, यथाऽधिकृतशैक्षस्य वैयावृत्त्यस्मारणादिकमुपेक्ष्यान्यविनेयस्य वैयावृत्त्यं प्रशंसति, तच्छ्रवणेन सोऽपि वैयावृत्त्यायोत्सहते। पुरुषादिनिरपेक्षस्मारणादिकृदपि स्मारणादिप्रमादिगुरुवदपराध्यतीति[1] तत्सापेक्षतायत्नः श्रेयानित्यत्र परमार्थः।

तथा **स्वस्यात्मनः क्षेपः** - निन्दा, पुष्टालम्बनेनापवादपदेऽपि प्रतिसेवितेऽननुतापे[2] प्रायश्चित्तवृद्धेः, संविग्नताक्षतेः। तद्दर्शनेन शैक्षोऽपि विपरिणमते, यथा सर्वाण्यपि व्रतानि स्थापनामात्रमित्यादि, एवं चोदितप्रतिचोदनादिदोषा अपि द्रष्टव्याः। अनुशासककृतात्मक्षेपं तु

છોડી દીધી, પરિણામે ગુરુ-શિષ્યો બંનેનો સંસાર વધી ગયો.

બીજો અર્થ એ થઈ શકે કે પર એટલે એ શિષ્ય સિવાય બીજા કોઈની પ્રશંસા. જેમ કે અમુક શિષ્યને વૈયાવચ્ચની પ્રેરણા કરવાની ઉપેક્ષા કરીને બીજા શિષ્યની વૈયાવચ્ચની પ્રશંસા કરે. એ સાંભળીને તેને પણ વૈયાવચ્ચનો ઉત્સાહ જાગી ઉઠે.

જે ગુરુ ગચ્છની ઉપેક્ષા કરીને સારણાદિ કરવામાં પ્રમાદ કરે તે જેમ અપરાધક છે, તેમ પુરુષ (શિષ્યવિશેષ) વગેરેને નિરપેક્ષ સારણાદિ કરે તે પણ અપરાધક છે માટે એમાં સાપેક્ષતાનો પ્રયત્ન કલ્યાણકારી છે, એવો અહીં પરમાર્થ છે.

બીજો નંબર છે સ્વનિંદાનો. નિંદાનું એક કારણ એ હોઈ શકે કે જે પુષ્ટાલંબનથી પણ અપવાદમાર્ગે દોષ સેવ્યો હોય તેનો પશ્ચાતાપ - આત્મનિંદા (અરેરે, મેં ખોટું કર્યું) ન કરે તો વધારે પ્રાયશ્ચિત આવે. વળી સંવિજ્ઞતાના ભાવને પણ ટકાવી ન શકાય. એ જોઈને અભાવિત શિષ્યના પણ ભાવ પડી જાય. એ સમજે કે બધા વ્રતો સ્થાપનામાત્ર જ છે - નામના જ છે. આ ઉપરાંત તેને ક્યારેક અમુક દોષના વારણાદિ કરવામાં આવે ત્યારે તે સામો

१. पुष्पमाला।।३३६-३४२।। २. तथा चागमः- अणाणुतावी अ णिस्संको - इति।

निशम्यासौ चिन्तयति- अहो ! संविग्ना मे गुरवः, निरहङ्काराः, संयमैकप्रतिबद्धहृदयाश्च, कथमन्यथा पुष्टालम्बन-प्रतिसेवितेऽप्यस्मत्समक्षमेवमात्मनिन्दां कुर्युः- इति।

यद्यनुशासको ब्रूयादहोऽहमधन्योऽद्य चतुर्दश्यामप्युपवासासमर्थ इत्यादि, तदा शैक्षः प्रतिवक्ति - कोऽयं भवतां वार्द्धक्याद्यपहृतबलानामुपवासावसरः ? ममैवोपवासानुज्ञा दीयतामिति। अविमृष्टस्मारणे त्वभावितत्वेन - भवन्त एव किं न कुर्वन्ति ? इत्यादि ब्रूयाच्चिन्तयेद्वेति।

तथा **विपरीतम्**- उक्तोऽप्यनुशासनप्रतिकूलं कुर्वाणः शैक्ष **उपेक्षितः**

---

જવાબ આપે કે તમે તો આવું કરતાં હતાં, વગેરે..

તેના બદલે જો અનુશાસક પોતે જ આત્મનિંદા કરે તો તે સાંભળીને શિષ્ય વિચારે અહો ! આ મારા ગુરુદેવ સંવિજ્ઞ છે. એમનું હૃદય એક માત્ર સંયમમાં જ પ્રતિબદ્ધ છે. અન્યથા આટલા ગાઢ કારણે પણ જે દોષ સેવ્યો છે, એના માટે અમારી સામે આ રીતે આત્મનિંદા કેમ કરે ?

જો અનુશાસક કહે કે- અરે... હું કેટલો કમભાગી ! આજે ચૌદશે પણ ઉપવાસ કરવા સમર્થ નથી, વગેરે. તો શિષ્ય પ્રત્યુત્તર આપતા કહે - ગુરુદેવ ! આપ તો વૃદ્ધ છો, ગ્લાન છો, આપનામાં શક્તિ પણ નથી. આપને તો ઉપવાસ કરવાની પરિસ્થિતિ જ ક્યાં છે ? એમ કરો, મને જ ઉપવાસ કરવાની અનુજ્ઞા આપી દો.

પણ આવો કોઈ વિચાર કર્યા વિના સીધે સીધું- કેમ આજે ચૌદશનો ઉપવાસ નથી કરવો ? ઈત્યાદિ કહે, તો શિષ્ય સીધો પ્રતિપ્રશ્ન કરે કે - તમે જ કેમ નથી કરતા ? વગેરે. કદાચ બોલે નહીં, તો ય તેવો વિચાર તો આવી જાય.

ત્રીજું કાર્ય છે - જેને પ્રેરણા કરવા છતાં પણ અનુશાસનથી વિપરીત - પ્રતિકૂલ વર્તન કરે તેની ઉપેક્ષા કરવી. ઉચિત અવસર ન



- अनवसरे स्मारणाद्यविषयीकृतः। तदास्योपेक्षा कर्तव्येति भावः। गुरुबहुमानहान्यादिहेतुको वैपरीत्यसम्भवः स्यात्, तद्भावोल्लासापादनमन्तरेणैव स्मारणादि दोषायैव, अभिनवज्वरे शमनीयवदिति वक्ष्यते। उपेक्षितस्तु कदाचिद्विमृशेत - अहो मदनुशासकगाम्भीर्यम्, यज्जानानोऽपि मच्चेष्टितं मयि कृपावृष्टिमेव तनोतीत्यादि। ततश्च स्वयमेवानुशयपरः प्रमादमालोच्याप्रमादं प्रतिपद्येत।

**तथोत्कर्षः** - यथावसरं तद्वचनादरादिना तदनुग्रहः, तथाहुर्वृत्तिकाराः[1] - आनमन्तीत्यादेः पुनरुच्चारणं शिष्यवचन आदरोपदर्शनार्थम्, गुरुभिराद्रियमाणवचना हि शिष्याः सन्तोषवन्तो भवन्ति, तथा च सति

---

આવે ત્યાં સુધી તેને સારણાદિ ન કરતાં માત્ર ઉપેક્ષા કરવી. વિપરીતતાનું કારણ ગુરુબહુમાનમાં હાનિ વગેરે હોઈ શકે. એને એ ભાવોલ્લાસ જગાડ્યા વિના જ સારણાદિ કરવાથી તો નુકશાન જ થવાનું છે. જેમકે નવા તાવમાં શમનૌષધથી નુકશાન થાય. એ આગળ કહેવાશે.

આવા સમયે સૌ પ્રથમ જો ઉપેક્ષા જ કરી હોય- “લેટ ગો” કર્યું હોય અને પોતાના વર્તનમાં એની કોઈ અસર લાવવા ન દીધી હોય તો કદાચ એ શિષ્ય વિચારે કે “મારા અનુશાસકની કેવી ગંભીરતા છે ! કે તે મારું કારસ્તાન જાણતા હોવા છતાં પણ મારા પર કૃપાવૃષ્ટિ જ કરે છે.” પછી કદાચ પોતે જ પશ્ચાત્તાપમાં તત્પર થઈને પ્રમાદની આલોચના કરીને અપ્રમાદનો સ્વીકાર કરે.

ચોથું કર્તવ્ય છે ઉત્કર્ષ = અવસરે તેના વચનનો આદર, અમલ વગેરે કરવા દ્વારા તેના પર અનુગ્રહ કરવો. વૃત્તિકાર શ્રીમલયગિરિ મહારાજે કહ્યું છે ને - ‘આનમન્તિ’ વગેરે પદોનું ફરી ઉચ્ચારણ શિષ્યના વચનમાં આદર બતાવવા માટે છે જ. ગુરુ

---

१. प्रज्ञापनावृत्तिः।।पृ.२२१।।

पौनःपुन्येन प्रश्नश्रवणार्थनिर्णयादिषु घटन्ते, लोके चादेयवचना भवन्ति, एवं प्रभूतभव्योपकारस्तीर्थाभिवृद्धिश्चेति। आदिनाऽभीष्टदानादिग्रहः। अन्यथानुरक्तस्यापि विरक्तिसम्भवात्। यथाह राजनीतिरपि - स्वयमनवेक्षणं देयांशहरणं कालयापनं व्यसनाप्रतीकारो विशेषविधावसम्भावनं च तन्त्रस्य विरक्तिकारणानीति[१]।

**अपकर्षः** - यथावसरो निग्रहः, अल्पानुग्रहः, अननुग्रहो वा। अप्रमत्तस्योचितोपबृंहणादिवञ्चितस्य, प्रमत्तस्यापि सर्वथोपेक्षितस्यैकान्तप्रशंसि-

શિષ્યોના વચનનો આદર કરે એટલે શિષ્યો સંતોષ પામે, ફરી ફરી પ્રશ્નો કરે, તેના ઉત્તરો ધ્યાન દઈને સાંભળે, તે અર્થનો નિશ્ચય કરે, અને આમ જ્ઞાનના પરિપાકને પામીને લોકમાં આદેય વચનવાળા થાય. આ રીતે ઘણા ભવ્યો પર ઉપકાર થાય, તથા તીર્થની અત્યંત વૃદ્ધિ થાય.

અહીં વગેરેથી ઈચ્છિતદાન વગેરે સમજવા જોઈએ. જો આ બધું ન કરવામાં આવે તો શિષ્યને ગુરુ પર પ્રેમ હોય તો ય દ્વેષમાં પલટાઈ શકે. જેમકે રાજનીતિમાં પણ કહ્યું છે - પોતે દેખભાળ ન રાખવી, તેમના પગારનો ભાગ પડાવી લેવો, તાત્કાલિક કર્તવ્ય સમયે સમય પસાર થવા દેવો, આપત્તિનું નિવારણ ન કરવું અને વિશેષ વિધાનમાં-પ્રસંગે માન ન આપવું- વિશિષ્ટ પરાક્રમ જેવા સમયે પણ જાણે કાંઈ કર્યું જ ન હોય તેમ ધ્યાનમાં જ ન લેવું - ઉચિત પ્રશંસા-પુરસ્કારાદિ ન કરવા. આ બધા પરિવાર-નોકરચાકર-સૈન્યાદિના વિરાગના કારણો છે.

પાંચમો છે અપકર્ષ = અવસરને અનુરૂપ નિગ્રહ - અલ્પ અનુગ્રહ કે અનનુગ્રહ કરવો.

ઉત્કર્ષ- અપકર્ષનું મહત્ત્વ એટલા માટે છે કે અપ્રમત્ત શિષ્ય

१. नीतिवाक्यामृतम्।।२२-१८।।



तस्य वाऽहितसम्भवात्।

न च प्रशंसया पुनरुक्तमिति वाच्यम्, तत्र वाङ्मात्रेणानुग्रह उक्त, अत्राभीष्टदानादिनाऽपीति विशेषात्। **चः** समुच्चये।

**एता** अनन्तरनिर्दिष्टा **विनयः** - अनुशासनसत्प्रतिपत्तिप्रभृतिलक्षणः शैक्षाचारः, तमुन्नयन्तीति **विनयोन्नया जातयः** प्रकारविशेषा सन्तीति शेषः। एताभिः परप्रशंसादिभिः शैक्षोऽनुशासनं सम्यक् प्रतिपद्यत इति भावः। तत्फलत्वेन तासामप्यनुशासनरूपत्वादिति।।१३।।

પણ જો ઉચિત ઉપબૃંહણાથી વંચિત જ રહે, અથવા પ્રમત્તની પણ માત્ર ઉપેક્ષા જ કરાય અથવા માત્ર પ્રશંસા જ કરાય, તો તેઓનું અહિત સંભવે છે.

પ્ર. :- તમારી ટીકા જ કહે છે કે એ બોગસ છે. આગળ-પાછળનો વિચાર કરશો તો તમને ય આ વાત સમજાઈ જશે. ઉત્કર્ષમાં તમે જે વાત કરી એ તો પ્રશંસા માં પણ આવી ગઈ છે. તો એ પુનરુક્તિ નથી ?

ઉ. :- ના, કારણ કે પ્રશંસામાં વચનમાત્રથી અનુગ્રહ કહ્યો છે, ઉત્કર્ષમાં તો ઈષ્ટદાન વગેરેથી પણ અનુગ્રહ કરવાનો કહ્યો છે માટે બંનેમાં ફરક છે.

આ પાંચે વિનયની વૃદ્ધિ કરનારા પ્રકારો છે. તેના સમ્યક્ પ્રયોગથી અનુશાસનનો સમ્યક્ સ્વીકાર કરવો વગેરે શિષ્યનો આચાર ઉન્નતિ પામે છે.

પ્ર. :- અરે, પણ પ્રશંસા વગેરેમાં અનુશાસન તો કર્યું જ નથી. તો પછી - શિષ્ય અનુશાસનનો સમ્યક્ સ્વીકાર કરે છે - એમ શી રીતે કહી શકાય ?

ઉ. :- હમણાં જ જોઈ ગયા તે મુજબ અનુશાસનથી જે ફળ (અપ્રમાદપ્રતિપત્તિ) જોઈએ છે એ ફળ આ પ્રશંસા વગેરેથી પણ

नीतिसर्वस्वमुपदिशन्नाह–

**स्वास्थ्यात् पदत्रयावृत्त्ययोनयः[1] स्थानवर्त्मनः।**

**शैक्षदुर्बलगीतार्थगुरूणामर्थसिद्धये[2]।।१४।।**

स्थानवर्त्मनः स्वास्थ्यात् पदत्रयावृत्त्ययोनयः शैक्षदुर्बलगीतार्थगुरूणामर्थसिद्धये - इत्यन्वयः।

स्थाने वर्त्म यस्यासौ **स्थानवर्त्मा**, उचितानुशासनपथपथिकोऽनुशासक इत्यर्थः, तस्य, **स्वास्थ्यात्** - समाध्यनतिक्रमात्, **पदत्रयम्** - ज्ञानदर्शनचरणलक्षणस्थानत्रितयम्, स्थानपदं रत्नत्रयीपरं सिद्धान्ते

---

મળી શકે છે. માટે સમાન ફળની અપેક્ષાએ પ્રશંસાદિ પણ અનુશાસન સ્વરૂપ જ છે. ।।૧૩।।

નીતિસર્વસ્વનો ઉપદેશ આપતા કહે છે –

**ઉચિતમાર્ગગામીનો - સ્વસ્થતાપૂર્વક પદત્રય-આવૃત્તિ - આ લોખંડી ન્યાય શૈક્ષ, દુર્બલ, અને ગીતાર્થગુરુના પ્રયોજનની સિદ્ધિ માટે છે. ।।૧૪।।**

જે ઉચિત અનુશાસન માર્ગે ગમન કરે છે તે અનુશાસકની એક માત્ર સર્વોપરી નીતિ એ જ હોય કે જેમ સ્વસ્થતા રહેતી હોય - અસમાધિ ન થતી હોય તે મુજબ બધી શક્તિ લગાવીને રત્નત્રયીમાં ઉદ્યમ કરવો.

પ્ર. :- આનું નામ અર્થની ખેંચતાણ. મૂળમાં તો પદત્રય એટલું જ કહ્યું છે. તમે દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાંથી લઈ આવ્યા ?

ઉ. :- પદ = સ્થાન.સ્થાન શબ્દ આગમમાં રત્નત્રયી અર્થમાં પ્રસિદ્ધ છે. જેમ કે - જે શ્રમણ જયણાવાન ગચ્છને છોડીને ચરણકરણમાં અત્યંત શિથિલ પાર્શ્વસ્થોના ગચ્છમાં પ્રવેશ કરે છે તે

---

१. ग- नयस्था। २. ख - गीतार्थः गुरु।



प्रसिद्धं यथा - सो ठाणे परिच्चयइ तिन्नि - इति[1], तस्मिन् **आसमन्तात् वृत्तिः** - आत्मव्यवस्थितिः। यथासमाधि रत्नत्रयी आराध्या इति भावः। एतदनन्तरोक्तोऽ**यो** - लोहं तद्वदभेद्यो **नयः** - अनुशासननीतिः, **शैक्षाः** - अभिनवत्वादिविशिष्टशिष्याः, **दुर्बलाः** - ग्लानप्रवयोबालतपस्विनः, तेषामनुशासनविषयाणां तथा **गीतार्थानां** - स्वभ्यस्तसूत्रार्थानां **गुरूणां** - अनुशासकाना**मर्थः** - प्रयोजनम्, तच्चानन्तरमप्रमादप्रतिपत्त्यादि, परम्परं तु मोक्षः, तस्य **सिद्धिः** - निष्पत्तिः, तस्यै भवतीति शेषः। अयमयोनयस्तत्सिद्धिप्रत्यल इति भावः।।१४।।

किमेतदावृत्तिफलमित्यत्राह –

---

દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ સ્થાનનો પરિત્યાગ કરે છે.

યથાસમાધિ રત્નત્રયી આરાધના કરવી. આ લોઢા જેવી અભેદ્ય-જેમાં દોષ ન હોવાથી ખણખોદ ન કરી શકાય - તેવી અનુશાસન ની નીતિ છે. નવા-પુરાણા શિષ્યો, ગ્લાન, વૃદ્ધ, બાલ, તપસ્વી વગેરે અશક્ત મહાત્માઓ કે જેમને અનુશાસન કરવાનું છે તથા જેમણે સૂત્રાર્થનો સારી રીતે અભ્યાસ કર્યો છે એવા ગુરુઓ કે જેઓ અનુશાસક છે.

આ બંને પક્ષનો જે અર્થ = પ્રયોજન છે - અનંતર પ્રયોજન = અપ્રમાદપ્રતિપત્તિ વગેરે, પરંપર પ્રયોજન = મોક્ષ, એ પ્રયોજનની સિદ્ધિ = નિષ્પત્તિ પૂર્વોક્ત નીતિથી થાય છે. એટલે કે પૂર્વોક્ત લોખંડી નીતિ શિષ્ય અને ગુરુ બંનેના પ્રયોજનની સિદ્ધિ કરાવવા સમર્થ છે. ।।૧૪।।

પ્ર. :- રત્નત્રયીની આવૃત્તિનું ફળ શું મળશે ?

ઉ. :- એ જ કહે છે –

---

१. गुरुतत्त्वविनिश्चयः।।३-४०।। त्रीणि स्थानानि ज्ञानदर्शनचारित्ररूपाणि इति तद्वृत्तिः।

**आसेवनपरीहार[1]परिसङ्ख्यानशान्तयः।**
**परीषहा वपुर्बुद्धिनिमित्तासमकल्पकाः।।१५।।**

अन्वयो यथाश्रुतः। **आसेवनम्** - चारित्राचारानुष्ठानम्, परिसमन्तात् ह्रियन्ते दुष्कर्माणि येन स **परीहारः** - विचित्रतपोनुष्ठानम्, **परिसमन्तात् सङ्ख्यायन्ते** ज्ञायन्ते जगद्वर्तिपदार्थसार्था अनेनेति **परिसङ्ख्यानम्** - सम्यग्ज्ञानम्, तथा **शान्तिः** - उपशमः, समग्रलक्षणोपलक्षितसम्यग्दर्शनोपलक्षणमिदम्, सम्यक्चारित्रतपोज्ञानदर्शनानीति समासार्थः।

तथा मार्गाच्यवननिर्जराभ्यां परिसमन्तात् सह्यन्त इति **परीषहाः**

**આસેવન, પરીહાર, પરિસંખ્યાન, શાન્તિ અને પરીષહો શરીર અને બુદ્ધિના નિમિત્તમાં અતુલ્ય સમર્થ છે. ।।૧૫।।**

આસેવન = ચારિત્રાચારનું અનુષ્ઠાન, જેનાથી દુષ્ટ કર્મોનું અત્યંત અપહરણ = નિર્જરા થાય તે પરિહાર = વિચિત્ર તપોનુષ્ઠાન.

જેનાથી જગતમાં રહેલા પદાર્થના સમૂહો અત્યંત સ્પષ્ટ અને યથાર્થપણે જણાય તે પરિસંખ્યાન = સમ્યક્ જ્ઞાન.

શાન્તિ એટલે ઉપશમ. જે સમ્યક્ત્વનું પ્રથમ લક્ષણ છે. એના દ્વારા સમગ્ર લક્ષણોથી ઉપલક્ષિત એવું સમ્યગ્દર્શન સમજવાનું છે.

આમ આખા સમાસનો અર્થ છે સમ્યક્ ચારિત્ર, તપ, જ્ઞાન અને દર્શન.

મોક્ષમાર્ગથી ભ્રષ્ટ ન થવાય એટલા માટે અને નિર્જરા માટે સહન કરવામાં આવે તે પરીષહ કહેવાય. તે ક્ષુધા, તૃષા વગેરે ૨૨ પ્રકારના છે.

પ્ર. :- પરીષહો તો ચારિત્રમાં જ આવી ગયાં છે, પછી ફરીથી કહ્યાં, માટે પુનરુક્તિ દોષ નથી ?

ઉ. :- ના, કારણ કે એના ઉપન્યાસમાં વિશિષ્ટ પ્રયોજન છે.

१. ख - परिहारः परि।



- क्षुधातृषादयः, न च चारित्रान्तर्भूतत्वेन पुनरुक्तिरिति वाच्यम्, विशेषप्रयोजनवत्त्वादुपन्यासस्य, अन्यथा तपसोऽपि तत्प्रसङ्गः। प्रयोजनं तु निरुक्तिसिद्धम्। अभिदधन्ति चात्र - अदुःखभावितं ज्ञानं, क्षीयते दुःखसन्निधौ। तस्माद्यथाबलं दुखैरात्मानं भावयेन्मुनिः - इति[1]।

सर्वेऽप्येते **वपुः** - शरीरम्, **बुद्धिर्मनः**, तयो**र्निमित्तम्** - दोषनिवृत्तिलक्षणं प्रयोजनम्, तस्मिन् **असमाः** - अतुल्याः, **कल्पकाः** - समर्थाः। अनन्तरनिर्दिष्टा आसेवनादयो वपुर्मनउभयहितोपायज्ञगीतार्थनिर्दिष्टत्वेन

એ પ્રયોજન તો પરીષહની વ્યાખ્યામાં જ જણાવી દીધું છે. આ વિષયમાં કહ્યું પણ છે –

જે જ્ઞાન મેળવવા સાથે દુઃખોને સહન કરવાનો અભ્યાસ નથી કર્યો, એવું જ્ઞાન દુઃખ આવતાં ક્ષીણ થઈ જાય છે. માટે મુનિએ બળને અનુસારે પોતાની જાતને દુઃખો વડે ભાવિત કરવી જોઈએ = યથાશક્તિ સહનશીલતા કેળવીને દુઃખોને જીરવવાનો અભ્યાસ કરવો જોઈએ.

પરીષહોને સહન કરવામાં આવું પ્રયોજન છે, માટે એનું વિશેષ મહત્ત્વ હોવાથી, પ્રાધાન્ય આપીને ચારિત્રમાં અંતર્ભૂત હોવા છતાં અલગ નિર્દેશ કર્યો છે. આમ છતાં જો અલગ નિર્દેશનો વિરોધ કરો તો તપનો નિર્દેશ પણ નહીં થઈ શકે, કારણ કે એ પણ ચારિત્રમાં અંતર્ભૂત જ છે.

આ બધા શરીર અને મનના દોષોની નિવૃત્તિનું જે પ્રયોજન છે તેને સિદ્ધ કરવામાં અતુલ્યરૂપે સમર્થ છે. કારણ કે આ આસેવન વગેરે શરીર-મન બંનેને હિતકારક એવા ઉપાયને જાણનારા ગીતાર્થોએ નિર્દિષ્ટ કરેલ હોવાથી તે બંનેના દોષોનું નિવારણ કરવા માટે અત્યંત સમર્થ છે.

પ્ર. :- મનની વાત તો ગળે ઉતરે છે. પણ, શરીર માટે પરીષહ

१. समाधितन्त्रम्।।१०२।।

तदुभयदोषनिवारणायात्यन्तं शक्ता इति हृदयम्।

न च परीषहादौ वपुःक्षयदर्शनादसदिदमिति वाच्यम्, तपस्तुलनाप्रवृत्तजिनकल्पार्थिना व्यभिचारदर्शनात्, स हि क्षुधापरीषहं तथाऽभ्यस्यति, यथोपसर्गादिना षट्मास्यनशनेनापि न बाध्यते। अल्पाधिकमात्रायामनुभवसिद्धमपीदम्, तथा च स्फुटैव वपुर्दोषनिवृत्तिः, दशाविशेषे तु तत्क्षयोऽप्यभीष्ट एव, तत्रापि निमित्तान्तरेण सङ्गन्तव्यम् ।।१५।।

---

વગેરે હિતકારક કેવી રીતે થઈ શકે ? તેમાં તો ઉલ્ટો શરીરને ઘસારો થતો દેખાય છે.

ઉ. :- ના, કારણ કે એવો એકાંત નથી. શાસ્ત્રમાં જિનકલ્પના સ્વીકારની જે વિધિ બતાવી છે, તેમાં મહાત્માએ તપ તુલના કરવાની હોય છે. તેમાં ક્ષુધાપરીષહને સહન કરવાનો એવો અભ્યાસ કરે કે ક્યારેક ઉપસર્ગ, અંતરાય વગેરે કારણે જો છ મહિના સુધી ગોચરી ન મળે તો ય વાંધો ન આવે. આ પ્રભાવ તેના પરીષહ-અભ્યાસનો જ છે. બાકી સામાન્ય માણસને તો એક ટંક છોડવું ય ભારે પડી જાય. માટે શરીરને એ રીતે ઘડવામાં પરીષહ ઉપયોગી બને છે એમ માનવું જ પડશે. અને ઓછા-વત્તા પ્રમાણમાં તો આપણને પણ એ અનુભવસિદ્ધ છે. રોજ બપોરે ગોચરી જતાં મહાત્માને તો રોડ ગરમ છે એટલો પણ ખ્યાલ ન આવે અને પહેલી વાર કો'ક શ્રાવક ઉઘાડા પગે સાથે આવ્યો હોય એની દયનીય દશા થઈ જાય. આમ શરીરના દોષની નિવૃત્તિ પરીષહોને સહવાથી થાય છે, એ સ્પષ્ટ જ છે.

અને અમુક ભૂમિકાએ તો શરીરનો ક્ષય પણ ઈષ્ટ જ છે. તે ભૂમિકાને અનુરૂપ શરીરના નિમિત્તની પણ સંગતિ કરી લેવી. જેમ કે સ્ત્રી-પરીષહ વગેરેમાં ક્યારેક મરણ પણ અભિમત હોય છે. ।।૧૫।।



गुरुकर्तव्यान्तरमाह–

**असूया[1]क्षेपकौत्[2]कुच्यपरीहासमिथःकथाः।**
**स्वैरस्[3]वापासनाहार[4]चर्याः पश्यन्निवारयेत्।।१६।।**

अन्वयो यथाश्रुतः। **असूया** - ईर्ष्या, **क्षेपः** - निन्दा, **कुत्कुचः** - कुत्सितसङ्कोचनादिक्रियायुक्तः, तद्भावः **कौत्कुच्यम्** - अनेकप्रकारा मुखनयनादिविकारपूर्विका परिहासादिजनिता भाण्डानामिव विडम्बनक्रिया[5], **परीहासः** - नर्मभाषणाट्टहासप्रभृतिः, **मिथः** - गृहिसंयतान्यतरेण सह, **कथा** - वृथाऽऽलापः, एताः।

तथा **स्वैरः** - स्वच्छन्दः, अपुष्टालम्बनाद् गुर्वनुज्ञानिरपेक्षत्वाच्चा-

---

ગુરુનું અન્ય કર્તવ્ય કહે છે –

**ઈર્ષ્યા, નિંદા, કૌત્કુચ્ય, પરીહાસ, પરસ્પર વાતો, સ્વચ્છંદ નિદ્રા-આસન-ચર્યાને જોતા નિવારણ કરવું. ।।૧૬।।**

અસૂયા એટલે ઈર્ષ્યા, ક્ષેપ એટલે નિંદા. જે ખરાબ સંકોચન વગેરેની ક્રિયાથી યુક્ત હોય એ કુત્કુચ કહેવાય એનો ભાવ = કૌત્કુચ્ય = એકદમ હલકા નટડા-ભાંડ લોકોની જેમ અનેક પ્રકારના મુખ, નયન વગેરેના વિકારવાળી પરિહાસ વગેરેથી થયેલી વિડંબનક્રિયા. પરીહાસ એટલે મજાક, મશ્કરી, અટ્ટહાસ વગેરે. ગૃહસ્થ કે સંયમી-બેમાંથી કોઈની પણ સાથે નકામી વાતો. આ બધું અનુશાસક જોઈને તેનું નિવારણ કરે.

તથા જે દોષો પુષ્ટાલંબનથી = ગાઢ કારણે ન સેવ્યા હોય = નિષ્કારણ કે નજીવા કારણથી સેવ્યા હોય અથવા તો એવું ગાઢ કારણ હોવા છતાં પણ ગુર્વાજ્ઞાનિરપેક્ષપણે સેવ્યા હોય એ દોષો અપવાદમાર્ગ તરીકે પણ માન્ય નથી. એ તો ઉન્માર્ગ છે. સ્વચ્છંદતા છે.

---

१. ग - अस्तू। २. ख - कौकुच्य। ३. ख - स्वैरपापा।
४. ख - हारः चर्या। ग- हारं वर्याः। ५. पञ्चाशकवृत्तिः।

स्यापवादपदास्पदत्वस्याप्यसम्भवात्, **स्वापः** - दिवानिद्रादिः, आदिना रोगादि विना निखिलनिशाशयनग्रहः।

तथा **आसनम्** - निषीदनम्, स्वैरशब्दः प्रत्येकमभिसम्बन्धनीयः, ततश्च स्वच्छन्दं सामाचार्यतिक्रमेणास्थिरतया यत्र तत्राप्रमार्जितदुष्प्रमार्जितयोरनुपयोगेनोपवेशनमित्यर्थः, तथा चार्षम् - अथिरासणे कुक्कुइए जत्थ तत्थ णिसीयइ। आसणम्मि अणाउत्ते पावसमणु त्ति वुच्चइ - इति[1]।

---

આવા સ્વચ્છંદ દોષોનું પણ વારણ કરવું જોઈએ. એમાંથી કેટલાકનો ઉલ્લેખ કરે છે (૧) નિદ્રા = દિવસે સૂવું, રોગ - ઉગ્ર વિહાર વગેરે કારણ વિના આખી રાત (સૂર્યાસ્તથી સૂર્યોદય) સૂવું અથવા બે પ્રહરથી વધુ નિદ્રા લેવી.

(૨) આસન = સામાચારીનો ભંગ કરીને - કાજો લીધા વિના, અસ્થિરપણે જ્યાં ત્યાં - ત્રસાદિ સંસક્ત ભૂમિમાં, પ્રમાર્જન કર્યા વિના, જેમ તેમ પ્રમાર્જીને, અનુપયોગથી - પ્રમાદથી બેસી જવું એ સ્વચ્છંદ આસન છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે - જે અસ્થિરાસનવાળા, કુત્કુચપણાવાળા (કુત્કુચનો અર્થ શ્લોક - પૂર્વાર્ધમાં સમજાવ્યો છે.) જ્યાં ત્યાં બેસે છે, તેઓ આસનમાં અનુપયુક્ત છે. તેઓને તીર્થંકરોએ 'પાપી શ્રમણ' કહ્યા છે.

આસનનો બીજો અર્થ છે - માસકલ્પ વગેરે વિહારમર્યાદાનું ઉલ્લંઘન કરીને એક જ સ્થાને લાંબો સમય રહેવું. સંન્યાસોપનિષદ્માં કહ્યું છે - [2]આસન, પાત્રલોપ, સંચય, શિષ્યસંચય, દિવાનિદ્રા, વૃથા-આલાપ - આ છ વસ્તુઓ યતિને બંધન કરનારી છે.

---

૧. उत्तराध्ययनम्।।१७-१३।। ૨. આસન = ચાતુર્માસ વિના સ્થિરતા કરવી, પાત્રલોપ = અધિક પરિગ્રહ રાખવો. સંચય = કાલાન્તરભોગ માટે સંગ્રહ કરવો. તથા લાભ, પૂજા વગેરે માટે પરિગ્રહ કરવો. શિષ્યસંચય = કરુણાબુદ્ધિ વિના સ્વાર્થાદિ મલિનાશયથી શિષ્ય કરવો. - સંન્યાસોપનિષદ્.



यद्वा मासकल्पाद्यतिक्रमेणैकस्मिन्नेव स्थाने प्रभूतकालं निवास **आसनम्**, तथाहुः परेऽपि - आसनं पात्रलोपश्च सञ्चयः शिष्यसञ्चयः। दिवास्वापो वृथालापो यतेर्बन्धकराणि षट्- इति[1]। न च वाससयं पि वसंता - इत्यार्षबाध[2] इति वाच्यम्, पुष्टालम्बनापेक्षत्वात्तस्य, अत्र तु स्वैरतया तद्विरहात्।

यद्वा स्त्रिया सह सन्निषद्यागतस्य **स्वैरासनं** विज्ञेयम्, जिनाज्ञोल्लङ्घनात्, तथा च पारमर्षम् - नो इत्थीहिं सद्धिं सन्निसिज्जागए विहरित्ता हवइ से निग्गंथे - इति[3]।

यद्वा **स्वैरासनं** सत्यपि सामर्थ्ये बालाद्यप्रतितर्पितया रत्नत्रयी-

---

પ્ર. :- શાબાશ, તમે તો કાકડે માકડું જોડી દીધું. ભલા માણસ ! એ તો જૈનેતર શાસ્ત્ર છે. આપણા શાસ્ત્રમાં તો શું કહ્યું છે, ખબર છે ? કેવા માથું ખંજવાળવા લાગ્યા ? જુઓ, ઉપદેશમાલામાં કહ્યું છે કે - ૧૦૦ વર્ષ એક જ ગામમાં રહે તો ય આરાધક છે.

ઉ. :- એ વચન ગાઢ કારણની અપેક્ષાએ છે. અહીં તો જે નિષ્કારણ સ્વચ્છંદતાથી માસકલ્પાદિનો ત્યાગ કરે છે તેની વાત છે. માટે એ તો દોષરૂપ જ છે.

સ્વચ્છંદ આસનનો ત્રીજો અર્થ છે - સ્ત્રી સાથે એક આસને બેસવું, અથવા એકાંતમાં બેસવું. પરમર્ષિનું વચન પણ છે કે - જે સ્ત્રીઓ સાથે એક આસને ન બેસે તે નિર્ગ્રંથ છે. અન્યત્ર પણ કહ્યું છે કે માતા, બહેન કે પુત્રી સાથે પણ એકાંતમાં ન બેસવું. કારણ કે ઈન્દ્રિયસમૂહ બળવાન છે જેમાં વિદ્વાન્ પણ મોહ પામે છે.

સ્વચ્છંદ આસનનો ચોથો અર્થ છે – છતી શક્તિએ બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વીની ઉચિત સેવાની ઉપેક્ષા કરીને બેઠા રહેવું.

---

१. संन्यासोपनिषद्।।९८।। २. उपदेशमाला।।३९१।।
३. उत्तराध्ययनम्।।१६-३।।

निरुत्साहतया वौदासीन्यम्।

तथा स्वैराहारः - यात्रामात्रापेक्षयातिकृत्वः, अतिमात्रं चाहाराभ्यवहरणम्, उपलक्षणमिदम्, तेन रसार्थभक्त[1] - तीमनादिसंयुक्तभक्त[2] - प्रच्छन्नभद्रकभोगप्रान्तानयन[3] - गुरुतन्नियुक्तनिरपेक्षगृहीत - मण्डल्यतिक्रमगृहीत - इत्यादिनाऽपि स्वैराहारो विज्ञेयम्, क्वचिदपवादोऽप्यत्र यथाऽभक्तछन्द - ग्लान - सुखोचिताभावितानां संयोजनानुज्ञाऽपि दीयत - इत्याद्यन्यतो विज्ञेयम्।

यथाशक्तितपो - विधिग्रहण - मण्डलिव्यवस्थानतिक्रम[4]पुरस्सरम् पुष्टालम्बनेऽपि गुरुतन्नियुक्तानुज्ञया भुक्तमेवास्वैराहार इत्यन्यः सर्वोऽपि

અથવા તો રત્નત્રયીમાં ઉત્સાહ છોડીને બેઠા રહેવું - ઉદાસીન રહેવું - કાર્યશીલ ન થવું.

(૩) સ્વચ્છંદ આહાર = પૂર્વોક્ત યાત્રામાત્રાહાર કરતાં વધારે પડતો કે મલિનાશયથી ઓછો આહાર વાપરવો. આ તો ઉપલક્ષણ છે, માટે તેના પરથી સ્વાદ માટે વાપરવું, શાક-દાળમાં ભેગું કરી વાપરવું, સારી વસ્તુ છૂપી રીતે વાપરીને જેવી તેવી વસ્તુ લાવવી, ગુરુ કે ગુરુનિયુક્ત અધિકારીની અનુજ્ઞા વિના, તેમની વ્યવસ્થાની સાપેક્ષતા વિના, માંડલીનો ભંગ કરીને લીધેલું વગેરે પણ સ્વચ્છંદ આહાર છે.

આમાં ક્યાંક અપવાદ પણ છે. જેમ કે કોઈને અરુચિ હોય અથવા તો કોઈ ગ્લાન હોય, કોઈ બહુ સુખશીલ હોય અને હજી ભાવિત ન થયા હોય, તેમને સંયોજનાની અનુજ્ઞા પણ અપાય છે, વગેરે ઓઘનિર્યુક્તિ, આવશ્યકનિર્યુક્તિ વગેરે ગ્રંથોથી જાણી શકાય.

જેમાં યથાશક્તિ તપ હોય, વિધિથી વહોર્યું હોય, માંડલીવ્યવસ્થાનું

१. उत्तराध्यनयम्।।३५-१७।। २. ओघनिर्युक्तिः।। भा.२९५-३००।।
३. दशवैकालिकम्।। ५-२-३३।। ४. ओघनिर्युक्तिः।।५४०-५७८।।



स्वैराहार इति तात्पर्यम्। तथा **चर्या** - स्वैरविहारः - अनन्तरनिर्दिष्टस्वापाद्यन्यत् सर्वमपि स्वैराचरणम्। एतत्सर्वमपि **पश्यन्** - प्रज्ञाचर्मचक्षुषा - उपलब्धिविषयीकुर्वन्, उपलक्षणमेतत्, तेन नियुक्तादेः शृण्वन् इत्याद्याप्यूह्यम्। **निवारयेत्** - प्रस्तुतप्रबन्धोक्तेभ्यः पुरुषाद्युचितोपायप्रयोगेण तत्तद्दोषानपाकुर्यात्।।१६।।

मा भूदेकान्तनिवारितस्य निर्वेद इत्यन्यदपि तदुचितमाह—

**वि[1]नीतैर्भावविज्ञाननानारसकथासुखैः।**
**विश्रंसनमनिर्दिष्टम[2]नर्थं साध्यसाधयोः।।१७।।**

ઉલ્લંઘન ન કર્યું હોય, પુષ્ટાલંબને પણ ગુરુ કે ગુરુનિયુક્ત અધિકારીની અનુજ્ઞાથી જ વાપર્યું હોય એ જ અસ્વચ્છંદ આહાર છે. માટે એ સિવાય બધો સ્વચ્છંદ આહાર સમજવો એવું અહીં તાત્પર્ય છે.

(૪) ચર્યા = નિદ્રા વગેરે ત્રણ સિવાયનું સર્વ સ્વચ્છંદ આચરણ.

આને અનુશાસક પોતાના ચર્મચક્ષુ અને પ્રજ્ઞાચક્ષુથી જોઈને આ પ્રબંધમાં દર્શાવેલા પુરુષ વગેરેને ઉચિત ઉપાયોના પ્રયોગ વડે તે તે દોષોને દૂર કરે.

અહીં મૂળમાં "પશ્યન્" કહ્યું છે. એ તો ઉપલક્ષણ છે. તેના પરથી પોતે નિયુક્ત વિશ્વાસપાત્ર અધિકારી વગેરે પાસેથી સાંભળીને તેનું નિવારણ કરે, ઈત્યાદિ પણ સમજવું જોઈએ. ।।૧૬।।

પ્ર. :- અરે, પણ ગુરુ શિષ્યની પાછળ પડીને આ બધુ નિવારણ કરવા સતત ટોક ટોક કરશે તો શિષ્ય કંટાળી નહીં જાય ?

ઉ. :- હા, કોઈ કંટાળી પણ જાય. માટે જ ગુરુને કરવા યોગ્ય બીજું પણ કહે છે – **ભાવવિજ્ઞાન, વિવિધરસવાળી કથાઓ દ્વારા સુખ ઉપજાવવાથી વિશ્રંસન, સાધ્ય સાધકના અનર્થનો અનિર્દેશ (કરવા જોઈએ.) ।।૧૭।।**

१. ग - विगी। २. ख - ष्टंनर्थं।

भावविज्ञाननानारसकथासुखैर्विनीतैर्विश्रंसनम्, साध्यसाधयोरनर्थमनिर्दिष्टम् - इत्यन्वयः।

**भावानां** जगदुदरवर्तिपदार्थसार्थानां, **विज्ञानं** तत्पर्यायादिबोधविशिष्टं ज्ञानम्, यद्वा विनेयस्य भावानां चित्तपरिणामानां यथार्थतया यथासम्भवं तदनुरूपप्रतिभाववत्तया च विशिष्टं ज्ञानं **भावविज्ञानम्**, **नाना** - अनेकप्रकाराः, **रसाः**-वीरहास्यप्रभृतयश्चित्तानन्ददायकानि काव्याद्यङ्गानि, तैर्मनोज्ञास्तन्मया वा **कथाः** - भरतचक्रिप्रभृतिवृत्तवार्ताः, ता एव **सुखानि** - मनोनिर्वृतिनिबन्धनानि, तै**र्विनीतैः** विशेषेण - शिष्यप्रकृति-

જગતની મધ્યમાં રહેલા પદાર્થોના સમૂહોનું તેમના પર્યાયો વગેરેના બોધથી વિશિષ્ટ જ્ઞાન તે ભાવવિજ્ઞાન છે. અથવા તો શિષ્યના મનના પરિણામોને યથાર્થ રૂપે જાણવા અને શક્ય હોય ત્યાં સુધી તેને અનુરૂપ પ્રતિભાવ આપવો, આવી વિશિષ્ટતાથી યુક્ત જે જ્ઞાન તે ભાવવિજ્ઞાન છે.

જેમાં વીર, હાસ્ય, શાંત વગેરે અનેક કાવ્યના અંગભૂત રસો છે, તેથી જે ચિત્તને આનંદ આપે છે, એવા રસોથી જે કથા સુંદર છે અથવા જે કથા એવા રસોથી જ બનેલી છે, એવી ભરતચક્રવર્તી વગેરેના ચરિત્રની વાર્તાઓ જ મનને આહ્લાદ આપનારી હોવાથી સુખરૂપ છે. શિષ્યની પ્રકૃતિને સાપેક્ષપણે શિષ્યને તે કથાઓ સંભળાવવા દ્વારા માત્ર ટોક ટોક કરવાથી થયેલા કંટાળાને દૂર કરવા પૂર્વક તેને પ્રસન્ન કરવો.

પ્ર. :- તમે તો એવા અર્થ કરો છો કે જાણે સાંભળનારા ય તમારા જેવા જ છે. વિશ્રંસનનો અર્થ તો નાશ થવો, ખરી જવું, પડી જવું થાય. તમે તો અપૂર્વ અર્થનું પ્રકાશન કર્યું.

ઉ. :- ધાતુઓના અનેક અર્થો હોય છે. આમ છતાં તમારા સંતોષ માટે અમે એ અર્થમાં પણ સંગતિ કરી આપીએ છીએ. એવી



सापेक्षतारूपेण नीतैः - तच्छ्रवणविषयतां प्रापितै**र्विश्रंसनम्** - विशेषेण दोष-निवारणैकनिर्विण्णतापासनरूपेण श्रंसनम् - आप्यायनम् - प्रसन्नीकरणमित्यर्थः।

किं यत्किञ्चिद्वार्तयाऽपि विश्रंसनमाहोस्वित् कश्चिद्विशेष इत्यत्राह - **साध्यः** - मोक्षः, साधयतीति **साधः** - शैक्षः, तयोः प्रतिलोमतयाऽ**नर्थम्** - प्रत्यपायावहम्, प्रयोजनक्षतेस्तद्विरुद्धत्वाच्च साध्यस्यानर्थम्, तत एव साधस्याप्यनर्थम्, निर्दिष्टम् - निर्देशविषयीकृतम्, न तद्- **अनिर्दिष्टम्** - अनन्तरोक्तकथायां शिष्यायाप्रतिपादितं यथा स्यात् तथा कथा कर्तव्येति शेषः। एतदुक्तं भवति - नैकान्तस्मारणादिना शिष्यनिर्वेदः कार्यः, नाप्येकान्तविश्रंसनप्रवृत्तेः शृङ्गारादिकथया तदहितं कर्तव्यम्, किन्तु साध्यानुगुणा विश्रंसनकारिकाः कथाः कार्या इति।।१७।।

સુંદર વાર્તાઓ વડે વિશ્રંસન કરવું = કંટાળાનો નાશ કરવો, કંટાળો-ઉદ્વેગ દૂર કરવો.

પ્ર. :- ઠીક છે, જે તે વાર્તાથી પણ શિષ્યનું મનોરંજન કરવાનું, બરાબર છે ?

ઉ. :- ના ભાઈ ના, જે વાર્તા વગેરેથી મોક્ષરૂપી સાધ્ય અને શિષ્યરૂપી તેનો સાધક એ બંનેને જે વિરુદ્ધ હોવાથી અનર્થકારક હોય તેનો નિર્દેશ ન કરવો જોઈએ. મોક્ષરૂપી પ્રયોજનમાં હાનિકારક હોવાથી અને તેને સિદ્ધ કરવામાં વિરુદ્ધ હોવાથી સાધ્યને અનર્થકર હોય એ જ કારણથી એ સાધ્યના સાધકને પણ અનર્થકર હોય તેનું વિવિધ કથાઓમાં શિષ્ય સમક્ષ પ્રતિપાદન ન કરવું જોઈએ.

આશય એ છે કે માત્ર સારણાદિથી શિષ્યને ઉદ્વેગ ન કરાવવો. અને માત્ર વિશ્રંસનની પ્રવૃત્તિથી શૃંગાર વગેરેવાળી કથાથી તેનું અહિત પણ ન કરવું પણ વિશ્રંસન કરનારી કથાઓ પણ એવી કરવી જે મોક્ષરૂપી સાધ્યની સિદ્ધિ કરવામાં સહાયક બને.

न केवलं यत्किञ्चिन्निवारण एव, अपि त्वन्यत्रापि विधिनिषेधानेकान्तः श्रेयान्, अन्यथानेकदोषानुषङ्ग इति दर्शयति -

**उत्क्षेपासङ्गविक्षेपाः शब्दादित्यागभोगयोः।**
**तयोरनियमः[1] श्रेयान् पुरुषाशयशक्तितः।।१८।।**

शब्दादित्यागभोगयोरुत्क्षेपासङ्गविक्षेपाः, पुरुषाशयशक्तितः तयो-

प्र. :- करी ने गरबड ? गुरु पदे पहोंचेला कांई शृंगार कथा करवाना छे ? के तमारे एनी ना पाडवी पडे.

ઉ. :- શાસ્ત્રોમાં નવે રસનું વર્ણન આવતું હોય છે. પણ તેનું પઠન-પાઠન સ્વ-પરને કલ્યાણકારી થાય, એ રીતે કરવું જોઈએ. માટે કથા આદિમાં શિષ્યની પરિણતિ આદિનો વિચાર કરીને તેને કલ્યાણકર અંશ જ કહેવો જોઈએ એવું તાત્પર્ય છે.

અથવા તો શિષ્યની ભૂમિકાને અનનુરૂપ દેશ-વિદેશની વાતો વગેરે, જેનાથી તેની અંતર્મુખતાદિની હાનિ થાય, બાહ્યભાવ વધે, એવું ન કહેવું જોઈએ એવો અર્થ સમજવો. ।।૧૭।।

આમ અમુક વસ્તુના નિવારણમાં કોઈ એકાંત નથી, કે માત્ર નિવારણ જ કર્યા કરવું કે ન જ કરવું. એ જ રીતે બીજી બાબતોમાં પણ વિધિ-નિષેધનો અનેકાંત શ્રેયસ્કર છે. એકાંત પકડી રાખતા અનેક દોષો ઊભા થાય છે એ દર્શાવતા કહે છે –

**શબ્દ વગેરેના ત્યાગ-ભોગમાં ઉત્ક્ષેપ, આસંગ અને વિક્ષેપ થાય છે. પુરુષના આશય અને શક્તિને અનુસારે તેમનો અનિયમ શ્રેયસ્કર છે. ।।૧૮।।**

શ્રોત્રેન્દ્રિય વગેરેના વિષયો શબ્દ વગેરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ધ્યાનમાં લીધા વિના તેમનો ત્યાગ કરવામાં આવે અથવા તો ભોગવવામાં આવે તો નિમ્નલિખિત દોષોનો સંભવ છે.

१. ख - निमयः।



रनियमः श्रेयान् - इत्यन्वयः। **शब्दादयः** - श्रोत्रादीन्द्रियविषयाः, तेषां **त्यागः** - द्रव्यादिनिरपेक्षः परिहारः, **भोगः** - तन्निरपेक्षमासेवनम्, तयोः सत्योरुत्कटः क्षेपो व्याक्षिप्तभावः - **उत्क्षेपः** - उन्मादप्रद्वेषादिकलुषितचित्तपरिणामः, स स्यात्। अयमाशयः। वातादिबाधितस्याभावितादेर्वा बलाद्विकृतित्याजनरूक्षभोजनात् तत्तद्दोषप्रकोपनिपीडितोऽसावुत्क्षिप्तचित्ततादिदोषान् प्राप्नोति, तदुपदेशके च प्रद्वेषादिकं प्रयातीति।

तथा **आसमन्तात् सङ्गः** - त्याजितविषयेऽभिष्वङ्गः, स स्यात्, तथास्वभावत्वेन चित्तस्य बलान्निषिद्धे निकामं कामनाप्रवृत्तेः। तथा **विक्षेपः** - विशेषेण ज्ञानादावत्यन्तं निरुद्यमतारूपेण क्षेपः निरासभावः शून्यमनस्कता - इत्यर्थः। एत एव दोषा तन्निर्विण्णस्य बलाद्भोग-

(૧) ઉત્ક્ષેપ = ઉત્કટ કક્ષાનો વ્યાક્ષિપ્ત ભાવ થાય. એટલે કે ઉન્માદ, પ્રદ્વેષ વગેરેથી મલિન એવો ચિત્તનો પરિણામ થાય.

આશય એ છે કે જેને "ગેસ ટ્રબલ" હોય અથવા તો જે હજી ભાવિત ન થયા હોય, લુખા ભોજનથી ટેવાયા ન હોય તેમને જબરદસ્તીથી વિગઈત્યાગ કરાવવાથી, લુખુ ભોજન કરાવવાથી, તેમની વાતપ્રકોપ વગેરેની તકલીફ ખૂબ વધી જાય, તેનાથી તેમનું ચિત્ત ઉત્ક્ષિપ્ત થઈ જાય, અત્યંત તંગ થઈ જાય, ચિડિયો, ગુસ્સાવાળો સ્વભાવ થઈ જાય. કદાચ પાગલપણુ પણ આવી જાય. આ ઉપરાંત તેને ઉપદેશક પર અત્યંત અસદ્ભાવ પણ થાય.

(૨) આસંગ :- જે વસ્તુ (વિષય) છોડાવી છે તેમાં અત્યંત રાગ થાય. કારણ કે મનનો સ્વભાવ વાંદરા જેવો છે. જેની ના પાડો તેમાં તેની કામના ખૂબ જ વધી જાય છે.

(૩) વિક્ષેપ :- જ્ઞાન, દર્શન, ચારિત્રમાં અત્યંત નિરુદ્યમતાથી વિશિષ્ટરૂપે ક્ષિપ્તભાવ = શૂન્યમનસ્કતા થઈ જાય.

આ દોષો જેમ જબરદસ્તીથી ત્યાગ કરાવવામાં થાય છે. તેમ

कारणेऽपि द्रष्टव्याः। अतः **पुरुषः** - शैक्षविशेषः, **तस्याशयः** - धृति-संवेगादिपरिणामः, **शक्तिः** - संहननादिः, तदुभयसकाशात् - तदपेक्षात इति यावत्, **तयोः** - शब्दादित्यागभोगयोः, **अनियमः** - एकान्तविरहितता **श्रेयान्** - कल्याणकृत्। न च ब्रह्मानेकान्तप्रसङ्गः, ग्लानादिविकृति-भोगादिविषयत्वात्। न च रसमात्रानेकान्तप्रसङ्गः, गन्धादिनिदर्शनस्यापि सुलभत्वात्।।१८।।

---

જેને એ વિષયોનો નિર્વેદ છે એને પરાણે ભોગ કરાવવામાં પણ સમજવા જોઈએ.

આવી પરિસ્થિતિ હોવાથી શિષ્યવિશેષના ધૃતિ-સંવેગ વગેરે પરિણામો તથા શારીરિક સંઘયણ વગેરેનો વિચાર કરીને તેની સાપેક્ષતાથી શબ્દાદિ વિષયોના ત્યાગ અને ભોગમાં એકાંત ન રાખવો એ જ સારું છે.

પ્ર. :- બ્રહ્મચર્ય વ્રત તો નિરપવાદ છે. તો પછી તમે આવા અનેકાંતનો ઉપદેશ આપો છો એ ઉત્સૂત્ર પ્રરૂપણા નથી ?

ઉ. :- તમે આશય નથી સમજ્યાં. અહીં બ્રહ્મચર્યના અપવાદની વાત નથી. પણ પૂર્વે કહ્યું તેમ ગેસ વગેરેની તકલીફવાળાને તેને રાહત રહે તેવી માત્રામાં વિગઈ ભોજન વગેરે અપવાદની વાત છે.

પ્ર. :- અરે ! પણ એ તો ફક્ત રસનેન્દ્રિયના વિષયનો જ અપવાદ થયો, બાકીના વિષયોનો તો એકાંતે ત્યાગ જ કરવો પડશે ને ?

ઉ. :- ના, શરદીમાં અમુક ગંધની વસ્તુ દવા તરીકે સૂંઘવામાં આવે છે. તાવ વગેરેમાં ધાબળો ઓઢાય છે, માલિશ કરાય છે, ચોખ્ખા કપડાં વપરાય છે. આંખમાં 'નીલી' નામનો રોગ હોય તેમાં બ્લ્યુ કલર જોવાથી રાહત થાય છે. કાનના પડદાની અમુક ખામી સુધારવા શંખનાદ વગેરે ઉપયોગી બને છે. આમ પાંચે વિષયોમાં



युक्तं चैतत्, पुरुषाद्यपेक्षया तद्भोगस्याप्युक्तन्यायेन रत्नत्रयी-साधनभूतत्वादिति दशापेक्षया तदत्याजनमेव साध्यसिद्धिनिबन्धनम्, अन्यथा तु प्रत्यपाय इत्याशयेनाह–

**प्रागेव साधनन्यासः कष्टं[१] कृतमतेरपि।**
**कृच्छ्रोपार्जनभिन्नं[२] हि कार्पण्यं भजते जनः।।१९।।**

कृतमतेरपि प्रागेव साधनन्यासः कष्टम्, हि जनः कृच्छ्रोपार्जनभिन्नं कार्पण्यं भजते, इत्यन्वयः।

**कृतमतेरपि**- भावितबुद्धेरपि, आस्तामितरस्येत्यपिशब्दार्थः, **प्रागेव**

---

અનેકાંત સંભવી શકે છે. તો ય બ્રહ્મચર્ય વ્રત તો નિરપવાદ જ રહે છે. ।।૧૮।।

આ અનેકાંત ઉચિત પણ છે. કારણ કે વ્યક્તિવિશેષ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ હમણા જણાવ્યા મુજબ શબ્દાદિનો ભોગ પણ રત્નત્રયીના સાધનભૂત છે. માટે અમુકદશાની અપેક્ષાએ તો તેને ન છોડાવવા એ જ મોક્ષ કે રત્નત્રયી રૂપી સાધ્યની સિદ્ધિનું કારણ છે. અન્યથા તો પ્રત્યપાય સંભવિત છે. એ જણાવતા કહે છે –

**જે ભાવિતમતિ છે એને પણ પૂર્વે જ સાધનત્યાગ કષ્ટદાયક છે. કારણ કે માણસ કષ્ટ મળવાથી અલગ જ કૃપણતા પામે છે. ।।૧૯।।**

બીજાની વાત તો જવા દો જેની બુદ્ધિ તત્ત્વજ્ઞાનથી ભાવિત થયેલી છે તેને પણ હજી પરીષહો વગેરેને સહન કરી શકે એવું શરીરનું ઘડતર ન થયું હોય ત્યારે રત્નત્રયીની સિદ્ધિનું ઉપકરણ છોડાવી દેવાય તો એ એને કષ્ટદાયક બની જાય છે.

---

१. क - कष्ठं। २. ख - भिन्नं किं का।

- परीषहादिसहनसामर्थ्यप्रयोजकवपुःपरिकर्मितत्वस्य पूर्वमेव, **साधनः** - पङ्गुदण्डस्थानीयं रत्नत्रयीसिद्ध्युपकरणम्, तस्य **न्यासः** - उत्सर्गः - त्याग इति यावत्, स **कष्टम्**- निपीडकः, अपहृतदण्डस्य पङ्गोरिवास्य पतनपीडैवेति तात्पर्यम्।

**हि** यस्मात्, **जनः** - अल्पसत्त्वः प्राकृतो लोकः, **कृच्छ्रं** - दुःसहकष्टम्, **तस्योपार्जनम्** - अध्यात्मनि संयोगः, तस्माद् **भिन्नम्**[1]- अन्यत् किमप्यपूर्वम्, कृपापात्रीक्रियत इति कृपणः, तद्भावः **कार्पण्यम्**, तद् **भजते** - प्राप्नोति। स ग्लानत्वादिना तादृशीं दयापात्रतां प्राप्नोति, यथाऽस्य सिसाधयिषितसामर्थ्यमेव न स्यादिति भावः।

यद्वा **कार्पण्यम्** - क्षुद्रता, अतिकष्टितोऽसौ सुखैकलोलः कुलीनोऽपि

જેમકે જે લાકડી વિના ચાલી નથી શકતો એવા પાંગળા પુરુષ પાસેથી તેની લાકડી આંચકી લેવામાં આવે તો તેનું પતન જ થાય, તે પીડિત જ થાય, તે જ રીતે રત્નત્રયીની સાધનભૂત વસ્તુનો ત્યાગ કરવાથી પણ, તેનાથી જ શક્ય એવી આરાધનામાંથી પતન થાય અને તે આત્માને શારીરિક, માનસિક, આત્મિક પીડા જ થવાની છે.

કારણ કે અલ્પસત્ત્વવાળા સામાન્ય લોકો દુઃસહ કષ્ટ આવી પડે ત્યારે કો'ક અપૂર્વ દયાપાત્રતા અનુભવે છે. તે માંદગી, અસહાયતા, લાચારી વગેરે કારણે એવી દયાપાત્ર અવસ્થાને પામે છે કે જેથી તેમનામાં જે સાધના કરવાની ઈચ્છા હતી તેનું સામર્થ્ય જ રહેતું નથી.

અથવા તો કાર્પણ્ય એટલે ક્ષુદ્રતા-તેના પર ભારે કષ્ટ આવી પડે એટલે કદાચ સુખની લાલસા ખૂબ જ વધી જતાં, કુલીન હોવા

१. अन्यदन्यतरद् भिन्नम्।। हैम- १४६८।। भिद्यते - अपरेभ्यो वैशिष्ट्यं प्रतिपद्यत इति भिन्नम्।



मर्यादातिक्रमेण **क्षुद्रः** - नीचः, तद्भावं तस्यानुरूपमाचारादि दर्शयतीत्यर्थः ।।१९।।

कथं मुमुक्षूणामपि कष्टमात्रेण कार्पण्यसम्भव इति चेत् ? शृणु[1], मुक्तितृष्णारूपा हि मुमुक्षुता, तत्तृप्तिप्रत्यलोपायान्तरसम्भवे स्वासाध्योपायभूतातिकष्टानङ्गीकरणम्, बलात्कारे प्रतिभग्नत्वं चोपपन्नमेवेत्याशयेनात्र लोकप्रसिद्धमुदाहरणमाह–

**पिपासाविषयोत्सेधो मृदूत्तानरयावरम्।**
**न संमिथ्यादि गम्भीरं चपलायति यादसात्[2]।।२०।।**

सुगमोऽन्वयः। **पिपासा** - तृषा, तस्या **विषयः**- जलम्, तस्योत्सेधः

છતાં પણ મર્યાદાનું ઉલ્લંઘન કરીને, તે ક્ષુદ્ર- નીચ જીવોને અનુરૂપ એવા આચાર, વાણી દર્શાવે છે. ।।૧૯।।

પ્ર. :- મુમુક્ષુ વળી કષ્ટમાત્રથી દયાપાત્ર કે ક્ષુદ્ર કેમ બની જાય?

ઉ. :- મુમુક્ષુપણાનો અર્થ છે મુક્તિની તૃષ્ણા, જ્યારે એ તૃષ્ણાને શમાવવા - તૃપ્તિ અપાવવા સમર્થ બીજો ઉપાય સંભવિત હોય, પોતાને એ ઉપાયનું ભાન પણ હોય ત્યારે માણસ એવા ઉપાયનો સ્વીકાર ન જ કરે કે જે અતિ કષ્ટદાયક હોવાથી પોતે સાધી શકવા અસમર્થ હોય અને એવો ઉપાય એને પરાણે વળગાડવામાં આવે ત્યારે એ ભાંગી પડે એ પણ સહજ જ છે. આ જ આશયથી અહીં લોકપ્રસિદ્ધ ઉદાહરણ કહે છે –

**પિપાસાવિષયક ઉત્સેધ કોમળ, છીછરું, મંદવેગવાળું, (પાણી) હોય છે. સંમિથ્યા, ગંભીર અને જળચરથી જેની સ્થિરતા ચંચળ છે તેવું (પાણી) નહીં. ।।૨૦।।**

પિપાસા એટલે તરસ, તેનો વિષય છે જળ. જેમ કે કહેવાય

१. उपेयसाधनत उपायस्य तत्त्वादिति श्रीहरिभद्रसूरिः।। एवं चोपायस्याप्युपेयत्वेन साध्यतासङ्गतिरिति। २. ख - यादशात्।

- उच्छ्रायः - महत्त्वमिति यावत्, इदमुक्तं भवति, जलमात्रस्य तृषाविषयत्वेऽपि सुग्राह्यतादिवैशिष्ट्यसम्पन्नस्यैव स्पृहणीयत्वेनोत्कृष्टतद्विषयतेति।

तदुत्सेधमेव स्पष्टयति - **मृदु** - कोमलम्, अवगाहनानुगुणमित्यर्थः, परुषविषमशिलामध्यस्थितत्वादिविरहात्, हिंस्रजलचरादिरहितत्वाच्च। **तथोत्तानम्** - अगम्भीरम्, एतेन ब्रूडनभयाभाव उक्तः। तथा **रयः** - नद्यादिस्रोतसां वेगः, तस्मिन् वरमुत्तमम्, शीघ्रवेगमित्याशयः, न तत् - **अवरम्** - मन्दवेगम्, एतेन प्लावनादिसंशयविरह आवेदितः।

---

છે - મને પાણીની તરસ લાગી છે. એ જળનું મહત્ત્વ કઈ રીતે હોય છે ? એનો અહીં વિચાર છે.

આશય એ છે કે આમ તો જળમાત્ર પિપાસાનો વિષય છે, તો પણ જેને સરળતાથી મેળવી શકાય, જેને મેળવવા જતાં જોખમ ઉભુ ન થાય, એવી વિશિષ્ટતાથી સંપન્ન જળ જ સ્પૃહણીય હોવાથી પિપાસાનો ઉત્કૃષ્ટ વિષય છે.

એવા ઉત્કૃષ્ટ વિષયનું મહત્ત્વ = વિશેષતા જ સ્પષ્ટ કરતા કહે છે - કોમળ એટલે જે નદી, તળાવ વગેરેનું અવગાહન કરવું અનૂકૂળ હોય, જે પાણી કઠોર, બરછટ, તીક્ષ્ણ ભાગોવાળી શિલાઓ વચ્ચે ન રહેલું હોય, શેવાળ વગેરેથી પડી જવાનો ભય ન હોય, હિંસક જળચરોથી પણ જે પાણી રહિત હોય. અથવા કોમળ એટલે શરીરને સાનુકૂળ હોય, ક્ષારવાળું ન હોય. તથા જે પાણી ઊંડુ ન હોય, એથી ડુબવાનો ભય પણ ન હોય, નદી વગેરેના પ્રવાહનો વેગ મંદ હોય, બહુ ઝડપી વેગવાળું પાણી ન હોય. તેથી તણાઈ જવાનો ભય કે એવા બીજા ભય પણ ન હોય.

આ ત્રણ વિશેષણોથી વિશિષ્ટ જળ તરસ્યા મુસાફરો વગેરેને અભિલાષાનો વિષય બને છે. જે પાણી અભિલાષાનો વિષય નથી



एतत्त्रितयविशेषणविशिष्टं जलं पिपासोः पथिकादेरभिलष्यं भवति, किं पुनर्नाभिलष्यमित्यत्राह **न सम्मिथ्या** - नात्यन्तमसम्यक्, अवगाहनानुचितमित्याशयः, तदादि यस्य तत् **सम्मिथ्यादि**, आदिना विषमशिलादिरहितत्वादवगाहनीयत्वेऽपि रयप्रकर्षात् प्लावनादिसाध्वसोपेतग्रहः। तथा **गम्भीरम्** - अगाधम्, तथा यादांसि - हिंस्रजलचराः, तेषां समूहो **यादसम्**, तस्मात् कारणभूतात् **चपला**- अतितरला आसमन्ताद् **यतिः** - विरामः - स्थिरता यस्य तत् -**चपलायति**, अयं भावः, यद्यपि नद्यादेस्तद्देशः साम्प्रतं यादोगमनादिविरहेण स्थिरप्रायः, किन्तु सहसैव समागतेन तत्समूहेन शीघ्रमेव तस्य तद्भावो विचलति। यद्वा यादसात् चपलम्, अत एव न विद्यते यतिः - विरामो यत्र तत् अयति चपलं च तद् अयति च चपलायति - इत्यपरोऽप्यर्थः। तदेतदयोग्यम्।

---

બનતું, તે જણાવતા કહે છે – જે અત્યંત અસમ્યક્ હોય = જેમાં અવગાહન કરવું ઉચિત ન હોય, તે જેની શરૂઆતમાં છે તે સમ્મિથ્યાદિ છે. આદિથી એવું પાણી કે જેમાં વિષમ શિલાઓ ન હોવાથી અવગાહન કરી શકાય તેમ હોવા છતાં પણ પ્રકૃષ્ટ વેગને કારણે તણાઈ જવા વગેરેનો ભય હોય.

તથા ગંભીર એટલે ખૂબ ઊંડુ, તથા જે પાણીની સ્થિરતા હિંસક જળચરોના સમૂહને કારણે ચંચળ હોય.

આશય એ છે કે ભલે નદી વગેરેનો તે ભાગ હમણા જળચરોના ગમનના અભાવે લગભગ સ્થિર જેવું હોય પણ અચાનક જળચરોના સમૂહથી તેની સ્થિરતા ચલિત થઈ જતી હોય. માટે એવા પાણીમાં ઉતરવું કે નજીક જવું પણ જોખમી છે.

અથવા તો જે પાણી જલચરોના સમૂહથી ચપળ છે. એટલે જ એ પાણીમાં વિરામ નથી. સતત ખળભળાટ ને ચંચળતા છે. એવો બીજો પણ અર્થ થઈ શકે. આવા પ્રકારનું પાણી પીવા માટે

उपनयस्तु भावितप्रायः सुगमश्च। यद्वा **सम्मिथ्या** - इति जलत्वेनासत् - मृगतृष्णादि, तदप्ययोग्यं स्यादिति। अत्रार्थ उपनयो दुर्घट इति चेत् ? न, स्वानुचितोपायस्यानुपायत्वेन कथञ्चिन्मिथ्यारूपत्वादिति।।२०।।

किमिति मुमुक्षोरप्यसामर्थ्यं कष्टजनितकार्पण्यं चेत्यत्राह–

**अज्ञातं[1]करणं जन्म वपुःसंवित्प्रकारयोः।**
**त्वत्प्रसादार्जनोपायो[2] विषयेन्द्रियसंवरः।।२१।।**

---

અયોગ્ય છે.

આનો ઉપનય તો લગભગ સમજાવેલો જ છે અને સુગમ પણ છે.

અથવા તો સંમિથ્યાનો બીજો અર્થ એ થઈ શકે કે જે જળરૂપે અસત્ હોય જેમ કે ઝાંજવાના નીર. એ પણ પીવા માટે અયોગ્ય જ છે.

પ્ર. :- જેટલા અર્થ નીકળે એટલા કાઢે નથી જવાના, ઉપમેયમાં સંગતિ પણ કરવાની છે. આ અર્થમાં ઉપનય કેવી રીતે ઘટાડશો ? શિષ્ય જે ઉપાય માટે સમર્થ નથી, જેમ કે આતાપના, તો એ મિથ્યા થઈ જશે ? એ રત્નત્રયીનું કે મોક્ષનું સાધન જ નહી રહે ?

ઉ. :- હા, જે ઉપાય પોતાના માટે ઉચિત નથી, એ પોતાની અપેક્ષાએ અનુપાય છે - રત્નત્રયીનું સાધન નથી, માટે કથંચિત્ મિથ્યારૂપ જ છે.।।૨૦।।

પ્ર. :- હજી અમને તમારી વાતો ગળે ઉતરતી નથી. મુમુક્ષુને પણ શરીરનું અસામર્થ્ય અને કષ્ટજનિત મનની ક્ષુદ્રતા કેવી રીતે થઈ શકે ?

ઉ. :- દિવાકરજી આ જ વાતનો જવાબ આપી રહ્યા છે –

**શરીર અને મનના પ્રકારોની ઉત્પત્તિનું કરણ અજ્ઞાત છે. તને પ્રસન્ન કરવાનો ઉપાય વિષયપ્રવૃત્ત ઈન્દ્રિયોનો સંવર છે.।।૨૧।।**

---

१. क ग - अज्ञानकारणं। २. क - र्जनेपायो।



वपुःसंवित्प्रकारयोर्जन्माज्ञातकरणम्, त्वत्प्रसादार्जनोपायो विषयेन्द्रियसंवरः - इत्यन्वयः।

**वपुः** - सामर्थ्याद्यन्यतरोपेतं शरीरम्, **संवित्** - कार्पण्याद्यन्यतरोपेता मतिः, तयोः **प्रकारौ** - भेदौ, तयोः, **जन्म** - उत्पत्तिः, **अज्ञातम्** - अर्वाग्दृशानधिगतम्, **करणं** - साधनम्, तदुत्पादनिमित्तकारणम्, अज्ञातं करणं यस्य तदज्ञातकरणम्, अयं भावः - तत्तत्प्रकारयोः शरीरमनसोर्जन्मनो निमित्तं चित्रकर्मादिरूपं चर्मचक्षुषामज्ञातमिति।

कथं तज्ज्ञानाधिगम इत्यत्र मङ्गलादिरूपत्वेन बहुमानप्रकर्षात् साक्षात् ज्ञानमेव सम्बोधयन्निवाह- **त्वत्प्रसादः** - तव प्रसन्नता कर्माभ्रविमुक्तकेवलज्ञानविधूपमता, **तस्यार्जनम्**- स्वात्मन्याविर्भावः, **तस्योपायः** - अव्यभिचारि साधनम्, **विषयाः** - शब्दादिगोचराः, तेषु **प्रवृत्तानीन्द्रि-**

---

સમર્થ કે અસમર્થ શરીર અને ક્ષુદ્ર કે અક્ષુદ્ર મતિના જે પ્રકારો છે તેમની ઉત્પત્તિ જે સાધનથી થાય છે એ નિમિત્તકારણ અજ્ઞાત છે.

આશય એ છે કે તે તે પ્રકારના શરીર અને મનની ઉત્પત્તિનું જે કારણ છે તે વિચિત્ર કર્મ, ભવિતવ્યતા, કાળ, સ્વભાવ, પુરુષકારરૂપ છે અને ચર્મચક્ષુથી તે જોઈ શકાતા નથી, માટે છદ્મસ્થ જીવોને તે અજ્ઞાત છે.

પ્ર. :- અજ્ઞાત છે - અજ્ઞાત છે - તો ઘણી વાર કહ્યું. હવે એ જ કહી દો ને, કે એનું જ્ઞાન શી રીતે થાય ?

ઉ. :- દિવાકરજી જ એનો જવાબ આપી રહ્યા છે અને એમના જવાબની વિશેષતા એ છે કે જ્ઞાન મંગલ વગેરે-રૂપ હોવાથી બહુમાન પ્રકર્ષથી જાણે સાક્ષાત્ જ્ઞાનને જ સંબોધન કરતાં હોય તેમ તેઓ કહે છે - હે જ્ઞાન ! તું પ્રસન્ન થાય - એટલે કે કેવળજ્ઞાનરૂપી ચંદ્ર પરથી કર્મોરૂપી વાદળા દૂર થઈ જાય - એ તારી પ્રસન્નતાને પોતાના આત્મામાં પ્રગટ કરવાનો અવન્ધ્ય ઉપાય છે - શબ્દાદિ પાંચ

**याणि** - श्रोत्रादीनि करणानि, तेषां **संवरः** - प्रत्याहारः - विषयेभ्यः समाहृतिरित्यर्थः। श्रोत्रादिसंवरलक्षणनिग्रहनिवृत्तरागादिः क्षणादेव ज्ञानावरणीयं क्षपयतीत्यागमप्रसिद्धत्वाद्[1] युक्तमेवास्य केवलज्ञानोपायत्वमिति।।२१।।

किमेष एव ज्ञानोपाय आहोस्विदन्योऽपि कश्चिदस्तीत्यत्राह–

**यद्यज्ञानक्रिये स्यातां स्याद्[2] ज्ञानसमयोः शिवः।**
**न हि मानादिवृत्तित्वात्[3] पृथक्संवित्क्रमकथाः[4]।।२२।।**

વિષયોમાં પ્રવૃત્ત શ્રોત્ર વગેરે ઈન્દ્રિયોનો સંવર.

ઈન્દ્રિયોને પોતપોતાના વિષયોમાં જતી અટકાવીએ, વિષયોમાંથી ખેંચી કાઢીએ એ પાંચમું યોગાંગ છે જેને પ્રત્યાહાર કહેવાય છે. એ જ ઈન્દ્રિયોનો સંવર છે.

શ્રોત્ર વગેરે ઈન્દ્રિયોનો સંવર કરીએ એ જ તેમનો નિગ્રહ છે. તેમનો નિગ્રહ કરતાં કરતાં રાગ-દ્વેષ મોળા પડતા જાય છે. એમ નિગ્રહનો અભ્યાસ કરતાં કરતાં રાગ-દ્વેષની સંપૂર્ણ નિવૃત્તિ થઈ જાય છે, વીતરાગતાની પ્રાપ્તિ થાય છે અને તેના પછી ક્ષણવારમાં જ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થઈ જાય છે એવું આગમમાં પ્રસિદ્ધ છે. માટે વિષયપ્રવૃત્ત એવી ઈન્દ્રિયોનો સંવર કેવળજ્ઞાનનો ઉપાય છે એમ કહેવું ઉચિત જ છે. ।।૨૧।।

પ્ર. :- શું જ્ઞાનનો ઉપાય આ જ છે ? કે આ સિવાય પણ કોઈ ઉપાય છે ?

ઉ. :- આ સિવાય પણ ઉપાય છે. જેનો નિર્દેશ દિવાકરજી કરી રહ્યા છે –

**જો અજ્ઞાન અને ક્રિયા થાય તો જ્ઞાન અને સમમાં શિવ**

१. उत्तराध्ययनम्।।२९-६२-६५।। ३२-१०६-१०८।। २. क - स्याज्ञान। ख - स्यात् ज्ञात। ३. क - दिवृत्त। ख - हिवृत्ति। ४. क - त्क्रमकयाः। ख - त्तमःकथा। ग - त्क्रमः कयाः।



यद्यज्ञानक्रिये स्याताम्, ज्ञानसमयोः शिवः स्यात्। हि मानादिवृत्तित्वात् पृथक्संवित्क्रमकथा न - इत्यन्वयः।

**यदि** - चेत्, वक्ष्यमाणकारणान्तरसद्भावसम्भावनायां ज्ञानादिलक्षणकार्यसद्भावसम्भावनेत्याशयः, मम न ज्ञानम् - **अज्ञानम्**, अज्ञोऽहमिति भानमित्यर्थः, तथा **क्रिया** - ज्ञानादिप्रयोजना सम्यक्प्रवृत्तिः, ते **स्याताम्** - शुक्लपाक्षिकतादियोग्यतासद्भावाद् विनयाद्याविर्भावेन भवेताम्, तदा **ज्ञानम्** - श्रुत-चिन्ता-भावनालक्षणोत्तरोत्तरविशुद्धिसम्पन्नोऽवबोधः, तथा **समः** - समतावान् - गुणगुणिनोः कथञ्चिदभेदात् समतैव, तत्त्वज्ञानस्य

**થાય. કારણ કે માનાદિમાં વૃત્તિથી વિવિધ જ્ઞાનના ક્રમની કથા થતી નથી. ।।૨૨।।**

હવે જે કારણો કહેવામાં આવે છે, તે કારણોની હાજરી સંભવે તો જ્ઞાનાદિરૂપ કાર્યોની ઉત્પત્તિ થઈ શકે છે.

મને જ્ઞાન નથી - અજ્ઞાન છે. હું અજ્ઞ છું આવું ભાન તથા ક્રિયા અર્થાત્ જ્ઞાનાદિ મેળવવા માટે સમ્યક્ પ્રવૃત્તિ.

જીવમાં શુક્લપાક્ષિકતા વગેરે યોગ્યતા આવે ત્યારે વિનય, વીર્યોલ્લાસ વગેરે પ્રગટ થવાથી આ બે વસ્તુ પ્રાપ્ત થઈ શકે છે. અને તે સમયે તેને શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનરૂપ ઉત્તરોત્તર વિશુદ્ધિસંપન્ન અવબોધ = જ્ઞાન થાય છે. તેનાથી સમતા પણ મળે છે.

પ્ર. :- મૂળમાં તો સમ- શબ્દ છે. એનો અર્થ તો સમતાવાન્ થાય. તમે “સમતા” અર્થ કેમ કર્યો.

ઉ. :- એવો નિયમ છે કે ગુણ અને ગુણી વચ્ચે કથંચિત્ અભેદભાવ હોય છે. માટે સમતાવાન્‌ને સમતા પણ કહી શકાય.

પ્ર. :- ઠીક છે. પણ જ્ઞાનથી સમતા થાય એવું કેવી રીતે કહી શકાય ?

रागादिनिवर्तकत्वेन समतापर्यवसायित्वात्, तयोः ज्ञानसमतयोः, तदभिन्ने तदधिकरणे पुरुषे, तदभिन्नस्यात्मनो वेत्यर्थः, **शिवः** - कृत्स्नकर्मक्षयलक्षणो मोक्षः **स्यात्**।

कथं तर्हि न स्यादित्यत्राह - **हिः** - यद्धेतोः **मानः** - आत्मनो ज्ञानित्वेन मननम्, जात्यादिमदोपलक्षणमिदम्, स **आदिर्येषां** क्रियालसत्वादीनां ते मानादयः, तेषु **वृत्तिः** - प्रदीर्घभवसद्भावादिहेतुकाऽऽत्मव्यवस्थितिः, तद्भावः - मानादिवृत्तित्वम्, तस्मात्, **पृथक्** - चिन्तादिभेदभिन्ना, **संवित्**

ઉ. :- તત્ત્વજ્ઞાનથી રાગ-દ્વેષની નિવૃત્તિ થાય છે એ નિવૃત્તિ જ સમતારૂપ છે.

આ જ્ઞાન અને સમતા જેનામાં છે એ જીવ પણ ગુણી હોવાને કારણે એ ગુણોથી અભિન્ન છે. માટે જ્ઞાન અને સમતામાં = એના ધારક જીવમાં સર્વ કર્મોનો ક્ષય થાય છે. અથવા ષષ્ઠી વિભક્તિ લઈને જ્ઞાન-સમતાનો = એના ધારક જીવનો મોક્ષ થાય છે.

પ્ર. :- અચ્છા, તો કેમ મોક્ષ નથી થઈ શકતો ? મોક્ષ થવામાં બાધક શું છે ?

ઉ. :- જેથી જીવ પોતે જ્ઞાની હોવાનું અભિમાન કરે છે. પોતાને વિદ્વાન્ સમજે છે. આ શ્રુતમદ થયો. તેનાથી જાતિ, લાભ, ઐશ્વર્ય વગેરે મદ પણ સમજી લેવા. એ અભિમાન જેમાં આદિ છે એવા "ક્રિયામાં આળસુપણુ" વગેરેમાં દીર્ઘસંસારી હોવાપણુ વગેરે કારણોથી આત્માનું રહેવું, તેનો ભાવ માનાદિવૃત્તિતા છે.

પોતાને અજ્ઞ માનવું અને જ્ઞાનાદિમાં પ્રયત્ન કરવો જેમ કેવળજ્ઞાનનું કારણ બની શકે છે, મોક્ષ આપી શકે છે, તેમ પોતાને જ્ઞાની માનવું અને જ્ઞાનાદિના અર્જનમાં આળસ કરવી એનાથી મોક્ષ ન જ મળી શકે એ સહજ છે.

આવી માનાદિવૃત્તિતાથી શ્રુતજ્ઞાન - ચિન્તાજ્ઞાન- ભાવનાજ્ઞાન



- ज्ञानम्, तस्याः **क्रमः** - उत्तरोत्तरविशुद्धिलक्षणा परिपाटी, तस्य **कथाः** - वार्ताः, ता अपि **न** - नैव स्युरिति शेषः, कोऽवकाशः शिववार्तायाः? सद्धेतौ व्यतिरेकव्यभिचारिताविरहादिति भावः।।२२।।

मानादिमेव स्पष्टयन्नाह -

**ममेदमहमस्येति समानं मान[1]लोभयोः।**
**चतुष्टं [2]युगपद्वेति यथा ज[3]न्मविशेषतः।।२३।।**

इदं मम, अहमस्येति मानलोभयोः समानम्, युगपद्वा चतुष्टम्, यथा जन्मविशेषतः - इत्यन्वयः।

વગેરે જ્ઞાનની ઉત્તરોત્તરવિશુદ્ધિસ્વરૂપ પરિપાટીની વાત પણ નથી જ થતી. તો પછી મોક્ષની તો વાત જ ક્યાં રહી ? જે પોતાને પંડિત માનીને જ્ઞાનમાં ઉદ્યમ જ નથી કરતો એ તો શ્રુતજ્ઞાનથી ય વંચિત રહી જાય છે. પછી આગળના જ્ઞાનોની પણ સંભાવના ક્યાં રહી ? એ આશય છે.

પ્ર. :- ભલેને એ ઉપાયથી મોક્ષ ન થાય બીજા ઉપાયથી થઈ જશે. શું વાંધો છે ?

ઉ. :- ના, કારણ કે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષના સાચા હેતુ છે. સાચા હેતુની ગેરહાજરીમાં કદી પણ કાર્ય થઈ શકે નહીં. તેના અભાવે કાર્યનો અભાવ જ હોય, માટે જ્ઞાનાદિ વિના મોક્ષ થવો સંભવિત નથી. ॥૨૨॥

આમ અભિમાન વગેરે મોક્ષમાં બાધક છે. તેમને સ્પષ્ટ કરતા કહે છે –

**આ મારું, હું એનો - એ માન અને લોભમાં સમાન છે. અથવા તો એક સાથે ચારે જેમ કે જન્મવિશેષથી. ॥૨૩॥**

આ = સામે રહેલી અથવા તો મારા મનમાં રહેલી અમુક વસ્તુ

१. ख - मानला। २. क - ष्टयुग। ३. ख - जसवि।

**इदम्** - पुरोऽवस्थितं बुद्धिस्थं वाऽमुकं वस्तु **मम** - मदधीनं मत्स्वामिकमिति यावत्, तथा**ऽहम्** - स्वात्मा**ऽस्य** - तस्यैव वस्तुनः, अहं तत्सम्बन्धी तत्स्वामीति यावत्। **इति** - उक्तद्वयं **मानः** - अहङ्कारः, **लोभः** - ममकारः, तयोः **समानम्** - उभयदोषविकारसाधारणं संविद्-द्वयमिदमिति भावः। मानलोभयोरितरेतरनान्तरीयकत्वात्, अहन्ताविरहे ममकारासम्भवात्, निर्ममस्य चाहन्ताभावात्।

**युगपद्वा** - अक्रमेण वा, **चतुष्टं** मम - इदं - अहं - अस्येति-पदचतुष्टयलक्षणम्। अयमाशयः - यन्मानलोभयोः साधारणं संवेदनं निवेदितम्, तत्र पदचतुष्टयान्यतमभावे शेषत्रयभावः स्यादेव, अन्योन्या-विनाभावित्वात्तेषामिति व्यक्त एव युगपद्भावः।

---

મારી છે = મને આધીન છે = મારા સ્વામિપણાથી યુક્ત છે. અને હું તેનો છું - તેનો સંબંધી છું. - તેનો સ્વામી છું.

આ બંને પ્રકારના સંવેદન અભિમાન અને લોભમાં સમાનરૂપે થાય છે.

આશય એ છે કે - માન અને લોભ બંને દોષોના વિકારમાં આ બે સંવેદન સાધારણ - કોમન છે. કારણ કે માન અને લોભ એક બીજા વિના રહેતા નથી. કારણ કે હુંપણાનો ભાવ ન હોય તો મારાપણાનો ભાવ સંભવિત જ નથી અને જેને મમતા નથી એને અહંકાર પણ સંભવિત નથી.

અથવા તો એક સાથે મારું - આ - હું - આનો આવું ચતુષ્ટય થાય છે. આશય એ છે કે માન અને લોભનું જે સાધારણ સંવેદન કહ્યું, તેમાં ચાર પદમાંથી એક પણ પદ હોય ત્યારે બાકીના ત્રણ હોય જ છે.

કારણ કે એ ચારે અન્યોન્યને અવિનાભાવી છે, માટે તેમનો યુગપત્ - ભાવ પ્રગટ જ છે.



यद्वा मानक्रोधलोभमायालक्षणं चतुष्टयमित्यर्थः। तत्राहङ्कारलक्षणो मानः, तत्क्षतौ कोपः, तत्पूरणस्पृहा लोभः, तदर्थं निकृतिर्मायेत्यादि-नाऽन्योन्याविनाभावः स्वयमूह्यः, ततश्च सूपपन्नः कथञ्चिद् युगपद्भावः।

न चैवं थोवा माणकसाइ कोहकसाइ तओ विसेसहिया मायाकसाइ विसेसहिया लोहकसाइ तओ विसेसहिया - इति[1] सिद्धान्तविरोध इति वाच्यम्, तथा सत्यप्युक्तरीत्या कथञ्चित्तद्युगपत्तायां बाधकविरहात्। **इति** - वाक्यसमाप्तौ। अत्रैवार्थे निदर्शनमाह- **यथा** - यद्वत्, **जन्म-विशेषतः** - आविर्भावविशेषात्। अयं भावः, यद्यपि युगपद्भावसम्भवे

---

અથવા તો ચતુષ્ટયનો અર્થ માન-ક્રોધ-લોભ-માયા એમ કરવો. તેમાં અહંકાર માન છે. અહંકાર ઘવાતા ક્રોધ થાય, એમાં પાટાપિંડી કરવાની સ્પૃહા એ લોભ છે, અને એ મલમપટ્ટા માટે જે છળ-કપટ કરાય એ માયા છે. આ રીતે કથંચિત્ અન્યોન્યાવિનાભાવ હોવાથી યુગપત્ભાવ ઘટે જ છે.

પ્ર. :- તમારી દશા-બાર સાંધે ને તેર તૂટે-એવી છે. આગમમાં કહ્યું છે કે ક્રોધકષાયી થોડા છે, માન કષાયી વિશેષાધિક છે, માયાકષાયી વિશેષાધિક છે અને લોભકષાયી વિશેષાધિક છે. જો ચારેનો યુગપત્ભાવ હોય તો આવી સંખ્યાવિષમતા સંભવિત જ નથી માટે તમને સિદ્ધાન્તવિરોધ દોષ લાગે છે.

ઉ. :- અમે જે રીતે યુગપત્પણુ ઘટાવ્યું એ એક અપેક્ષાએ જ છે. માટે સિદ્ધાન્તમાં કહેલી વાતનો વિરોધ થતો નથી. એ વાત પણ સત્ય જ છે. તથા અમે દર્શાવેલ અપેક્ષાએ યુગપત્તા પણ યથાસંભવ અબાધિત છે. અનેક કષાયોનું મિશ્ર સંવેદન પણ અનુભવસિદ્ધ છે.

આ જ વાત સમજાવતા ઉદાહરણ આપતા કહે છે - જેમ કે જન્મ = આવિર્ભાવના વિશેષથી.

આશય એ છે કે જો કે યુગપદ્ભાવ સંભવિત હોય તો "મારુ"

---

१. पुष्पमालायाम्।।३०८।।

ममेत्याद्यन्यतमस्यैव संवेदनमनुपपन्नम्, तथापि यथा नासतो विद्यते भाव इति न्यायात् सर्ववस्तूनां युगपद्भावे सत्यपि तत्तन्निमित्तोपनिपातहेतुकात् तत्तदाविर्भावविशेषात् तत्तद्वस्तुक्रमोत्पत्ति-र्व्यपदिश्यते, तथा मानादिसंवेदनेऽपि द्रष्टव्यम्।।२३।।

तत्तत्संवेदनाविर्भावफलमाह –

**ममेदमिति रक्तस्य न नेत्युपरतस्य च।**
**भाविकौ ग्रहणत्यागौ बहुसाराल्पफल्गुषु।।२४।।**

इदं ममेति रक्तस्य, न नेति चोपरतस्य भाविकौ बहुसाराल्पफल्गुषु

---

આવા એકાદ પદનું જ જે સંવેદન થાય છે એ ઘટતું નથી. કારણ કે યુગપદ્ભાવ તો ત્યારે જ હોઈ શકે જ્યારે અવશ્યપણે ચારે ચારનું સંવેદન એક સાથે જ થાય.

તો પણ એક ન્યાય છે કે જે અત્યંત અસત્ છે એનું અસ્તિત્વ કદી હોતું નથી. જેમ કે ઘડો જો પૂર્વે અત્યંત અસત્ હોય માટી રૂપે પણ સત્ ન હોય તો એનું અસ્તિત્વ જ ન થઈ શકે. માટે દુનિયામાં જેટલી વસ્તુ છે એ ત્રણે કાળમાં કથંચિત્ સત્ છે જ, ત્રણે કાળમાં વિદ્યમાન છે જ. માટે એ બધી વસ્તુનો યુગપદ્ ભાવ પણ છે. તો પણ તે તે નિમિત્તના સાન્નિધ્યથી તે તે વસ્તુનો આવિર્ભાવ થાય છે. જેમ કે દંડ, ચક્ર, કુંભાર વગેરે નિમિત્ત મળવાથી ઘડાનો આવિર્ભાવ થાય છે. અને ક્રમથી આ - આ વસ્તુ ઉત્પન્ન થઈ એમ કહેવાય છે. આ જ રીતે માનાદિ સંવેદનમાં પણ સમજી લેવું. ।।૨૩।।

તે તે સંવેદનના આવિર્ભાવનું ફળ કહે છે –

**આ મારું એમ રક્તનું, ના ના એમ ઉપરતનું ભાવને કારણે બહુસાર-અલ્પઅસારોમાં ગ્રહણ અને ત્યાગ થાય છે. ।।૨૪।।**

“આ મારું” આનો અર્થ પૂર્વની જેમ સમજી લેવો. આવા



ग्रहणत्यागौ - इत्यन्वयः।

**इदमि**त्यादि पूर्ववत्, **इति** - अनन्तरनिर्दिष्टसंवेदनेन **रक्तस्य** - आविर्भूतानुरागस्य, **न** - नेदं मम, **न** - नाहमस्य **इति** - अनन्तरनिर्दिष्ट-संवेदने**नोपरतस्य** - आविर्भूतदुःखादिगर्भविरागस्य, **चः** समुच्चये, **भाविकौ** - तत्तद्भावेन निर्वृत्तौ, बहुः - प्रभूतः सारो येषु ते **बहुसाराः**, **अल्पः** - न्यूनः **फल्गु** - भावप्रधानत्वान्निर्देशस्य फल्गुता - असारता येषु ते - **अल्पफल्गवः**, बहुसाराश्च तेऽल्पफल्गवश्च बहुसाराल्पफल्गवः, तेषु **ग्रहणम्** - उपादानम्, **त्यागः** - हानम्, तौ भवत इति शेषः। यथासङ्ख्यं रक्तकृतग्रहणमुपरतकृतत्यागश्च स्यातामिति भावः।

बहुसारत्वादिविशिष्टास्त एवार्था रक्तस्य ममकारादियोगाद्, ग्रहणबुद्धिं जनयन्ति, उपरतस्य तु त एवोच्छिष्टता - शोफपुष्टता[1] - वध्यमण्डन-

---

સંવેદનથી જેને રાગ આવિર્ભૂત થયો છે, તેના અને આ મારું નથી, હું એનો નથી આવા સંવેદનથી જેમને દુઃખગર્ભિત, મોહગર્ભિત કે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય આવિર્ભૂત થયો છે. એ બંને વ્યક્તિઓને રાગ અને વિરાગના તે તે ભાવોને કારણે થયેલા ઘણા સાર અને ઓછા અસારવાળા પદાર્થોના ગ્રહણ અને ત્યાગ થાય છે.

પ્ર. :- અલ્પફલ્ગુનો અર્થ તમે અલ્પફલ્ગુતા કેવી રીતે કર્યો ?

ઉ. :- શાસ્ત્રકારોના કેટલાક નિર્દેશ ભાવપ્રધાન હોય છે ભાવે ત્વતલ્ પ્રત્યયથી આ મુજબ અર્થ કરી શકાય છે.

ટૂંકમાં અહીં રાગી ગ્રહણ કરે છે અને વિરાગી ત્યાગ કરે છે એમ સમજવાનું છે.

આશય એ છે કે બહુસારતા, અલ્પઅસારતા આવી વિશિષ્ટતા ધરાવતા તે જ પદાર્થો રાગીને મારાપણાની બુદ્ધિ-મમત્વ કરાવવા દ્વારા ગ્રહણની ઈચ્છાને ઉત્પન્ન કરે છે. વિરાગીને તો એ જ

---

१. ज्ञानसारः।।१३-६।।

तादिनिदर्शनेन त्यागबुद्धिं जनयन्ति, यथाह - भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपि पुद्गलाः। उच्छिष्टेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा ? इति[1] । सारभुजो निःसारभुक्तत्वाभिधायकप्रवचन[2]परिणतिफलमिदमिति तत्रैव यतितव्यमिति गर्भार्थः।

ननु रक्तस्य कुथितकलेवरेऽप्युपादानबुद्धिदर्शनाद् बहुसारादेरेव

પદાર્થોમાં એંઠવાડના દર્શન થાય છે. જાણે સોજા થવાથી શરીર દેખાવમાં હૃષ્ટપૃષ્ટ લાગતું હોય પણ હકીકતમાં એ આનંદનો નહી પણ શોકનો વિષય હોય છે. સાંસારિક પદાર્થો પણ એવા ભાસે છે. અથવા તો પ્રાચીનકાળમાં કોઈ અપરાધીને વધ કરવા માટે લઈ જાય ત્યારે તેને શણગારવામાં આવતો હતો, જેને વધ્યમંડન કહેવાતું. એ ગમે તેટલું સુંદર હોય તો ય દુઃખનો જ વિષય છે એમ સાંસારિક પદાર્થો-ભોગસુખોમાં ય સમજવાનું છે. કારણ કે એના ભોગનું પરિણામ ભયંકર છે. આ ત્રણમાંથી એંઠવાડદર્શનના સંવેદનને ઈષ્ટોપદેશના વચનથી સ્પષ્ટ કર્યું છે –

મેં સંસારના સર્વ પુદ્ગલોને વારંવાર મોહથી ભોગવીને છોડી દીધા છે - ખાઈ ખાઈને વિષ્ટા-વમન દ્વારા કાઢી દીધા છે. હવે તો એ એંઠવાડ છે એ હું બરાબર સમજું છું. તો પછી મને એમાં સ્પૃહા કેવી રીતે થઈ શકે ?

પ્ર. :- મોહનું ઝેર ઉતારનારું કેવું અદ્ભુત આ સંવેદન છે ! એ કેવી રીતે આવી શકે ?

ઉ. :- ઠાણાંગ વગેરે સૂત્રોમાં રાગને ઉતારનારા પ્રભાવશાળી વાક્યો છે. જેમ કે જે સાર ખાય છે, એ અસાર ખાય છે. જે અસાર ખાય છે, એ સાર ખાય છે. ખૂબ જ ગંભીર અર્થો-વાળા આ સુભાષિતોનું વારંવાર પરિભાવન કરવામાં આવે એ વચનોથી આત્મા પરિણત થઈ જાય ત્યારે સહજ રીતે આવા વિરાગમય સંવેદનો થાય છે.

१. इष्टोपदेशः।।३०।। २. स्थानाङ्गम्।।२४३।।



तद्विषयत्वाभिधानमसङ्गतमिति चेत् ? न, साभिप्रायत्वादुपन्यासस्य, चेत्तेष्वपि वध्यमण्डनतादर्शनेनोपरतिरेव न्याय्या, तदान्येषां तु कथैव केति।।२४।।

एवं च तत्तद्ग्रहणत्यागाऽऽवर्ताद्यद्भवति तदाह–

**अभि[1]षिक्तस्य संन्या[2]सक्रमात् पा[3]श्चात्यदर्शनम्।**

**शून्यैकविकृताभ्यासो रागिणां तु [4]यथाश्रयम्।।२५।।**

अभिषिक्तस्य संन्यासक्रमात् पाश्चात्यदर्शनम्, रागिणां तु यथाश्रयं शून्यैकविकृताभ्यासः - इत्यन्वयः।

**अभिषिक्तस्य** - विरागरसाऽऽप्लावितहृदयस्य, **संन्यासः** - मनोज्ञ-

પ્ર. :- તમે અહીં બહુસાર-અલ્પઅસાર વસ્તુનું રાગી ગ્રહણ કરે છે એમ કહ્યું, પણ જે રાગથી મૂઢ છે એને તો સડેલા મડદામાં ય ગ્રહણની ઈચ્છા થાય છે માટે તમારી એ વાત અસંગત છે.

ઉ. :- ના, કારણ કે એમ કહેવાનું રહસ્ય છે કે જો બહુસાર અલ્પઅસાર વસ્તુઓમાં પણ જો વધ્યમંડનના વગેરેના દર્શન દ્વારા વૈરાગ્ય જ ઉચિત હોય તો પછી અસાર વસ્તુઓની તો વાત જ ક્યાં રહી ? ।।૨૪।।

આ રીતે રાગી ગ્રહણ કરતો રહે છે અને વૈરાગી ત્યાગ કરતો રહે છે. એના પુનરાવર્તનોથી જે થાય છે તે કહે છે –

**અભિષિક્તને ત્યાગના ક્રમથી પાશ્ચાત્ય દર્શન થાય છે, રાગીઓને તો આશ્રયાનુરૂપ માત્ર શૂન્ય અને વિકૃત અભ્યાસ થાય છે. ।।૨૫।।**

જેનું હૃદય વૈરાગ્યના રસથી ભીંજાયેલું છે - તરબોળ છે એ અભિષિક્ત છે, તે સુંદર વિષયોનો ત્યાગ કરે એટલે એનો વૈરાગ્ય વધુ વિશુદ્ધ બને છે. એનાથી એ ફરીથી પૂર્વ કરતાં વિશિષ્ટ ત્યાગ

१. क - अभिष। २. क ख - सन्या। ३. क - पश्चा। ग - पश्चान्यु। ४. ख - मथा।

विषयत्यागः, तस्य **क्रमः** उत्तरोत्तरविशुद्धिमद्विरागप्रयुक्तत्वविशिष्टपरम्परा, त्यागविरागयोरन्योन्यप्रयोजकत्वात् तस्मात्, **पाश्चात्यदर्शनम्**- पश्चाद्भागसत्कावलोकनम्, भवतीति शेषः। अयमाशयः, अनादौ संसारेऽद्यावधि पुरोऽवस्थितयोग्यवस्तूनामर्वाग्भागमात्रदर्शनं सञ्जातम्, अर्वाग्दर्शिणां छद्मस्थानां तत्रैव सामर्थ्यभावात्, अस्य तूत्तरोत्तरविशुद्ध- तरत्यागादियोगात् केवलादित्योदयेन जगद्वर्तिपदार्थसार्थार्वाग्भागेन सह

---

કરે છે. એનાથી વૈરાગ્ય વધુ વિશુદ્ધ બને છે. આ ક્રમ સતત ચાલતો રહે છે. કારણ કે ત્યાગ અને વિરાગ પરસ્પરના પ્રયોજક બને છે.

આ ક્રમ દ્વારા એ વિરાગી આત્મા ને પાશ્ચાત્યદર્શન થાય છે. અનાદિ સંસારમાં આજ સુધી તેને છદ્મસ્થતાને કારણે બહુ બહુ તો માત્ર સામે રહેલી, ચર્મચક્ષુથી જોઈ શકાય તેવી વસ્તુઓની ઉપલી સપાટી-આગલો ભાગ જ દેખાતો હતો કારણ કે અર્વાગ્દૃષ્ટિ - છદ્મસ્થ જીવોનું પ્રાયઃ એટલું જ જોવાનું સામર્થ્ય હોય છે.

વિરાગી જીવને તો ઉત્તરોત્તર વિશુદ્ધતર ત્યાગ વગેરેના યોગથી કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય છે. જેનાથી જગતના પદાર્થોનો આગલો ભાગ તો દેખાય જ છે પણ તેની સાથે સાથે પાશ્ચાત્ય = પાછળનો બધો ભાગ પણ દેખાય છે.

આ પણ ઉપલક્ષણ છે, તેના પરથી સર્વદ્રવ્ય-પર્યાયોનું જ્ઞાન થાય છે એ પણ સમજવું જોઈએ.

પ્ર. :- આ તો વિરાગીને પ્રાપ્ય ફળની વાત થઈ. રાગીને શું ફળ મળે છે ?

ઉ. :- જેમને રાગને કારણે તે વિષયમાં ઉપાદેય બુદ્ધિ થાય છે તેમને તો વિરાગી કરતાં વિપરીત જ ફળ મળે છે. કારણ કે તેઓ વિરાગીથી વિપરીત આચરણ કરે છે. તેમના રાગનો વિષય જેવો



तत्पाश्चात्याखिलभागदर्शनमपि भवति, उपलक्षणमेतत्, तेनाखिलद्रव्य- पर्यायज्ञानं भवतीत्यपि बोध्यम्।

तदेतद्विरागिप्राप्यफलम्, **रागिणां** तु किमित्यत्राह - रागिणः - अभिष्वङ्गवत्त्वेन तद्विषयोपादानबुद्धिवन्तः, तेषां **तु** - पुनः, विपरीतत्वेनैषां पूर्वस्माद्भिन्नफलतेत्याशयः, **यथाश्रयम्** - तत्तद्विषयलक्षणाश्रयानुरूपम्, यद्वा चित्रकर्मादिसचिवरागाद्यधिकरणजीवलक्षणाश्रयानुरूपम् - तमनति- क्रम्येति यावत्, **शून्यः** - संन्यासादिविरहितत्वेन तत्फलविकलः, **एकः** - केवलः, **विकृतः** - रागादिविकारमापन्नो**ऽभ्यासः** - पुनःपुनरासेवनम्, अशक्यपरिहारत्वात्तत्साचिव्यस्य तदेव रागादिफलमित्याशयः। आह च - अविद्वान् पुद्गलद्रव्यं योऽभिनन्दति तस्य तत्। न जातु जन्तोः

---

હોય તેવી તેમને ઉપાદેયબુદ્ધિ થાય. જેમ કે સામાન્ય ભોજનમાં સામાન્ય રાગ થાય, ભાવતા ભોજનમાં વધુ રાગ થાય, સ્ત્રી વગેરેના ઉપભોગમાં એનાથી વધુ રાગ થાય અથવા તો વિચિત્ર પ્રકારના કર્મ, ભવિતવ્યતા, સ્વભાવાદિથી યુક્ત જે જે રાગી જીવો હોય એ જીવોમાં રાગ રહે છે, માટે એ જીવો રાગનો આશ્રય છે. એ જીવરૂપી આશ્રયને અનુરૂપ = તે જીવને અનુસારે રાગ થાય અને એ રાગથી તેઓ ફરી ફરી એ વિષયોનું ગ્રહણ કરવાનો જ અભ્યાસ કરે છે.

એ અભ્યાસ શૂન્ય હોય છે = એમાં કદી પણ સ્વેચ્છાથી ત્યાગ કરાતો ન હોવાથી ત્યાગના ફળથી રહિત હોય છે. એમાં માત્ર રાગના વિકારોથી વિકૃત થયેલું કદરૂપું પુનરાવર્તન હોય છે.

એક વાર જીવ રાગ-ગ્રહણના વિષયચક્રમાં ફસાય એટલે એમાંથી છૂટી શકતો નથી. ગ્રહણથી રાગ થાય છે ને રાગથી ગ્રહણ થાય છે. આ શૂન્ય અને વિકૃત અભ્યાસ એ જ રાગાદિનું ફળ છે.

અજ્ઞાની જીવ પુદ્ગલદ્રવ્યમાં આનંદ પામે છે, એ જીવનું સાન્નિધ્ય ચારે ગતિમાં પુદ્ગલદ્રવ્ય છોડતુ નથી. એ સતત ચારે ગતિમાં

सामीप्यं चतुर्गतिषु मुञ्चति - इति[१] । प्रमाणं चात्र पारमर्षम् - जे वेयइ ते बंधइ - इति। तथा च रत्यादिमोहनीयोदयजनितरागाद्याविष्टस्त-त्तत्कर्माण्येव बध्नन् पुनस्तदुदये तद्भावं याति, न च किञ्चिच्छुभफलं प्राप्नोतीति सूक्तं **शून्यैकविकृताभ्यास** इति।।२५।।

एवं रागादिविपाकवेत्ताऽनुशासकः स्वपरयोस्तत्परिहारप्रयत्नपरायणतां

---

પુદ્ગલદ્રવ્ય છોડતો નથી. એ સતત ચારે ગતિમાં ભટકતો રહે છે. પુદ્ગલથી છૂટે તો મોક્ષે જાય ને ? પણ પુદ્ગલ સાથે જે પ્રેમ બાંધે છે એનો સાથ પુદ્ગલ છોડતો નથી.

આના અનુસંધાનમાં પરમર્ષિનું વચન પ્રમાણ છે - 'જેને અનુભવે છે, તેને બાંધે છે.' રતિ અરતિ વગેરે મોહનીય કર્મોના ઉદયથી જીવને રાગાદિ ભાવો જાગે છે. અને તે ભાવોમાં જીવ તે તે કર્મોને જ બાંધે છે અને ફરી તેના ઉદયમાં તે જ ભાવો પામે છે. ફરી એ જ કર્મો બાંધે છે. આમ પુનરાવર્તન-વિષચક્ર ચાલતું રહે છે. આ જ રાગીને મળતું ફળ છે.

પ્ર. :- તે એમાં ખોટું શું છે - રાગીને તો સારું જ છે ને ? એને તો એ જ જોઈએ છે. નુકશાન તો છે નહીં.

ઉ. :- ના, કોઈ ફળ નથી એ શુભફળની અપેક્ષાએ કહ્યું છે. બાકી તો તેના ભયંકર ફળો છે, એ પૂર્વે વધ્યમંડનાદિ દૃષ્ટાંતોથી કહ્યું જ છે. ગ્રહણની બુદ્ધિ રાગથી થાય છે પણ ગ્રહણ શક્ય બન્યુ એ તો માત્ર અકામનિર્જરાદિથી થયેલ પુણ્યનો જ પ્રભાવ છે, રાગનો નહીં. આમ રાગીનું વિષચક્ર જોઈને દિવાકરજીએ સચોટ શબ્દમાં એને રજુ કર્યું છે કે એ માત્ર શૂન્ય અને વિકૃત અભ્યાસ છે.।।૨૫।।

આ રીતે રાગાદિના ભયંકર વિપાકોનો જાણકાર અનુશાસક સ્વ-પરમાં તેનો પરિહાર કરવાના પ્રયત્નમાં પરાયણ રહે છે. ક્યારેક

---

१. इष्टोपदेशः।।४६।।



प्रयाति, तस्य च कदाचिदविनीतशैक्षानुशासनावसरः समापद्येत, न च तत्रोद्वेजितव्यम्, अपि तूचितोपाया एव प्रयोक्तव्याः। तथा चाचार्याः[१] - को नाम सारहीणं सो होज्ज जो भद्दवाइणो दमए। दुट्ठे वि य जो आसे दमेइ तं सारहिं बिंति।। - इति तत्रोचितमाह-

**अनाघातास्पदं[२] द्विष्टमनुकूलैः[३] प्रसादयेत्।**
**निमित्तफलदारुण्यविवेकेभ्यश्च रक्षयेत्[४]।।२६।।**

अन्वयो यथाश्रुतः। **आघातः** - परुषचोदनादिः, तस्यास्पदम् - तदुचितस्थानम्, प्रज्ञापनीयतापवित्रितपात्रमित्यर्थः, यस्य परुषाक्षरं चोदितस्यापि गुरौ प्रद्वेषादिलेशोऽपि नोपजायते सम्यक् प्रतिपद्यते च

---

તેને અવિનીત શિષ્યનું અનુશાસન કરવાનો પ્રસંગ આવે, ત્યારે ઉદ્વેગ ન કરવો જોઈએ. પણ ઉચિત ઉપાયોનો પ્રયોગ કરવો જોઈએ. શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે - જે ભદ્ર ઘોડાઓનું દમન કરે છે એ કયો મોટો સારથિ છે ? સાચો સારથિ તો એ કહેવાય કે જે દુષ્ટ ઘોડાઓનું પણ દમન કરે.

માટે એવા પ્રકારના શિષ્ય માટે ઉચિત કર્તવ્ય કહે છે –

**આઘાતને અયોગ્ય દ્વિષ્ટને અનુકૂળો વડે પ્રસન્ન કરવો. નિમિત્ત ફળ, સભયંકર અને અવિવેકથી બચાવવો. ।।૨૬।।**

આઘાત એટલે કઠોર શબ્દોમાં સારણા વગેરે. તેના માટે જે ઉચિત સ્થાન = જે પ્રજ્ઞાપનીયતાથી પવિત્ર એવો પાત્ર જીવ હોય, કે જે શિષ્યને ગમે તેટલી કઠોર ભાષામાં પ્રેરણા કરવા છતાં ગુરુ પર જરા પણ પ્રદ્વેષ વગેરે ન થાય, અને સમ્યક્ પ્રતિપત્તિ-સ્વીકાર કરી લે એવો શિષ્ય આઘાતાસ્પદ છે.

પણ જે એવો નથી એ અનાઘાતાસ્પદ છે. તેના એવા હોવાનું

---

१. श्रीहरिभद्रसूरयः पञ्चवस्तुके।।२७।। २. क - स्यदं। ३. क - नुत्कलैः। ४. क ग - रक्तवत्।

तादृशः शैक्षः, इति भावः। न तद् - **अनाघातास्पदम्**, कथमेतादृश इत्याशङ्क्याह- **द्विष्टः** - अनुशासकादौ सञ्जातद्वेषभावः, यद्वा केनचित् हेतुना द्वेषविषयीकृतः, तम्, अनुकूलाः-पारुष्यादिपरिहारेण प्रह्लादजनका उपायविशेषाः, तैः **प्रसादयेत्** - प्रसादापगतद्वेषं कुर्यात्।

ननु यादृशोऽपराधः, तादृशो दण्ड इति लोकप्रसिद्धा नीतिः, किमत्र पात्रताविचारणयेति चेत् ? न, भिन्नलक्ष्यत्वेन नीतिभेदात्, लोकोत्तरे हि शासनेऽपराधककल्याणमेव लक्ष्यम्, दण्डोऽपि तदर्थमेव,

કારણ એ હોઈ શકે કે તેને અનુશાસક વગેરે ઉપર દ્વેષ થઈ ગયો હોય. અથવા તો કોઈ કારણસર અનુશાસક વગેરેને એના પર દ્વેષ થયો હોય. તેના હિત માટે બહારથી ગુસ્સાનો દેખાવ કરવો પડ્યો હોય, અથવા તો છદ્મસ્થતાના કારણે વાસ્તવિક ગુસ્સો કર્યો હોય.

ત્યારે એ શિષ્યને કોઈ પ્રેરણા કરવામાં લાભની શક્યતા ઓછી છે, એવા સમયે કઠોરતા વગેરેને છોડીને એને આનંદ ઉપજાવે એવા ઉપાયો કરવા વડે, તેના દ્વેષને દૂર કરી, તેને પ્રસન્ન કરવો જોઈએ.

પ્ર. :- આ રીતે તો શિષ્યને માથે ચડાવીને બગાડી નાખશો. લોકમાં પણ પ્રસિદ્ધ નીતિ એ જ છે કે જેવો અપરાધ એવો દંડ. પછી એમાં પાત્રતાની વિચારણાનું શું કામ છે ? કે શિષ્ય પાત્ર હોય તો કઠોર પ્રેરણા કરવી, નહીં તો ન કરવી ઈત્યાદિ.

ઉ. :- લૌકિક અને લોકોત્તર - આ બંને ક્ષેત્રમાં ભિન્ન -ભિન્ન લક્ષ્ય હોવાથી નીતિનો ભેદ છે - નીતિ પણ જુદી જુદી છે.

લોકોત્તર શાસનમાં અપરાધીનું કલ્યાણ થાય એ જ લક્ષ્ય હોય છે અને એ લક્ષ્યની સિદ્ધિ માટે જ દંડ અપાય છે. એ સિદ્ધિ ન થતી હોય તો નથી પણ અપાતો. લૌકિક જગતમાં તો એવું લક્ષ્ય જ નથી (માટે જ તેમાં દુર્જનને સજ્જન બનાવવાનો કોઈ પ્રયત્ન કર્યા વિના તેને ફાંસી વગેરેનો દંડ કરાય છે.) માટે તેની નીતિ જુદી હોય એ સ્પષ્ટ જ છે.



न चैवं लोक इति स्फुट एव नीतिभेदः, प्रद्वेषादिमापन्नस्य त्वकल्याणमेवेति युक्तैव पात्रताविचारणा। नैतत् स्वमनीषिकयैवोच्यते, किं तर्हि ? उपनिबन्धनमप्यस्य पारमर्षं पाराञ्चितपात्रताप्रेक्षापरम् - तिलतुसतिभागमित्तो वि जस्स असुहो ण विज्जइ भावो। णिज्जूहणारिहो सो सेसे णिज्जूहणा णत्थि - इति[१]।

न चैवं परुषचोदनाऽसम्भवापत्तिरिति वाच्यम्, अनेकान्तात्, तस्य चानाघातास्पदमिति विशेषणेनैव विज्ञापितत्वात्, किन्तु सर्वत्रापि यतनौचित्य आवश्यके, आह च- णो किंचि वि पडिलोमं कायव्वं भवभएण-

કઠોર શબ્દો કહેતા તેને ગુરુ પર અસદ્ભાવ વગેરે થતાં હોય તો તેનું અકલ્યાણ જ થવાનું છે, માટે પાત્રતાની વિચારણા ઉચિત જ છે. આ વાત માત્ર સ્વમતિથી જ કહેવાય છે, એવું નથી. શાસ્ત્રમાં પણ એનો આધાર મળે છે. બૃહત્કલ્પની એક ગાથામાં એવી વિચારણા કરી છે કે પારાંચિત પ્રાયશ્ચિત્ કોને આપી શકાય ? બે વ્યક્તિએ એવો દોષ સેવ્યો છે કે એમને કાઢી મૂકવા પડે, તો પણ તેમાંથી જે વ્યક્તિની પરિણતિ એવી છે કે - મને ગુરુએ કાઢી મૂક્યો - આવો અસદ્ભાવ તેને જરા પણ ન આવે - અરે, તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ ન આવે તેને કાઢી શકાય. એ સિવાયનાને કાઢી ન શકાય. એને પારાંચિતની જગ્યાએ મૂલ પ્રાયશ્ચિત્ત જ આપી શકાય.

પ્ર. :- તમે તો જાણે શિષ્યોના યુનિયનના લીડર હો એવી વાત કરો છો. આ રીતે તો કઠોર શબ્દમાં પ્રેરણા વગેરે સદંતર બંધ થઈ જશે.

ઉ. :- ના, કારણ કે એવો કોઈ એકાંત નથી. કારણ કે અહીં શિષ્યને કઠોર વચનના નિષેધની અને પ્રસન્ન કરવાની જે વાત કહી છે એ વિશેષ અપેક્ષાએ છે જેને અનાઘાતાસ્પદ - આ વિશેષણથી જ જણાવી દીધી છે. કોઈનો અવિનયાદિ દૂર કરવા કાંઈ પ્રતિકૂળ કરવું

१. बृहत्कल्पः।।उ.४-५०३०।।

मण्णेसिं। अविणीयसिक्खगाण उ जयणाए जहोचियं कुज्जा - इति[1]।

नन्वेवं तु गुरुकर्तव्यमपात्रशिष्यप्रसादने पर्यवसन्नमिति चेत् ? न, तद्द्वारेण प्रज्ञापनीयतामुपयातस्य तस्य क्षेमादिकरणात्। तदेवाऽऽह - **निमित्तं** रागादिनिबन्धनं स्त्रीदर्शनादि, **फलम्** - रागादिसङ्क्लेशाशुभकर्मबन्धादिर्दुरन्तस्तद्विपाकः, दारयति संयमपरिणतिमिति **दारुणम्**[2] - संयमसम्यक्त्वभेदप्रत्यलभिन्नकथादि, तदस्त्यस्येति **दारुणी** - लोकलोको-

પણ પડે. પણ બધે જયણા અને ઔચિત્ય આવશ્યક છે. કહ્યું પણ છે – સંસારના ભયથી કોઈનું કંઈ પણ પ્રતિકૂળ ન કરવું જોઈએ. પણ અવિનીત શિષ્યો માટે જયણાથી યથોચિત કરવું.

પણ જેને પ્રતિકૂળ કરવાથી તેનું અહિત થઈ શકે છે, તેને તો સૌ પ્રથમ પ્રસન્ન કરવા જ પ્રયત્ન કરવો જોઈએ.

પ્ર. :- સરસ, એ અપાત્ર શિષ્યની આરાધના કરીને, તેને પ્રસન્ન કરીને ગુરુ કૃતકૃત્ય થઈ જશે. બરાબર ને ?

ઉ. :- ના, પ્રસન્ન કરવાનું તો માધ્યમ છે. તેના દ્વારા શિષ્ય પ્રજ્ઞાપનીય બને ત્યારે તેના યોગ-ક્ષેમ કરવાના છે. અથવા તો એ પ્રસન્ન થાય એના પ્રયત્નો સાથે બીજી કોઈ પ્રેરણા ભલે ન કરે પણ સ્ત્રીદર્શન વગેરે અત્યંત ભયંકર નિમિત્તાદિથી તો ત્યારે પણ તેને બચાવવો જોઈએ. જુઓ, દિવાકરજી પણ એ જ કહી રહ્યા છે-

નિમિત્ત એટલે રાગાદિનું કારણ સ્ત્રીનું દર્શન વગેરે, ફળ એટલે રાગાદિ સંક્લેશથી અશુભ કર્મબંધ વગેરે ભયંકર પરિણામ. જે સંયમપરિણતિનું વિદારણ કરે છે એ દારુણ છે. જેમ કે મોહોન્માદજનક- વાસના ભડકાવે તેવી - ભગવાનના વચન પર અશ્રદ્ધા કરાવે તેવી વાતો - જેનાથી સંયમ અને સમ્યક્ત્વનો ભેદ

१. उद्धृतं दशवैकालिकवृत्तौ। २. दृ - विदारणे, कृवृतृदारिभ्य उनन् (उणा - ३३३) इत्युनन्।



त्तरानायतनादिः, तथा **विवेकः** - विवेचनम्, हेयोपादेयज्ञानमित्यर्थः, तदभावोऽ**विवेकः** सर्वापायमूलभूतः। एतेभ्यो निमित्तादिविवेकान्तेभ्यस्तं **रक्षयेत्** - यतनयोचितोपायपुरस्सरं तं पालयेत्।

यद्वा **दारुणाय** - नरकपातादिपरिणामाय योग्यो **दारुण्यः** - क्लिष्टसत्त्वः, तस्मात् तथा **विवेकः**- गुरुकुलवासात् पृथग्भावः, स च सारणाद्युद्विग्नस्य सम्भवेत्, तत्सकाशाद्रक्षयेदित्यन्योऽप्यर्थः।

ननु - एकत्र विनिवेशेऽपि काचः काचो मणिर्मणिः - इति न्यायादनायतनवर्जनं निरर्थकमिति चेत् ? न, एतन्न्यायस्य काचाद्यभावुक-

થઈ જાય. આવી વાતો વગેરે જે કરે છે તે દારુણી છે. જેમ કે તાપસ, જોગી, વેશ્યા, સ્ત્રીસંસક્તવાસ વગેરે લૌકિક અનાયતન છે. જ્યારે પાર્શ્વસ્થ, અવસન્ન, યથાછંદ વગેરે લોકોત્તર અનાયતન છે.

વિવેક એટલે વિવેચન = હેયોપાદેયનું જ્ઞાન, તેનો અભાવ અવિવેક છે. જે સર્વ આપત્તિઓનું મૂળ છે.

અનુશાસકે નિમિત્ત, ફલ, દારુણી અને અવિવેક આ બધાથી શિષ્યનું રક્ષણ કરવું જોઈએ અને તેના માટે જયણાથી ઉચિત ઉપાયોનો પ્રયોગ કરવો જોઈએ. અથવા તો જે નરકપાત વગેરે દારુણ પરિણામ માટે યોગ્ય છે, તે દારુણ્ય છે - ખૂબ સંક્લિષ્ટ, ભારે-કર્મી જીવ છે. તેનાથી શિષ્યનું રક્ષણ કરવું. તથા સારણાદિથી કંટાળીને શિષ્ય ગુરુકુલવાસ જ છોડી દે - એ વિવેક કહેવાય. એનાથી પણ શિષ્યનું રક્ષણ કરવું એવો પણ અર્થ સંભવે છે.

પ્ર. :- તમારી વાતો તો જાદુઈ છે. જેમ જેમ તેના પર વિચાર કરીએ તેમ તેમ વેરવિખેર થતી જાય છે. એક જ ડબ્બીમાં કાચ અને હીરો બંને મૂકી દીધા. વરસો પછી જોયું તો ય કાચ એ કાચ જ રહે છે અને હીરો એ હીરો જ રહે છે. તો પછી અનાયતનનું વર્જન કરવાનું શું પ્રયોજન છે ?

द्रव्यविषयत्वात्, जीवो हि भावुकद्रव्यम्, ततश्चावश्यमस्य संसर्गप्रयुक्त-गुणदोषप्रसङ्गः[1], अन्यथा तु गुरुकुलवासस्यापि निरर्थकतापत्तिरिति भावनीयम्। ननु तथापि नात्रैकान्तः कान्तः, वैचित्र्याज्जीवानाम्, यथाह- मज्झठिइ पुण एसा, अणुसंगेणं हवंति गुणदोसा। उक्किट्ठ-पुण्णपावा अणुसंगेणं न घिप्पंति - इति[2]। एतदनभ्युपगमे तु कालसौकरिकादिवृत्त-

ઉ. :- કાચ ને હીરો અભાવુક દ્રવ્ય છે. માટે તેમાં એ નીતિ યોગ્ય છે. જ્યારે જીવ તો ભાવુક દ્રવ્ય છે, માટે એને તો સંગ એવો રંગ - લાગે જ છે. જેના સંસર્ગમાં આવે તેને અનુરૂપ ગુણ-દોષો થાય જ છે. જો આવું ન હોય તો શાસ્ત્રકારોએ જેના પર અત્યંત ભાર મુક્યો છે એવો ગુરુકુલવાસ પણ નિરર્થક થઈ જાય.

પ્ર. :- અરે, પણ એવો એકાંત રાખવો સારો નથી, કારણ કે બધા જીવો સરખા નથી. જુઓ, જીવ ત્રણ પ્રકારના હોય છે. ઉત્કૃષ્ટ પુણ્યવાળા, મધ્યમ અને ઉત્કૃષ્ટપાપવાળા. આમા સંગ એવો રંગ મધ્યમ જીવોને લાગે છે. પણ જે ઉત્કૃષ્ટ પુણ્ય કે ઉત્કૃષ્ટ પાપ ધરાવે છે તેઓને સંસર્ગની કોઈ અસર થતી નથી.

તમને આનું જડબેસલાક ઉદાહરણ પણ આપીએ. કાલસૌકરિક કસાઈ ભગવાનના સમવસરણમાં ય જઈ આવ્યો હતો અને સ્થૂલભદ્રજી કોશાવેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસ પણ કરી આવ્યા હતાં. અને તેઓ બંને સાવ નિર્લેપપણે પાછા ફર્યા હતા. હવે તમે જરા પણ ચૂં-ચા કરશો તો એ ચરિત્રો પણ ઉપજાવેલા માનવા પડશે. બોલો, હવે કાંઈ કહેવું છે ?

ઉ. :- તમારી વાત સાચી છે, આમ છતાં પ્રત્યેક જીવોને માટે અનાયતનવર્જન જ કલ્યાણકારી છે. કારણ કે એ જ એકાંતે

१. ओघनिर्युक्तिः।।७६३-७८४।। आवश्यकनिर्युक्तिः।।११९२-११२१।। पुष्पमाला।।४५८।। २. षष्टिशतकम्।।२८।।



वैतथ्याऽऽपत्तिरिति चेत् ?, सत्यम्, तथापि सर्वेषामपि तद्वर्जनमेव श्रेयः, एकान्तहितनिबन्धनत्वात्, संवादी चात्र सिद्धान्तः - तहा वि एगंतहियं ति नच्चा, विवित्तवासो मुणीणं पसत्थो - इति[1]। अवोचाम चान्यत्र[2] - निमित्तवर्जनं हि ब्रह्मसिद्ध्युपनिषत् परा - इति। स्थूल-भद्रादिवृत्तालम्बनं तु मुग्धानां भवकूपप्रपातनिमित्तमिति प्रत्येकबुद्धवत्तस्य कादाचित्कत्वेनानालम्ब्यत्वमेवेति दिक्[3]।।२६।।

કલ્યાણનું કારણ છે. અહીં સિદ્ધાન્તવચન પણ સાક્ષી પૂરે છે- તો પણ એકાંતહિત જાણીને મુનિઓ માટે વિવિક્તવાસ પ્રશસ્ત છે. અમે પણ અન્યત્ર કહ્યું છે કે - નિમિત્તનું વર્જન એ જ બ્રહ્મચર્યની સિદ્ધિનું પરમ રહસ્ય છે.

પ્ર. :- આનું નામ કદાગ્રહ, સ્થૂલભદ્રજીનું આટલું સચોટ ઉદાહરણ આપ્યું, એ તો જોતા જ નથી.

ઉ. :- સ્થૂલભદ્રજીના ચરિત્રનું આલંબન લેવું એ તો મુગ્ધ જીવોને સંસારરૂપી કૂવામાં પાડવાનું નિમિત્ત છે. એટલે કે કોઈ વિચારે કે સ્થૂલભદ્રજી વેશ્યા સાથે ચોમાસુ રહ્યા, તો અમારે સ્ત્રીસંસક્ત વસતિ વગેરેમાં શું વાંધો છે ? તો એનાથી એ વ્યક્તિનું અત્યંત અહિત થાય છે. કારણ કે જેમ મરુદેવા માતા જેવા ચારિત્રની બાહ્ય-સાધના વિના મોક્ષે જનારા તથા ઉપદેશ વિના બોધ પામનારા પ્રત્યેકબુદ્ધો અત્યંત વિરલા હોય છે, તેમ સ્થૂલભદ્રજી જેવા પણ અત્યંત વિરલા જ હોય છે, એટલે તો શાસ્ત્રકારોએ એક અપેક્ષાએ શ્રીનેમિનાથ ભગવાન કરતાં ય તેમનું કાર્ય દુષ્કર બતાવ્યું છે. (કલ્પટીકા) અને માટે જ તો ૮૪ ચોવીશીઓ સુધી તેઓ અમર થઈ જવાના છે. આપણી તો કઈ દશા છે, એ આપણે જાણીએ છીએ અને જ્ઞાની જાણે છે. માટે આપણે એ મહાપુરુષના વાદ લેવા જેવા નથી. ।।૨૬।।

१. उत्तराध्ययनम्।।३२-१६।। २. सत्त्वोपनिषद्।।१५।। ३. उपदेशमाला।।१७९-१८१।।

एवं निमित्तादिरक्षितस्यापि कदाचित्तद्योगः स्यात्, तदुचितमाह–

**सुखदुःखरसैर्भेद्यं[1] व्यक्तोपनतकारणैः[2]।**

**प्रसादयेदुपाख्यानैः[3] स्वैरासनमुखागतैः।।२७।।**

व्यक्तोपनतकारणैः सुखदुःखरसैर्भेद्यं स्वैरासनमुखागतैरुपाख्यानैः प्रसादयेत् - इत्यन्वयः।

**व्यक्तानि**- प्रकटानि - उद्भटोद्दामानीत्याशयः, **उपनतानि** - अध्यात्मनि संयुक्तानि, **कारणानि** राजपूज्यत्वादीनि येषां तानि **व्यक्तो-**

પ્ર. :- આ રીતે નિમિત્ત વગેરેથી શિષ્યનું રક્ષણ કરવા છતાં ક્યારેક તેનો યોગ થઈ જ જાય તો શું કરવું ?

ઉ. :- એ જ કહે છે –

**પ્રગટ આવી પડેલા કારણો છે જેના, એવા સુખ-દુઃખરસોથી ભેદ્યને સ્વૈરાસનમુખ આવેલી કથાઓથી પ્રસન્ન કરવો. ।।૨૭।।**

પ્રગટ એટલે અત્યંત ઉદ્ભટ-ઉગ્ર કોટિના કારણોનો પોતાને સંયોગ થાય, જેમ કે રાજા, મંત્રી વગેરે વિશિષ્ટ વ્યક્તિને પૂજ્ય થઈ જાય અથવા તો કેન્સર જેવી બીમારી આવી જાય આવા સુખ-દુઃખ આવે એટલે કે સત્કાર પરીષહ, ક્ષુધા, રોગ પરીષહ વગેરે સુખ-દુઃખના કારણો આવી પડે. એમાં જે રાગ-દ્વેષને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય હોય તે તેમનો રસ-પાવર છે. તેનાથી જે સંયમનો ભેદ પામવાની-ચારિત્રથી પતિત થવાની અણી પર હોય તેને આ ઉપાયોથી સ્થિર કરવો.

શિષ્યની સ્વચ્છંદતા દૂર કરી શકે એવા જે કૂલવાલક વગેરેના દૃષ્ટાન્તો સ્ફુરાયમાન થાય એવા કથાનકોથી તેને પ્રસન્ન કરવો. એટલે કે તેની સ્વચ્છંદતા દૂર કરીને તેને આજ્ઞાયોગમાં સ્થિર કરવા

१. ख - नैद्यं। ग - भेयं। २. क - त्तोपनय। ख - क्त्योपनत। ३. क ग - प्रमादये। ख - प्रसादेये।



**पनतकारणानि**, तैः, **सुखम्** - सत्कारादिपरीषहोपनिपातः, **दुःखम्** - क्षुधादिपरीषहोपनिपातः, तयो **रसाः** - अभिष्वङ्गादिजननसामर्थ्यलक्षणाः **भेद्यः** - संयमभेदयोग्यतां गतः, तम्, **स्वैरः**- भावप्रधानत्वान्निर्देशस्य स्वैरता,तामस्यन्ति निराकुर्वन्तीति **स्वैरासनानि**, तानि च **मुखागतानि** - वचनविषयतया स्फुरितानि, **तैरुपाख्यानैः** कूलवालकप्रभृतिनिदर्शनैः **प्रसादयेत्** - निरस्तस्वैरभावतयाऽऽज्ञायोगसुस्थिततताप्रयुक्तप्रसादभाज-नीकुर्यात्, यद्वा तन्मनोरञ्जनकृदुत्तमनिदर्शनैः स्वस्मिन् प्रसादभाव-मुत्पादयेत्, मा भूदस्यात्यन्ताप्रज्ञापनीयतागुरुप्रद्वेषादियोगादनर्थ इति।

यद्वाऽऽ**सनं** निराकरणम्, तदभिमुखमागतैस्तद्भावं प्रयातैरुपाख्या-

દ્વારા પ્રસન્નતાનું પાત્ર બનાવવો.

બીજો અર્થ એ થઈ શકે કે એની સ્વચ્છંદતા દૂર કરવા માટે કૂલવાલક વગેરેની કથાઓ નહીં, પણ જે કથાઓથી શિષ્યનું મનોરંજન થાય એવા ઉત્તમપુરુષોના ઉદાહરણો દ્વારા શિષ્યના મનમાં પોતાના (ગુરુના) પ્રત્યે પ્રસાદભાવ ઉત્પન્ન કરવો, જેથી અત્યંત અપ્રજ્ઞાપનીયતા, ગુરુપ્રદ્વેષ વગેરેથી તેનો અનર્થ ન થાય. ગુરુ પ્રત્યે પ્રસાદભાવ આવે એટલે આજ્ઞાંકિતતા પણ સંભવે છે.

અથવા તો આસન = નિરાકરણ, નિરાકરણને અભિમુખ = નિરાકરણ કરનારા કથાનકોથી તેને પ્રસન્ન કરવો.

પ્ર. :- આમાં વળી કયો નવો અર્થ કર્યો ?

ઉ. :- પૂર્વે સ્વૈરાસન + મુખાગત આમ સમાસ વિગ્રહ કર્યો હતો, અહીં સળંગ સ્વૈરતાના આસનને અભિમુખ થયેલા - એવો વિગ્રહ છે.

પ્ર. :- અરે, પણ તમે ક્યારનાં આસન-આસન કરો છો. તે આસન તો બેસવાનું ઉપકરણ અથવા બેસવાની ક્રિયા છે તમે તો કોઈ દિવ્ય અર્થ જ કરો છો.

नैरित्यपरोऽप्यर्थः। आसनपदमत्रार्थे ग्रन्थकृतोऽपि सम्मतम्, यथाह-बहिश्च चित्रं कलिलासनं तपः[1] इति।

ननु यदि शैक्षः सुखादिरसभेद्यस्तदा स्वैरतापगममात्रेण किमिति चेत् ? किं नेति पृच्छ, तस्यैव गीतार्थनिश्राप्रतिपत्तिरूपत्वेन संयम-स्थैर्यादिप्रयोजकतया सर्वसुखबीजत्वात्। किञ्च यावन्मात्रस्वैरतापगमेन गुरुकुलवासात्यागः, तावन्मात्रोऽपि तदपगमो गुणाय, तेनापि रक्षासम्भवात्,

---

ઉ. :- આસનમાં 'अस्' ધાતુ છે જેનો અર્થ છે ફેંકવું, ક્ષેપ કરવો, નિરાકરણ કરવું. વળી આ અર્થ દિવાકરજીને પણ માન્ય છે કારણ કે તેમણે પોતે પણ આ અર્થમાં તેનો પ્રયોગ કર્યો છે. જેમ કે 'બહાર વિવિધપ્રકારનું પાપનું નિરાકરણ કરનારું તપ છે.'

પ્ર. :- શાબાશ, તમારા પક્ષે દિવાકરજીને ય ઉભા કરી દીધા. પણ આ અર્થ પણ તમારા મગજનું જ ઉત્પાદન છે ને ?

ઉ. :- ધાતુના અર્થ મુજબ વ્યુત્પત્તિ બતાવી ટીકામાં આસનનો અર્થસિદ્ધ કરેલ છે. વિવિધ વ્યુત્પત્તિ મુજબ આસન-અસન બંને સંગત છે. વળી પાપમાં બેસવું વગેરે અર્થ સંગત પણ નથી. માટે આ જ અર્થ સ્વીકારવો પડશે.

પ્ર. :- ઠીક છે, પણ જો શિષ્ય સુખાદિના રસથી સંયમભેદ પામી રહ્યો છે તો તેને બચાવવા સ્વચ્છંદતાનું નિરાકરણ કરવા માત્રથી શું થઈ શકે ?

ઉ. :- શું ન થઈ શકે એમ પૂછો. કારણ કે સ્વચ્છંદતા જવી, એનો અર્થ છે ગીતાર્થની નિશ્રા સ્વીકારવી અને ગીતાર્થનિશ્રાસ્વીકાર તો સંયમસ્થિરતા વગેરેનો હેતુ હોવાથી સર્વ સુખોનું બીજ છે. વળી એ ગુરુકુલવાસનો ત્યાગ ન કરે એટલા અંશે પણ જો સ્વચ્છંદતા જતી રહે તો ય લાભ જ છે. કારણ કે એના ભાવ પડી ગયા

---

१. प्रथमा द्वात्रिंशिका।।२४।।



आह च - यद्यपि निर्गतभावस्तथाप्यसौ रक्ष्यते सद्भिरन्यैः। वेणुर्विलून-मूलोऽपि वंशगहने महीं नैति - इति[1] ।।२७।।

अथेदमत्यन्तमसमञ्जसं यद् गुरुः शिष्यं प्रसादयेत्, पत्तिएण पसायए - आराहए तोसइ - पसायपेही - इत्यादिविधेर्विपरीतत्वात्। ततश्च तादृशशैक्षस्य - सदोषस्त्वम्, निषिद्धमिदं भगवता, एतच्च तज्ज्ञापकं शास्त्रवचनम्, एष च तद्दोषविपाकः, बुध्यस्वान्यथा विनङ्क्ष्यसि - इत्यादिप्रकटाभिधानमेवोचितम्, किं प्रसादनेनेति चेत् ? अत्राह -

---

હોવા છતાં પણ ગુરુકુલવાસથી ય તેની રક્ષા સંભવિત છે. જેમ વાંસનો બાંબુ મૂળમાંથી કપાઈ ગયો હોવા છતાં આજુ બાજુ વાંસની ગીચતા હોવાને કારણે જમીન પર પડતો નથી. તેમ અન્ય સજ્જનો વચ્ચે રહેવાથી જેનો ભાવ જતો રહ્યો છે તેની ય રક્ષા થાય છે. ।।૨૭।।

પ્ર. :- તમે ગમે તેટલા બહાના કાઢો, ગુરુ શિષ્યને પ્રસન્ન કરે - આ સાવ વિચિત્ર પ્રતિપાદન છે. જુઓ, શાસ્ત્રો શું કહે છે - પ્રત્યયથી ગુરુને પ્રસન્ન કરવા, ગુરુની આરાધના કરવી, તેમને સંતોષ આપવો, શિષ્યે ગુરુકૃપાકાંક્ષી થવું.. તમારી વાતો તો આનાથી ઉંધી જ છે. માટે એવા શિષ્યને પણ ચોખ્ખે ચોખ્ખુ સંભળાવી દેવું જોઈએ કે - તું ગુનેગાર છે. આનો ભગવાને નિષેધ કર્યો છે. આ એ દર્શાવનારું શાસ્ત્રવચન છે. આ એ દોષનું દારુણ ફળ છે. હજી પણ સમજી જા, નહીં તો દુઃખી થઈ જઈશ.

આ સિવાય કાંઈ કહેવાની જરૂર નથી. તેને પ્રસન્ન કરવાની તો વાત ક્યાં રહી ?

ઉ. :- શાબાશ, તમે તો સ્પષ્ટવક્તા છો. પણ દિવાકરજી આ વિષયમાં કાંઈક જુદો જ અભિપ્રાય આપી રહ્યા છે. સાંભળો –

---

१. उद्धृतं धर्मबिन्दुवृत्तौ।।३-४०।।

**अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम्[1]।**
**दोषायाभिनवोदीर्णे शमनीयमिव[2] ज्वरे।।२८।।**

अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनं दोषाय, अभिनवोदीर्णे ज्वरे शमनीयवत् - इत्यन्वयः।

**प्रकर्षेण शान्ता** प्रशान्ता- कषायोदयविनिर्मुक्ता, न सा - **अप्रशान्ता**, अप्रशान्ता **मति**र्बुद्धिर्यस्य सः - **अप्रशान्तमतिः** शैक्षादिः, तस्मिन्, **शास्त्रम्** - सिद्धान्तः, तस्मिन् **सन्** - विद्यमानः, **भावः** - अर्थविशेषः, तस्य **प्रतिपादनम्** - यथार्थमप्यभिधानम्, **दोषाय** - कषायाभिवृद्धिप्रमुख-प्रत्यपायाय प्रभवतीति शेषः।

**જેની મતિ અપ્રશાંત છે તેને શાસ્ત્રના સદ્ભાવનું પ્રતિપાદન દોષ માટે થાય છે. નવા ઉદય પામેલા તાવમાં શમનૌષધની જેમ. ।।૨૮।।**

જે અત્યંત શાંત છે, કષાયના ઉદયથી મુક્ત છે એવી મતિ પ્રશાંત છે. જેની મતિ એવી નથી તે અપ્રશાંતમતિ છે. એવી શિષ્યાદિ વ્યક્તિને શાસ્ત્રમાં રહેલો અર્થવિશેષ કહેવો = યથાર્થરૂપે તેનું પ્રતિપાદન કરવું એ કષાયની અત્યંત વૃદ્ધિ વગેરે પ્રત્યપાયનું કારણ બને છે.

આ જ અર્થમાં દૃષ્ટાંત કહે છે – નવા થયેલા તાવમાં તાવને શમાવનારા ઔષધની જેમ. નવા તાવમાં શમનૌષધ જ તાવની વૃદ્ધિ વગેરે દોષોનું કારણ બને છે. તે જ રીતે અપ્રશાંત વ્યક્તિને શાસ્ત્રવચનનું પ્રતિપાદન પણ ગુરુ પર પ્રદ્વેષ થવો વગેરે દોષોનું કારણ બને છે. માટે સૌ પ્રથમ એ વ્યક્તિને પ્રસન્ન કરવા વગેરે દ્વારા તેને પ્રશાંત કર્યા પછી જ શાસ્ત્રવચનનું પ્રતિપાદન દોષને દૂર કરનારું છે.

१. क ग - शस्त्र। २. ग - मिन।



अत्रैवार्थे दृष्टान्तमाह - **अभिनवः** - नूतनः, **उदीर्णः** - सञ्जातः, अभिनवश्चासावुदीर्णश्च - **अभिनवोदीर्णः**, तस्मिन्, **ज्वरः** - रोगः[1], तद्विशेषो वा तस्मिन् **शमनीयमिव** - शमनौषधवत्, यथैव नूतनज्वरे शमनीयमेव ज्वरवृद्ध्यादिदोषनिबन्धनम्, तथैवाप्रशान्ते शास्त्रवचः-प्रतिपादनमपि गुरुप्रद्वेषादिदोषनिबन्धनमिति प्रसादनादिना प्रशान्ती-करणानन्तरमेव तत्प्रतिपादनं दोषापहम्, जीर्णज्वरे शमनीयवदिति हृदयम्। एवं च - न वि किंचि अणुन्नायमित्यादिन्यायादत्रापि विध्यनेकान्त इति ध्येयम्।।२८।। इत्थं सम्यक् प्रशान्ततां प्रापितस्य सारणादिना सदनुशासको यदुपकरोति तदाह –

જેમ કે તાવ પણ જીર્ણ-જુનો બને પછી શમન ઔષધ આપો તો એ તાવને દૂર કરનારું થાય છે.

પ્ર. :- તમારી બધી વાત સાચી. પણ શિષ્યએ ગુરુને પ્રસન્ન કરવાના છે એ શાસ્ત્રવિધિનું શું ?

ઉ. :- એક માત્ર મૈથુન વિષે ભગવાને એકાંત નિષેધ કર્યો છે. એ સિવાય કોઈ પણ વિધિ-નિષેધ એકાંતે કર્યા નથી. માટે શિષ્યએ ગુરુને પ્રસન્ન કરવા જોઈએ. એ સામાન્ય સંયોગોની વિધિ છે. વિશેષ સંયોગમાં ફેરફાર પણ કરવો જ પડે. (એમાં પણ એ ખ્યાલમાં રાખવાનું છે કે શિષ્ય ગુરુને પૂજ્યબુદ્ધિથી પ્રસન્ન કરે, ગુરુ કરુણાબુદ્ધિથી-હિતબુદ્ધિથી શિષ્યનો દુર્ભાવ દૂર કરવા પ્રયત્ન કરે) માટે જ દિવાકરજીએ સ્પષ્ટપણે 'प्रसादयेत्' એવો નિર્દેશ અનેક વાર કર્યો છે. આમ એ વિધિનો પણ અનેકાંત જ છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. ।।૨૮।।

આમ, શિષ્યને સમ્યક્ રીતે પ્રશાંત કર્યા પછી સારણા વગેરે કરીને સાચો અનુશાસક જે ઉપકાર કરે છે તે કહે છે –

१. ज्वर रोगे, अच्।

**यदनासेवितं यस्य सेवितं वा स साधयेत्[१]।**
**तच्छेषानुपरोधेन प्रतिरूपार्पितं[२] तपः।।२९।।**

स यस्य यद् अनासेवितं सेवितं वा, तत् शेषानुपरोधेन प्रतिरूपार्पितं तपः साधयेत् - इत्यन्वयः।

**सः** - कुशलवैद्यवत् कालज्ञतया हितौषधप्रयोक्ताऽनुशासकः, **यस्य** कृतापराधशैक्षादेः, **यत्** - आलोचनाप्रतिक्रमणाद्यनुष्ठानम्, **आसेवितम्** - कृतपापप्रतिघातप्रयोजनेनाभिविधिना सम्यक् चरितम्, न तत् - **अनासेवितम्, सेवितं वा** - चरितं वा, **तत्** - अनन्तरनिर्दिष्टम्,

---

**જેનું જે અનાસેવિત કે સેવિત હોય, તે શેષના અનુપરોધથી અનુરૂપ અર્પિત તપની સિદ્ધિ કરી આપે. ॥૨૯॥**

જે કુશળ વૈદની જેમ યોગ્ય સમયને જાણીને હિતકારક ઔષધનો પ્રયોગ કરે છે, તે અનુશાસક અપરાધી શિષ્ય વગેરેએ આલોચના, પ્રતિક્રમણ વગેરે જે અનુષ્ઠાન બરાબર સેવ્યું ન હોય - કરેલા પાપનો પ્રતિઘાત કરવાના પ્રયોજનથી પણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ સમ્યક્ ન કર્યું હોય એટલે કે અનાસેવિત હોય, અને જે સેવિત[૧] હોય, તે અનુષ્ઠાનને તેની સિવાયના આવશ્યક યોગોમાં બાધા ન પહોંચે તે રીતે, દોષ અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ને અનુરૂપપણે શિષ્યને પ્રતિપાદિત તપ સાધી આપે.

અહીં તપનો અર્થ આભ્યંતરતપનો પ્રકાર પ્રાયશ્ચિત્ત સમજવો. જેના દશ પ્રકાર છે.

(૧) આલોચના (૨) પ્રતિક્રમણ (૩) તદુભય
(૪) વિવેક (૫) વ્યુત્સર્ગ (૬) તપ (૭) છેદ
(૮) મૂલ (૯) અનવસ્થાપના (૧૦) પારાંચિત

---

१. क ग - माध। २. ख - र्त्तितं। ग - र्थितं। ૧. આસેવિત - સેવિતને આગળ સ્પષ્ટ કર્યા છે.



**शेषम्** - आसेवितान्यावश्यकानुष्ठानम्, **तस्यानुपरोधेन** - तदबाधया, **प्रतिरूपं** दोषानुरूपं द्रव्याद्यनुरूपं च, **अर्पितं** - शैक्षाय प्रतिपादितम्, प्रतिरूपं चार्पितं च - **प्रतिरूपार्पितम्, तपः** - आभ्यन्तरतपोलक्षणं दशप्रकारं प्रायश्चितम्[१]। तत् **साधयेत्** - स्वपरकल्याणहेतुतया निष्पादयेत् - शिष्यानुष्ठानविषयीकुर्यादित्यर्थः।

नन्वनासेवितसाधनं शोभनम्, सेवितसाधने तु पिष्टपेषणमेवेति चेत् ? न, अभिप्रायापरिज्ञानात्, आसेवितत्वविरहेणासिद्धत्वात्, सिद्धान्ताभिहिताभिविधिना गीतार्थनिवेदनादिपुरस्सरमकृतत्वात्, तदन्तरेण प्रति-

---

આ તપને અનુશાસક એવી રીતે સાધી આપે કે સ્વ-પરનું કલ્યાણ થાય એ રીતે શિષ્યના અનુષ્ઠાનનો એ તપ વિષય બને - શિષ્ય એનું આચરણ કરે.

પ્ર. :- અનાસેવિતને સાધી આપવું તો બરાબર છે. પણ સેવિતને સાધવામાં તો પિષ્ટપેષણ જ છે. પેલાએ કર્યું હતું એ જ કરાવ્યું એમાં શું નવું કર્યું ?

ઉ. :- તમે અભિપ્રાય સમજ્યા નથી. એ સેવિત પણ આસેવિત ન હોવાથી સિદ્ધ નથી. સાધવાનું બાકી છે. જે ગીતાર્થને નિવેદન કરવાપૂર્વક = શુદ્ધ આલોચના દ્વારા પ્રાયશ્ચિત નથી કરાતું, એ અનુરૂપ તપ હોવા છતાં પણ નિષ્ફળ જાય છે, જેમ કે લક્ષ્મણા સાધ્વીનો તપ નિષ્ફળ ગયો હતો.

માટે જે સેવિત હોય- અવિધિથી કર્યું હોય તેને પણ આસેવિત તરીકે સમ્યક્ આચરિત તરીકે સાધવું ઉચિત જ છે. એમાં પિષ્ટપેષણ નથી.

પ્ર. :- અરે, પણ તમે તો સેવિતનો જે અર્થ કરો છો એ જ અર્થ અનાસેવિતમાં ય કર્યો હતો.

---

१. व्यवहारनि.१६, भा.५३, आ.नि.१४३२।।

रूपस्यापि तपसो निष्फलत्वात्, लक्ष्मणार्यावत्, इति तस्याप्यासेवितत्वेन साधनं न्याय्यमेव। अनासेवितसेवितयोः सम्यगसेवितत्वसाम्येऽपि अननुष्ठिताविध्यनुष्ठितत्वाभ्यां विशेषो द्रष्टव्यः।

अत्रेदमवधेयम्, प्रायश्चित्ते षष्ठप्रकारेऽनशनादितपो भवति, तत्कुर्वतस्तस्य शेषाणां वैयावृत्यादियोगानां यथा बाधा नोपजायते तथा यतितव्यम्। यद्वा यथासम्भवं सर्वप्रकारेष्वपि तद्बाधा परिहर्तव्येति ।।२९।।

आसेवितता - विरहमेव स्पष्टयति -

**यदुत्सृष्टमयत्नेन पुनरेष्[1]यं प्रयत्नतः।**
**तत्साधनं वा ता[2]दृक्षं न हि सोपधयो बु[3]धाः।।३०।।**

ઉ. :- ના, બંનેમાં ફરક છે. અનાસેવિતનો અર્થ તો જે સમ્યક્ સેવિત નથી તે જ છે, પણ એમાં તો અવિધિથી પણ સેવિત નથી, અર્થાત્ સાવ કર્યું જ નથી. જ્યારે સેવિતમાં તો અવિધિથી કર્યું છે. આમ સમ્યક્ સેવિત ન હોવું - આ વાસ્તવિકતા બંનેમાં હોવા છતાં એક અનનુષ્ઠિત છે જ્યારે બીજું અવિધ્યનુષ્ઠિત છે.

અહીં શેષાનુપરોધ કહેવાનો આશય એ છે કે પ્રાયશ્ચિતમાં છઠ્ઠા પ્રકારમાં અનશન, ઉણોદરી વગેરે તપ હોય છે. એ તપ એવી રીતે કરાવવો કે જેનાથી બાકીના વૈયાવચ્ચ વગેરે યોગો સીદાય નહીં. અથવા તો યથાસંભવ કાયોત્સર્ગ વગેરે પણ તે બાધાનો પરિહાર કરીને કરાવવા. ।।૨૯।।

જે અનુષ્ઠાન સેવિત હોવા છતાં પણ શી રીતે આસેવિત નથી તેના વિષે દિવાકરજી સ્પષ્ટતા કરે છે –

**જે અયત્નથી છોડી દીધું હોય, તે ફરીથી પ્રયત્નથી એષણીય**

१. क - रेषं। ग - रेषां। २. क - तदृश्यं। ग - तदृक्ष्यं। ३. ग - बुधः।



यदयत्नेनोत्सृष्टम्, पुनः प्रयत्नत एष्यम्, तादृक्षं वा तत्साधनम्, हि बुधाः सोपधयो न - इत्यन्वयः।

**यत्** - प्रायश्चित्ताद्यनुष्ठानम्, **अयत्नेन** - सम्यगाराधनामन्तरेण, **उत्सृष्टम्**- खेदादिदोषोप[1]हतेनान्तराल एव त्यक्तम्, **पुनः** - भूयोऽपि **प्रयत्नतः** - वीर्योल्लासप्रकर्षेण **एष्यम्** - एषणाविषयम् - कर्तव्यतयाभीष्टमित्याशयः।

तथैव सम्यगाराधनासम्भवात्, अयत्नोत्सर्गहेतुकाशुभानुबन्धमुक्तिभावाच्च, अन्यथा तु जन्मान्तरेऽपि तदनुष्ठानदौर्लभ्यप्रसङ्ग इति भावनीयम्।

अथ कश्चिच्छैक्षविशेषस्तत्कर्तुमसमर्थः, तेन तदनुष्ठानोपाये

**છે. અથવા તેનું સાધન તેના જેવું હોય. કારણ કે પ્રબુદ્ધ જીવો માયાવી નથી હોતા. ।।૩૦।।**

જે પ્રાયશ્ચિત્ત વગેરેની સમ્યક્ આરાધના ન કરી હોય. ખેદ, ઉદ્વેગ, ક્ષેપ વગેરે દોષોથી વચ્ચેથી જ છોડી દીધું હોય. અનુપયોગ, અનાદરાદિથી કર્યું હોય. ગરબડિયું કર્યું હોય. એ અનુષ્ઠાન ફરીથી વીર્યોલ્લાસના પ્રકર્ષથી કરવા યોગ્ય છે. એ કરવું જોઈએ એમ શિષ્ટપુરુષોને અભીષ્ટ છે.

કારણ કે એ જ રીતે એ અનુષ્ઠાનની સમ્યક્ આરાધના સંભવિત છે. અને પૂર્વે જે અયત્નપૂર્વક છોડી દીધું, અવિધિ-અનાદરાદિ કર્યા એના કારણે જે અશુભ અનુબંધો પડ્યાં હોય તે પણ સમ્યક્ આરાધનાથી જ છૂટી શકે છે. અન્યથા તો ભવાંતરમાં પણ એ અનુષ્ઠાન દુર્લભ થઈ જાય એ ગંભીરતાથી વિચારણીય છે.

જો કોઈ શિષ્યવિશેષ એ અનુષ્ઠાનને સમ્યક્ આરાધવા સમર્થ ન હોય તો તેણે એ અનુષ્ઠાનના ઉપાયમાં યત્ન કરવો જોઈએ

१. दृश्यतां षोडशकप्रकरणम्।।१४।।

यतितव्यम्, आह च - उपेयसाधनत्व उपायस्य तत्त्वात्- इति[1]। सोऽप्ययत्नोत्सृष्टः प्रयत्नेनाराधनीय इत्याशयेनाह- **तत्साधनं वा** - तस्यानुष्ठानस्योपायभूतं वा, **तादृक्षम्** - अनन्तरनिर्दिष्टसदृशमिति।

**हि** - यस्मात्, **बुधाः** - शुश्रूषा-शमगर्भशास्त्रयोगसम्पादितश्रुत-चिन्ताभावनासारनिर्मलबोधकलिताः, **उपधिः** - निकृतिः, अनुपायेतरादर-परिहाराभ्यामात्मन उपेयवञ्चनेत्यर्थः, तेन सहिताः **सोपधयः**, **न** - नैव, भवन्तीति शेषः।

---

કારણ કે ઉપાયથી ઉપેયની પ્રાપ્તિ થઈ શકે છે = સાધનથી સાધ્યની પ્રાપ્તિ થઈ શકે છે. માટે ઉપાય પણ ઉપેય બની જાય છે = સાધન પણ સાધ્ય બની જાય છે.

જેમ કે કોઈ કહે કે મારે ઈર્યાસમિતિ સારી પાળવી છે, તો તેનું સાધન છે આંખની પટુતા. એ જો ન હોય તો તેણે ઈર્યાસમિતિરૂપી ઉપેયના ઉપાયરૂપ આંખની પટુતાને ઉપેય = સાધ્ય બનાવી તેની સિદ્ધિ કરવી જ પડે.

આમ જેમ અનુષ્ઠાન અયત્નથી છોડી દીધું હોય, તો એને પ્રયત્નથી આરાધવાનું છે તેમ તેના સાધનને પણ આરાધવાનું છે, એ આશયથી કહે છે – તે અનુષ્ઠાનનું સાધન પણ તેના જેવું હોય - અયત્નત્યક્ત હોય, તો એ પણ ફરીથી ઈચ્છનીય છે.

કારણ કે જેમણે શુશ્રૂષા અને પ્રશમગર્ભિત શાસ્ત્રોના યોગથી શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનથી સારભૂત નિર્મલબોધ પ્રાપ્ત કર્યો છે તેવા પ્રબુદ્ધ જીવો માયાવી નથી હોતા.

માયા કરીને તેઓ અનુપાયનો આદર અને ઉપાયનો પરિહાર કરે, તેના દ્વારા પોતાના આત્માને ઉપેયથી વંચિત કરે તે શક્ય જ નથી. તેમ કરવામાં ઉક્ત નિર્મલબોધ બાધક બને છે.

---

१. उद्धृतं योगशतकवृत्तौ।।२६।।



मायाकृतानुष्ठानेन तु महति कायक्लेशे कृतेऽपि सत्फलाप्ति-विरहः, लक्ष्मणार्यावत्, इति यद्यप्यापाततस्तेषामालोचनागुर्वादिवञ्चनं प्रतिभासते, वस्तुतस्तु स्वात्मैव तैर्वञ्चित इति भावः। विध्यादियत्न-वद्भावनाज्ञानानुभावेन बुधानां तदभावः सूपपन्न एवेति।।३०।।

अनुपधिबाह्यतपोमात्रेणापि कृतकृत्यता नेति स्पष्टयति -

**नातिकृच्छ्रतपःसक्तो[1] मनश्छागवदुत्सृजेत्[2]।**
**[3]कुशीलान् वा विदग्धाँश्च तीर्थं[4] तच्छेषपालनम्।।३१।।**

---

સમ્યક્ પ્રાયશ્ચિત્તાદિ અનુષ્ઠાન ઉપાય છે અને આત્મશુદ્ધિ, કર્મક્ષય, મોક્ષ આ ઉપેય છે. જ્યારે માયા એ અનુપાય છે. તેનાથી ઉપેયસિદ્ધિ અસંભવિત છે. પછી ભલે ને ગમે તેટલો કાયક્લેશ કરીને અનુષ્ઠાન કરે. તેનું સાચું ફળ ન મળી શકે.

જેમ કે લક્ષ્મણા સાધ્વીજીએ ૫૦ વર્ષનો ઘોર તપ કર્યો તો ય તેનું સાચું ફળ ન મળ્યું. માટે સ્થૂલદૃષ્ટિએ ભલે એમ લાગે કે માયાવી જીવે આલોચનાદાતા ગુરુને છેતર્યા પણ વાસ્તવિકતા એ છે કે તેણે પોતાના આત્માને જ છેતર્યો છે.

પ્રબુદ્ધ જીવો તો ભાવનાજ્ઞાનથી સંપન્ન હોય છે. તે જ્ઞાનનું એક લક્ષણ છે કે એ વિધિ વગેરેમાં યત્નવાળું હોય છે. અર્થાત્ ભાવનાજ્ઞાનના પ્રભાવે વિહિતપ્રવૃત્તિ અને નિષિદ્ધનિવૃત્તિ અવશ્યપણે થાય છે. માટે એવી વ્યક્તિમાં માયા ન હોય એ યુક્તિયુક્ત જ છે. ॥૩૦॥

માયા વિના બાહ્ય તપ કરે, તો ય એટલા માત્રથી કૃતકૃત્યતા નથી થઈ જતી એ સ્પષ્ટ કરતા કહે છે –

**ખૂબ કષ્ટરૂપ તપમાં આસક્ત (એવો જીવ) મનને બકરાની જેમ છોડી ન દે, અથવા કુશીલો અને વિદગ્ધોને, તે અને શેષનું**

---

१. क ग - शक्ताः नमच्छा। ख - सक्ता नमछा। २. सक्ता इति मुद्रितपाठः, कल्पितश्चोपरितनः। ३. ग - कुशलात्। ४. क ग - तीर्थतच्छे।

अतिकृच्छ्रतपःसक्तो मनः छागवत् नोत्सृजेत्, कुशीलान् वा विदग्धाँश्च, तच्छेषपालनं तीर्थम् - इत्यन्वयः।

**अतिमात्रं** - दुःसह्यं, **कृच्छ्रं** - कष्टं यस्मिन् तदतिकृच्छ्रम्, **तपः** - अनशनाद्यनुष्ठानम्, अतिकृच्छ्रं चैतत् तपश्च - **अतिकृच्छ्रतपः**, तस्मिन् **सक्तः** - आसङ्गदोषदुष्टः, तदेकोपादेयबुद्धितया तन्मात्रपरायण इति भावः, **मनः** - चित्तम्, **छागवत्** - अजवत्, **न** - नैव **उत्सृजेत्** - तन्नियन्त्रणमुपेक्ष्योन्मुञ्चेत्। उग्रतपस्विनाऽपि छागवद्यत्र तत्राटाट्यमानं मनः गुप्ति-गुप्तं कार्यमेवेति तात्पर्यम्।

स्यादेतत्, मा भूद्यत्र तत्राटनम्, कस्मिंश्चित् नियतपदे त्वदोष

---

**પાલન તીર્થ છે. ॥૩૧॥**

જેમાં અતિમાત્રાવાળું દુઃસહ્ય કષ્ટ છે તેવું અનશન વગેરે તપનું અનુષ્ઠાન કરવામાં જે આસક્ત હોય, તેમાં જ ઉપાદેયબુદ્ધિ હોવાથી તેમાં જ જે પરાયણ હોય, એનું અનુષ્ઠાન “આસંગ” દોષથી દૂષિત છે.

તેને ઉપદેશ આપતા કહે છે કે તેણે પણ મનને બકરાની જેમ છોડી ન જ દેવું જોઈએ. મનને નિયંત્રિત કરવામાં ઉપેક્ષા ન કરવી જોઈએ. એ ચાહે ગમે તેટલો ઉગ્ર તપસ્વી હોય, તેણે પણ બકરાની જેમ, જ્યાં ત્યાં ભટકતા મનને મનોગુપ્તિથી સાચવવું જોઈએ. એવું અહીં તાત્પર્ય છે.

પ્ર. :- ઠીક છે, જ્યાં ત્યાં ભલે ન ભટકે, કોઈ એક જગ્યાએ સ્થિર થઈ જાય એમાં તો વાંધો નથી ને ?

ઉ. :- એ એક જગ્યા પણ અનુચિત ન હોવી જોઈએ. જેમ કે કોઈ કુશીલ-દૂષિત ચારિત્રવાળા પ્રત્યે મન આકર્ષાતુ હોય તો તે મનનું નિયંત્રણ કરવું, છોડી ન દેવું. કારણ કે તેમનો સંસર્ગ ચારિત્રભેદનું કારણ છે.



इत्यत्राह - **कुशीलान् वा** - दुष्टचारित्रान् वा प्रत्याकृष्यमाणमपि नोत्सृजेत्, तत्संसर्गस्य चारित्रभेदनिबन्धनत्वात्। तथा सुविहितपूर्वाचार्येभ्योऽप्यात्मानं विदग्धं मन्यन्ते ते पण्डितमानिनः स्वाभिप्रायेण **विदग्धाः**, यद्वा **विशेषेण दहन्ति** मुग्धसम्यक्त्वमिति **विदग्धाः**[1], यथाच्छन्दा इत्यर्थः **ताँश्च** प्रति मनो नोत्सृजेत्, तेषामुत्सूत्रभाषितया सम्यक्त्व-विनाशकत्वान्मनसाऽपि तत्संसर्गं नेच्छेदित्याशयः।

यद्वा **कुः** - पृथ्वी, तद्वत् **शीलं** सर्वंसहत्वलक्षणं येषां ते **कुशीलाः** - सच्चारित्रा इत्यर्थः, ते च **विदग्धाः** - सज्ज्ञानसम्पन्नतया गीतार्थाः, एतेन सद्दर्शनाक्षेपः, सहभावित्वात्। तान् अपि छागवन्नो-त्सृजेदित्यर्थः।

---

તથા જેઓ સુવિહિતપૂર્વાચાર્યો કરતાં પણ પોતાને બુદ્ધિશાળી માને છે તે પોતાના અભિપ્રાયથી વિદગ્ધ છે. તેમણે પોતે જ પોતાને પંડિત પદવી આપી દીધી છે. અથવા તો વ્યુત્પત્તિ અનુસારે જેઓ મુગ્ધજીવોના સમ્યક્ત્વને વિશેષથી બાળે છે તેઓ વિદગ્ધ છે. આ બંને અર્થોનો સંકેત યથાછંદ તરફ છે. તેમના પ્રત્યે પણ મનને છોડી ન દેવું. તેઓ ઉત્સૂત્રભાષી હોવાથી સમ્યક્ત્વના વિનાશક છે. માટે મનથી પણ તેમનો સંસર્ગ ન ઈચ્છે એવો અહીં આશય છે.

અથવા તો કુ = પૃથ્વી, તેના જેવું જેમનું શીલ છે = બધું સહી લેવાનો જેમનો સ્વભાવ છે એ કુશીલ = સમ્યક્ ચારિત્રના ધારક. અને તેઓ વિદગ્ધ પણ છે = સમ્યગ્જ્ઞાન સંપન્ન હોવાથી ગીતાર્થ પણ છે. આનાથી સમ્યગ્દર્શનનો પણ આક્ષેપ થાય છે = તેઓ સમ્યગ્દર્શનના પણ ધારક છે તેમ સમજી લેવું. કારણ કે સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન અવશ્ય હોય છે.

તેવા ગુરુને પણ બકરાની જેમ છોડી ન દે, એવો પણ અર્થ

---

१. दह भस्मीकरणे, वर्तमाने क्तः।

अयमाशयः, यदा हि सद्गुरवः, परमकारुणिकतयोचितोपायपुरस्सरं शिष्यप्रमादं निवर्तयित्वा तत्प्रायश्चित्तं प्रतिपादयन्ति, तदा कथञ्चित्तत्तपः कुर्वाणोऽपि भवितव्यतादियोगाद् गुरौ प्रद्वेषादिमापन्नो तत्त्यागं कुर्यादिति तं प्रत्येष उपदेशः, यतस्ते गुरवः स्वयं चरणादिसम्पन्ना दुष्प्रतिकारोपकाराः साम्प्रतं च विशेषण शुद्धिविधातार इति तदुत्सर्गे छागसदृशता - पशुवन्निर्विवेकतैवेति यथा मनो नोत्सृजेत् तथा तानपि नोत्सृजेत् - गुरुकुलवासादृतो भवेदित्यर्थः।

यद्वा चिन्तामणौ गोपालस्य शिलाशकलमतिवत् तादृशचरणादिगुणसम्पन्नेऽप्यस्य महामोहाभिभूततया छागसादृश्यबुद्धिर्जायेत, तद्वच्च

---

થઈ શકે. આશય એ છે કે, જ્યારે સદ્‌ગુરુઓ પરમકરુણાના ધારક હોવાથી ઉચિત ઉપાયો કરવા પૂર્વક શિષ્યના પ્રમાદની નિવૃત્તિ કરાવીને તેને તેનું પ્રાયશ્ચિત્ત આપે ત્યારે કદાચ કોઈ રીતે એ તપ કરતો હોવા છતાં પણ ભવિતવ્યતા વગેરેના યોગે ગુરુ પર તેને પ્રદ્વેષ વગેરે થવાથી તેમનો ત્યાગ કરે માટે તેના માટે આ ઉપદેશ છે કે – તે ગુરુઓ પોતે ચારિત્રાદિ સંપન્ન છે. એમના ઉપકારનો બદલો વાળવો મુશ્કેલ છે. અને હમણા તો ઉચિત ઉપાયથી પ્રમાદ નિવારી પ્રાયશ્ચિત્તદાતા થયા હોવાથી વિશેષ શુદ્ધિ કરનારા છે. માટે તેમનો ત્યાગ કરવામાં તો બકરાસાદૃશતા છે - પશુના જેવી નિર્વિવેકતા જ છે. માટે જેમ મનને છોડી ન દેવું તેમ તેવા સદ્‌ગુરુને પણ છોડી ન દેવા, ગુરુકુલવાસનો આદર કરવો.

અથવા તો જેમ ચિંતામણિમાં ગોવાળિયાને શિલાના ટુકડાની મતિ થાય, તેમ તે શિષ્ય મહામોહથી અભિભૂત થયો હોવાથી તેને ઉચ્ચ ચારિત્રાદિ ગુણસંપન્ન સદ્‌ગુરુમાં પણ બકરા જેવી બુદ્ધિ થાય. તેને એ ગુરુ બકરા જેવા તુચ્છ લાગે અને જેમ બકરાને છોડી દેવાય તેમ એ ગુરુને છોડી દે. તેના પ્રત્યે આ ઉપદેશ છે કે



तत्परित्यागं विदध्यादिति तं प्रत्येष उपदेशः, यद् गुरुकुलवासो नैव मोच्यः, प्रकटपरमाज्ञारूपत्वादस्येति।

स्यादेतत्, अतिकृच्छ्रतपसैव संसारमसौ तरिष्यतीत्यन्यदुपदेशोऽपार्थक इत्यत्राह- **तत्**- अतिकृच्छ्रतपः, **शेषं** च मनोगुप्त्यनायतनवर्जनगुरुकुलवासप्रभृति तदवशिष्टं भगवद्विहितमनुष्ठानम्, तच्च शेषं च **तच्छेषे** - तयोः **पालनम्** - वीर्यानिगूहनादिपुरस्सरं सम्यगाचरणम्, तदेव **तीर्थम्** - संसारसागरोत्तारभूतम् - शेषानादरेण त्वतिकृच्छ्रतपोऽपि संसारपारावारपारप्रापणाप्रत्यलमित्याशयः।।३१।।

---

ગુરુકુલવાસને ન જ છોડવો, કારણ કે આ જ ભગવાનની પ્રગટ અને પરમ આજ્ઞા છે.

પ્ર. :- બિચારો, આટલો ઉગ્ર તપ તો કરે છે અને તમે એને ઠપકારતા જ જાઓ છો. એ તપથી જ એ સંસારસાગર તરી જશે. માટે બીજો બધો ઉપદેશ આપવાનો કોઈ અર્થ નથી.

ઉ. :- સંસારસાગર તરવા માટે બે ય વસ્તુ જોઈશે. એક તો એ જે ઉગ્ર તપ યથાશક્તિ કરે છે તે અને બીજું તેના સિવાય જે બાકી રહ્યું તે. જેમ કે અહીં મનગુપ્તિ, અનાયતનવર્જન અને ગુરુકુલવાસનો નિર્દેશ કર્યો છે. એવું બીજું પણ ભગવાને બતાવેલું અનુષ્ઠાન સમજી લેવું.

તે અને શેષ = તપ અને અવશિષ્ટ અનુષ્ઠાન એ બંનેનું સમ્યક્પાલન, જેમાં જરા પણ વીર્ય ગોપવ્યું ન હોય, વિધિ વગેરે પ્રત્યે બહુમાન હોય એવું આચરણ જ તીર્થ છે. તારે તે તીર્થ એવું આચરણ જ સંસારસાગરથી તારનારું છે. શેષના અનાદર ઉપેક્ષાથી તો ખૂબ ઉગ્ર તપ પણ સંસારસાગરથી પાર ઉતારવા સમર્થ નથી એવો આશય છે. ॥૩૧॥

ननु चोदनादेरपि मर्यादा भवति, अनुशासकधृतेश्च, किञ्चात्मसाक्षिको धर्म इति कियन्तं कालं यावदेवं शैक्षानुशासनं कर्तव्यमिति चेत् ? अत्राह–

**यावदुद्वेजते दुःखान्निर्वाणं चाभिमन्यते।**

**तावन्मोहसुखारूढाः[1] स्वयं यास्यन्त्यतः परम्।।३२।।**

यावद् दुःखादुद्वेजते, निर्वाणं चाभिमन्यते, तावन्मोहसुखारूढाः, अतः परं स्वयं यास्यन्ति - इत्यन्वयः।

**यावत्** - आवक्ष्यमाणावस्थाविशेषविशिष्टकालं, मनो **दुःखात्** - शारीरमानसक्लेशात्, **उद्वेजते** - निर्विण्णो भवति, निर्वात्यात्माऽत्रेति

પ્ર. :- તમે બતાવેલ સંપૂર્ણ અનુશાસનવિધિ અમે સમજી ગયાં. પણ પ્રેરણા વગેરે કરવાની પણ એક મર્યાદા હોય છે. અનુશાસકની ધીરજની પણ સીમા આવી જતી હોય છે. વળી આમ ધક્કાગાડી ક્યાં સુધી ચલાવે રાખવાની ? આખરે ધર્મ પણ આત્મસાક્ષિક હોય છે. માટે ક્યાં સુધી આ રીતે શિષ્યનું અનુશાસન કરે રાખવું ?

ઉ. :- દિવાકરજી આ બત્રીસીનો ઉપસંહાર કરતાં તમારા જ પ્રશ્નનો ઉત્તર આપી રહ્યા છે. સાંભળો –

**જ્યાં સુધી દુઃખથી ઉદ્વિગ્ન થાય, નિર્વાણને માને, ત્યાં સુધી મોહસુખ આરુઢ હોય છે. તેના પછી સ્વયં જશે. ॥૩૨॥**

હવે જે અવસ્થાવિશેષ કહેવાઈ રહી છે તે અવસ્થાવાળા કાળ સુધી અનુશાસન કરવું પડશે. એ અવસ્થા જ સમજી લો - જ્યારે મન શારીરિક અને માનસિક દુઃખોથી ઉદ્વેગ પામે - સંપૂર્ણપણે નિર્વિણ્ણ થઈ જાય અને જ્યાં આત્મા પરમસુખ પામે છે એ નિર્વાણ-મોક્ષપદને ઝંખે = માત્ર મોક્ષમાં જ ઉપાદેય બુદ્ધિ થવાથી સંવેગ પ્રકર્ષથી સહજ અભિલાષથી સ્વયં તેને મેળવવા ઉત્સુક બને.

१. ग - मुखी रूढः।



**निर्वाणम्** - मुक्तिपदम्, तं **चाभिमन्यते** - **अभि**विधिना तदेकोपादेयबुद्धिलक्षणेन संवेगप्रकर्षेण **मन्य**ते श्रद्धत्ते[1], **तावत्** - अनन्तरनिर्दिष्टावस्थाकालपूर्वसमयावधि, ते शैक्षप्रभृतयो **मोहः** - अज्ञानसन्तमसम्, तज्जन्यं **सुखम्** - परमार्थतो दुःखमपि सुखबुद्धिगृहीतं यत्किञ्चित्, **तदारूढाः** - विवेकविकलतया तदेकाध्यवसितास्तदेव प्रपन्नास्तदेकोपादेयबुद्धय इति यावत्, भवन्तीति शेषः। तदाह -

जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतम्।

वीक्षमाणा अपि भवं, नोद्विजन्तेऽतिमोहतः।।

कुकृत्यं कृत्यमाभाति, कृत्यं चाकृत्यवत्सदा।

दुःखे सुखधियाकृष्टाः, कच्छूकण्डूयनादिवत्।।

આ અવસ્થાવાળા કાળના પૂર્વ સમય સુધી તે શિષ્યો વગેરે અજ્ઞાનરૂપી અંધકારથી થતા = મોહજનિત સુખમાં રાચે છે. હકીકતમાં દુઃખ હોવા છતાં પણ જે તે વસ્તુમાં સુખની બુદ્ધિ થવાથી તે તેમને સુખરૂપ લાગે છે. તેઓ વિવેક ગુમાવીને તે જ વસ્તુનો વિચાર કરે છે. તેને જ જાણે શરણાગત થઈ જાય છે. તે જ વસ્તુ તેમની મતિમાં ઉપાદેય તરીકે ભાસે છે.

યોગદષ્ટિસમુચ્ચયમાં આ પરિસ્થિતિનું આબેહૂબ વર્ણન કર્યું છે – જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ,શોક વગેરેથી ઉપદ્રુત = ઉપદ્રવોથી યુક્ત એવા સંસારને જોવા છતાં પણ તે જીવો અત્યંત મોહને કારણે ઉદ્વેગ પામતા નથી. તેમને હંમેશા અકાર્ય કાર્ય લાગે છે. અને કાર્ય અકાર્ય જેવું લાગે છે. જેમ ખરજવાનો દર્દી ખંજવાળના દુઃખને મતિમોહથી સુખ માને છે, તેમ તે જીવો સુખની બુદ્ધિથી દુઃખ તરફ આકર્ષાય છે.

જેમ તે ખરજવાના દર્દીઓને ખંજવાળ મટી જાય એવું મન

१. सद्धा निओऽभिलासो पराणुरोहाभिओगपरिमुक्को।। चैत्यवन्दनमहाभाष्यम्।।४१७।।

यथा कण्डूयनेष्वेषां, धीर्न कच्छूनिवर्तने।
भोगाङ्गेषु तथैतेषां, न तदिच्छापरिक्षये।।
बडिशामिषवत्तुच्छे, कुसुखे दारुणोदये।
सक्तास्त्यजन्ति सच्चेष्टां, धिगहो दारुणं तमः।।

इति[1]। भवाभिनन्दिविषयत्वेन विषमोदाहरणमिति चेत् ? सत्यम्,

नथी થતું. ખંજવાળ આવતી રહે તે ખંજવાળતા રહે એવી જ ઈચ્છા થાય છે. તેમ ઈષ્ટ કામભોગોની તૃષ્ણાથી - મને આ મળે - આ મળે અને તેને ભોગવું આવી વૃત્તિથી દુઃખી થાય છે. પણ - મારી ભોગતૃષ્ણા જ જતી રહે, આ વૃત્તિ આવતી નથી.

તેમને જે થોડું સુખ મળે છે એ પણ તુચ્છ છે. તેનું પરિણામ ભયંકર છે. જેમ કે માછલીને લલચાવવા યંત્રમાં માંસનો ટુકડો નાખવામાં આવે છે. એ નાનકડા ટુકડાના ભોગના બદલામાં, માછલીનું તાળવું વીંધાઈ જાય છે. પાણીની બહારની તરફડીને મરી જાય છે. અથવા તો હજી જીવતી હોય ત્યારે જ સોયામાં પરોવવા, છેદન-ભેદન વગેરે ભયંકર દુઃખો પામે છે. ભોગસુખ પણ તેના જેવું જ છે. આમ છતાં તેમાં આસક્ત અજ્ઞાની જીવો સદાચારને છોડી દે છે. ખરેખર, અજ્ઞાન એ ભયંકર અંધકાર છે.

જ્યારે આ દશા જતી રહેશે, સંવેગ-નિર્વેદની પ્રાપ્તિ થશે, ત્યારે બીજાની પ્રેરણા, વગેરેની જરૂર નહી પડે, તેઓ પોતે જ મુક્તિમાર્ગે ગમન કરશે.

પ્ર. :- તમે જે વર્ણન કર્યું એ તો ભવાભિનંદી જીવો છે. સંયમી આત્મામાં એવા દોષો કેવી રીતે હોય ?

ઉ. :- તમારી વાત સાચી છે. પણ યથાશક્તિ આરાધનામાં પણ

१. योगदृष्टिसमुच्चये।।७९, ८०, ८१, ८४।।



किन्तु वीर्यनिगूहनप्रयोजकत्वेनात्रापि कुसुखेच्छाऽज्ञानादेरवश्यमभ्युपगमनीयत्वाददोषः, मोहसुखारूढा इति प्रकटमेव निर्दिष्टत्वाच्च। **अतः परम्**- उक्तनिर्वेदसंवेगप्राप्तेः पश्चात्, **स्वयम्** - पराभियोगाद्यन्तरेणैव **यास्यन्ति** - मुक्तिमार्गे गमनं करिष्यन्ति। सर्वस्यापि मुक्तिप्रयासस्य संवेग - निर्वेदमूलत्वात्तत्प्रकर्षे चोदनाद्यपेक्षाविरहात्, भ्रमिसंस्कारप्रकर्षे चक्रस्य दण्डापेक्षाविरहवदिति तात्पर्यम्। मिथ्याऽस्तु दुःसन्दृब्धं मम।

इति श्रीपालनपुरमण्डनपल्लवियापार्श्वनाथसान्निध्ये
श्रीश्यामलमहावीरस्वामिप्रसादात् श्रीसद्गुरुकृपया
वेदरसाम्बरनयनेऽब्दे (वि.सं. २०६४)
तपागच्छीयाचार्यदेवश्रीमद्विजयप्रेम-भुवनभानु-

બાધક જે પ્રમાદ છે, એમાં તુચ્છ સુખની લાલસા, આંશિક અજ્ઞાનાદિ દોષો જ કારણભૂત છે. જેને અનુલક્ષીને આ ઉપદેશ ઉચિત જ છે. માટે દિવાકરજીએ પણ 'મોહસુખારૂઢ' આવો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

મોક્ષ માટે જે સાધના કરાય છે. એ બધી સાધનાનું મૂળ છે સંવેગ અને નિર્વેદ. માટે એ ગુણો પ્રકૃષ્ટ કક્ષાએ પહોંચે ત્યારે પ્રેરણા વગેરેની અપેક્ષા રહેતી નથી. - જેમ કે ચક્રમાં પ્રકૃષ્ટ સ્થિતિમાં ભ્રમણના સંસ્કાર હોય, પૂરપાટ વેગે ફરી રહ્યું હોય, ત્યારે લાકડીથી તેને ફરાવવાની જરુર રહેતી નથી. એવું અહીં તાત્પર્ય છે. અહીં મે જે દુષ્ટનિરૂપણ કર્યુ હોય, તે મિથ્યા થાઓ.

ઈતિ શ્રીપાલનપુરમંડનપલ્લવિયાપાર્શ્વનાથના સાન્નિધ્યમાં
શ્રી શામળા મહાવીરસ્વામિના પ્રસાદથી
શ્રીસદ્ગુરુની કૃપાથી
તપાગચ્છીય સિદ્ધાન્તમહોદધિ સુવિશાલગચ્છનિર્માતા
આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા
ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ શ્રીભુવનભાનુસૂરીશ્વરજી

पद्म - हेमचन्द्रसूरीश्वरशिष्य-
पंन्यासकल्याणबोधिविजयगणिगुणिता
शिक्षोपनिषद् ।

સમતાસાગર પંન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજીગણિવર્ય
વૈરાગ્યદેશનાદક્ષ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી-શિષ્ય
પંન્યાસ શ્રીકલ્યાણબોધિવિજયગણિગુણિતા
શિક્ષોપનિષદ્

પૂર્વાભ્યાસથી પ્રમાદ સ્ખલના કોની નથી થતી ?
પણ જે તેનું સમ્યક્ નિવારણ કરે છે તેનું ગુરુપણું સફળ છે.
જે પહેલા ઉત્સાહથી પ્રવ્રજ્યા આપે છે, પછી સૂત્રવિધિથી તેમનું અનુપાલન કરતો નથી,
તે પ્રવચન-પ્રત્યનીક છે.
– આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજા



**• પરિશિષ્ટ •**

પ્રસ્તુત કૃતિના સંશોધક તાર્કિક શિરોમણિ બહુશ્રુતપ્રવર શાસનપ્રભાવક પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય **અભયશેખરસૂરીશ્વરજી** મહારાજાસૂચિત વિશિષ્ટ અર્થઘટનો તથા સ્પષ્ટીકરણો –

- પૃષ્ઠ-૨૦, શ્લોક-૩ :- પવનથી અગ્નિની જેમ રાગાદિ સર્વ જીવોને સમાન રીતે પ્રકોપ-ઉપશમવાળા હોય છે. કારણ કે બધાને વિષયો મળ્યા છે. બધાને ઈન્દ્રિયો મળી છે. તેથી અનુશાસન બધા માટે હોય છે. આ ચાલના (પૂર્વપક્ષ) થઈ. ચોથો શ્લોક પ્રત્યવસ્થાન (ઉત્તરપક્ષ) છે.
- પૃષ્ઠ-૨૮, પંક્તિ-૯ :- જેમ સમ્યક્ત્વ નિસર્ગથી અને અધિગમથી એમ બંને પ્રકારે થાય છે. તેમાં વાસ્તવમાં તો બંનેમાં ક્ષયોપશમ જ કારણ હોય છે, પણ પ્રાધાન્યથી વિવક્ષા કરાય છે. તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.
- પૃષ્ઠ-૨૯, પંક્તિ-૫ :- ભાવના = અભ્યાસ. સૂત્રાર્થ અવધારણા વગેરેમાં અભ્યાસ દ્વારા કેટલાક કુશળ બને. કેટલાક એ વગર જ પ્રતિપત્તિમાત્રથી.
- પૃષ્ઠ-૩૧, શ્લોક-૯ :- **અવતરણિકા** - શૈક્ષોના પ્રકાર કહ્યા. શું આ બધા શૈક્ષોને સમાન આચારનો ઉપદેશ દેવો જોઈએ ? એવી શંકાનું સમાધાન કરવા કહે છે - **ગાથાર્થ** - વિવિધ શૈક્ષ એ **કર્તા** છે. દેશાદિ જોઈને ગુરુ જે નિર્ણય કરે છે, કે આને ક્યાં ક્ષેત્રમાં આગળ વધારવો ? અથવા ક્યા દોષથી વારવો, વગેરે... એ **પ્રયોજન**. આ બંનેને નજરમાં લઈને ગુરુ એને તે તે આચારમાં જોડે છે. ચિકિત્સાની જેમ.
  ચિકિત્સા હોતી નથી, પણ કરવાની હોય છે. એમ પ્રસ્તુતમાં આચાર કેવો છે, એની અપેક્ષા નથી. પણ ક્યો આચાર ઉપદેશવાનો છે, એની વાત છે.

- પૃષ્ઠ-૩૨, પંક્તિ-૫ :- એકનો એક અર્થ (ઔષધ-પ્રક્રિયા વગેરે) કોઈ રોગની ચિકિત્સામાં અનુકૂળ હોય, અન્ય રોગમાં પ્રતિકૂળ હોય. એમ એકનો એક આચાર કોઈક શૈક્ષના અમુક પ્રયોજન માટે અનુકૂળ હોય, અન્ય માટે પ્રતિકૂળ હોય. જેમ કે વૃદ્ધ શૈક્ષ માટે વિકૃષ્ટ તપ અનુકૂળ, બાળ શૈક્ષ માટે વિકૃષ્ટ તપ પ્રતિકૂળ. જેને જે અનુકૂળ હોય એને એનું વિધાન કરાય અને પ્રતિકૂળનો નિષેધ કરાય.
- પૃષ્ઠ-૩૫, પંક્તિ-૧ :- 'શરીર અને મનની ગુણ-દોષમાં તુલ્ય પ્રવૃત્તિ થાય છે' એમ માનીએ તો નિવૃત્તિ પણ તુલ્ય માનવાની રહે, તેથી માત્ર શરીરના દોષ ટળવા પર મનના પણ ટળી જશે. પછી ઉભયોપાયની જરૂર નહી રહે. એટલે અર્થ માત્ર આટલો જ લેવો, કે જેમ શરીરની ગુણ-દોષમાં પ્રવૃત્તિ થાય છે, તેમ મનની પણ થાય છે. માટે મનની ચિકિત્સા પણ જરૂરી હોય છે. તેથી ઉભયના ઉપાયની વિશિષ્ટતા જરૂરી છે.
- પૃષ્ઠ-૩૭, શ્લોક-૮ :- સાતમા શ્લોકના શરીર-મન પદની અહીં અનુવૃત્તિ લઈ સુવિધિ-જ્ઞાનયંત્ર - આ તેનું વિશેષણ બનાવવું. સારી વિધિ (ક્રિયા) અને સારુ જ્ઞાન આ બે યથાક્રમ યન્ત્ર = નિયંત્રણ છે જેના એવા શરીર-મનની ચિકિત્સા અનેક પ્રકારની હોય છે. છન્ન (ગુપ્ત) અને પ્રકાશ(જાહેર)નો ક્રમ બદલીને - શરીરની ચિકિત્સા જાહેરમાં થઈ શકે, મનની ચિકિત્સા ગુપ્ત થઈ શકે - આવો અર્થ કરી શકાય.
- પૃષ્ઠ-૩૯, શ્લોક-૯ :- શરીરના નિયંત્રણથી (ક્રિયાથી - સુવિધિથી) જીતાયેલા દોષો ફરીથી જાગૃત થવામાં અભ્યાસ (સંસ્કાર) કારણ છે જેનું એવા છે. અર્થાત્ મંડૂક ચૂર્ણ જેવા છે. જેમ મંડૂક ચૂર્ણમાંથી દેડકાની ફરી ઉત્પત્તિ થઈ શકે છે, તેમ ક્રિયાથી જે દોષો દૂર થાય તેની ફરી ઉત્પત્તિ થઈ શકે છે. જ્યારે પ્રસંખ્યાન = જ્ઞાનથી જીતાયેલા દોષો અવિચ્છિન્ન સમાધિના કારણ બને છે. જેમ મંડૂકચૂર્ણને ભસ્મીભૂત કર્યા પછી તેમાંથી ફરી દેડકાની ઉત્પત્તિ થઈ શકતી નથી, તેમ જ્ઞાન દ્વારા દોષક્ષય થાય, પછી દોષોની ઉત્પત્તિ થઈ શકતી નથી.



- પૃષ્ઠ-૪૨, શ્લોક-૧૦ :- જેમ વાત વગેરે રોગપ્રકારોમાં સંયોગને અપેક્ષીને અપાન-ઉદાન વાયુ વગેરે નિર્દેશ કરીને (પછી તદનુસાર ચિકિત્સા થાય છે) એમ (રાગાદિજન્ય પ્રવૃત્તિઓમાં) પુનઃ પુનઃ કરણરૂપ ભાવનાના અને (એ પ્રવૃત્તિ કરવાની લાગણીરૂપ) આદરની માત્રાના સંયોગથી = સંબંધથી (પૂર્વ) જન્મોમાં રાગાદિ કેવા વધાર્યા છે, એનો નિશ્ચય કરી તદનુસાર ચિકિત્સા કરવી.
- પૃષ્ઠ-૫૦, શ્લોક-૧૨ :- પહેલા સારણા, છતાં પ્રમાદ ન છૂટે તો આદેશ = આજ્ઞા કરે, તો પણ કામ ન થાય તો આક્ષેપ = તિરસ્કાર-ભર્ત્સના કરે. એ પછી પ્રાયશ્ચિત = દંડ કરે અને તો પણ ન સુધરે તો અનુપક્રમ = ઉપક્રમનો અભાવ. સૂત્ર-અર્થનો ઉપક્રમ નહી કરું એવો ભય બતાડવો. છંદોભંગ ન થાય એટલા માટે શ્લોકમાં આદેશનો ઉલ્લેખ પ્રથમ છે. યથારસ એટલે જેવો રસ = રુચિ = યોગ્યતા હોય એ મુજબ. એ ન હોય તો આક્ષેપ વગેરે ન કરી શકાય - ઉપેક્ષા સેવવી પડે.
- પૃષ્ઠ-૬૫, શ્લોક-૧૫ :- આસેવન = પરીષહોનું આસેવન = પરીષહો પર વિજય. પરિહાર = પરીષહોથી ભાગવું = પરીષહોથી પરાજય પામવું. આસેવન અને પરીહારના સમ્યગ્જ્ઞાનથી શાંતિ = નિર્ભયતા થઈ છે જેથી એવા પરીષહો શરીર અને મનની કેળવણીના નિમિત્ત છે, અને એ માટે અજોડ સામર્થ્યવાળા છે.
- પૃષ્ઠ-૭૮, શ્લોક-૧૯ :- કષ્ટોપાર્જન કરતાં ભિન્ન એવી કૃપણતાને - બિચારાપણાને પામે છે, અર્થાત્ સાધનાભાવે કષ્ટ પડે અને જીવ એ કષ્ટને ઉઠાવવાનું સત્ત્વ કેળવે, સાધન વગર પણ

ચલાવતા શીખે. આવું બધુ કષ્ટોપાર્જનનું પ્રયોજન સિદ્ધ થવાના બદલે એનાથી અલગ એવું બિચારાપણું જ આવી જાય છે.

- પૃષ્ઠ-૮૦, શ્લોક-૨૦ :- અવતરણિકા - કષ્ટદાયક ઉપાય શીઘ્ર ફળપ્રદ અને અધિક ફળપ્રદ હોવાથી ગુરુને અજમાવવાનું મન થાય. પણ શૈક્ષ કષ્ટભીરુ હોય, તો એ સરળ ઉપાયને જ ચાહતો હોય છે. પછી ભલે એ સરળ ઉપાય વિલંબે ફળપ્રદ અને અલ્પ ફળપ્રદ હોય. અને છતાં ગુરુ કષ્ટદાયક ઉપાય અજમાવે તો કષ્ટભીરુ મુમુક્ષુને એમાં કષ્ટપ્રદતા દેખાવાથી ભય લાગે છે. તેથી તે શીઘ્ર અધિક ફળપ્રદતાને એ જોઈ શકતો નથી. ને તેથી એ ભાંગી પડે છે.
- પૃષ્ઠ-૯૫, પંક્તિ-૨ :- વિષયોમાં મોહકતા એ અર્વાગ્દર્શન છે, મારકતા એ પાશ્ચાત્યદર્શન છે. વિરાગી આત્માને આવું પાશ્ચાત્યદર્શન થાય છે.
- પૃષ્ઠ-૧૦૮, શ્લોક-૨૮ :- અવતરણિકા - શિષ્ય ગુરુને પ્રસન્ન કરે, એમાં પ્રસન્ન કરે = ખુશ કરે = એમના દિલમાં પ્રીતિ નિર્માણ કરે એવો અર્થ છે. અહીં ગુરુ શિષ્યને પ્રસન્ન કરે, તેમાં ગુરુ શિષ્યના મનમાં અસદ્ભાવ, દ્વેષ, રોષાદિનું જે ડહોળામણ થયું હોય, તે દૂર કરે. પાણીની પ્રસન્નતા પણ આવા અર્થમાં આવે છે. પાણી ડહોળાયેલું ન હોય એટલે પ્રસન્ન કહેવાય છે. ટૂંકમાં પ્રસ્તુતમાં પ્રસન્ન = ઉપશાન્ત. માટે જ ૨૮મા શ્લોકમાં 'અપ્રશાન્તમતૌ' - ઈત્યાદિ કહ્યું છે.
- પૃષ્ઠ-૧૧૧, શ્લોક-૨૯ :- આમ તો 'યસ્ય'થી જેને પકડવો છે, તેનું જ 'સઃ' પરામર્શ કરતો હોવો જોઈએ, પણ અર્થ બેસતો નથી. માટે 'તેન' અધ્યાહારથી લઈ આવો અન્વય કરી શકાય. - स यस्य प्रतिरूपार्पितं यत्तपोऽनासेवितं सेवितं वा (तेन) तत्



शेषानुपरोधेन साधयेत्। અથવા ०शेषानुपरोधेन प्रतिरूपार्पितं साधयेत् એમ લઈ શકાય.

- પૃષ્ઠ-૧૨૧, પંક્તિ-૮ :- दुःखयतीति दुःखः - संसारः, तस्मात्। સંસારથી ઉદ્વેગ પામે = ભવનિર્વેદ પામે.

